દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 256 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 October 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૮ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બાંદ્રા ટર્મિનસમાં ટ્રેન પકડવા જતા પ્રવાસીઓમાં નાસભાગઃ ૧૦ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તહેવારોને ટાણે માદરેવતન જનારા પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ ધસારા વચ્ચે રવિવારે વહેલી પરોઢિયે બાંદ્રા ટર્મિનસ ખાતે ટ્રેન પકડવાના ચક્કરમાં નાસભાગ થઈ હતી, જેમાં ૧૦ પ્રવાસીને ઈજા પહોંચવાના અહેવાલથી રેલવે પ્રશાસન હરકતમાં આવી ગયું હતું.

પશ્ચિમ રેલવેના બાંદ્રા ટર્મિનસ ખાતે ગોરખપુરની ટ્રેન પકડવા જતી વખતે અમુક પ્રવાસીઓ ગંભીર રીતે ઘવાયા પછી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, આ બનાવમાં નવ લોકોને ઈજા પહોંચી હોવાનું મુંબઈ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના અધિકારીએ જણાવ્યું હતું. એની સામે રેલવેના અધિકારીએ આ હોનારતમાં ફક્ત બે જણ ઘાયલ થયા હોવાનો દાવો કર્યો હતો.

દિવાળી અને છઠપૂજાને કારણે પોતાના વતન જનારા લોકોની સંખ્યામાં ધસારો જોવા મળ્યો હતો. બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર એક ખાતે બાંદ્રા-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસ ટ્રેન આવી ત્યારે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ટ્રેન પકડવા જતા અચાનક નાસભાગ અને ધક્કામુક્કીને કારણે અનેક પ્રવાસીઓ ઘવાયા હોઈ શકે છે. જોકે, આ મુદ્દે પશ્ચિમ રેલવેના અધિકારીએ

બનાવ અંગે કહ્યું હતું કે બાંદ્રા ટર્મિનસના યાર્ડમાંથી ટ્રેન રાતના ૨.૪૫ વાગ્યાના સુમારે એક નંબરના પ્લેટફોર્મ ઉપર ધીમી ગતિએ આવી રહી હતી ત્યારે ચાલતી ટ્રેન પકડવા માટે લોકો દોડી ગયા હતા. આ બનાવમાં બે પ્રવાસી પ્લેટફોર્મ પર પડતા ઈજા પહોંચી હતી.

આ બનાવ પછી પ્લેટફોર્મ પર આરપીએફ, જીઆરપી અને હોમ ગાર્ડના હાજર જવાનોએ ઇજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયા હતા. ભાભા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા પછી પીડિતની ઓળખ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં નવ જણને દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં દાખલ કરેલા શબીર અબ્દુલ રહેમાન (૪૦), પરમેશ્વર ગુપ્તા (૨૮), રવિન્દ્ર ચુમા (૩૦), રામસેવક પ્રસાદ પ્રજાપતિ (૨૯), સંજય તિલકરામ (૨૭), દિવ્યાંશુ યાદવ (૧૮), મહોમ્મદ શેખ (૨૫), ઈન્દ્રજિત સહાની (૧૯), નૂર મહોમ્મદ શેખ (૧૮) તરીકે ઓળખ કરવામાં આવી હતી. નવમાંથી બે જણની હાલત ગંભીર છે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

આ બનાવના વીડિયો સવારથી વિવિધ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા પછી રેલવે પ્રશાસન હરકતમાં આવી ગયું હતું. મુંબઈના બાંદ્રા ટર્મિનસ સિવાય ઉધના રેલવે સ્ટેશને પણ હજારોની સંખ્યામાં માનવમહેરાણ ઊમટ્યાનો વીડિયો વાઈરલ થયા પછી તહેવારો ટાણે ટ્રેનની વ્યવસ્થા નહીં હોવા મુદ્દે લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારે અમુક લોકોએ રેલવેની ઝાટકણી કાઢી હતી.

મહારાષ્ટ્રમાં ચૂંટણી ટાણે બાંદ્રા ટર્મિનસના બનાવની રાજકીય પ્રતિક્રિયા પણ આવી હતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના પૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે અને સાંસદ સંજય રાઉતે રેલવે પ્રશાસનની ટીકા કરી હતી.

દિવાળી અને છઠપૂજાને કારણે પશ્ચિમ રેલવેએ ઉત્તર પ્રદેશ અને બિહારમાં ૧૩૦ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું જાહેર કર્યું છે. જ્યારે પ્રવાસીઓને ખાસ કરીને ચાલતી ટ્રેન નહીં પકડવાનો અનુરોધ કરવામાં આવે છે. પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા, વલસાડ, ઉધના સહિત અન્ય સ્ટેશન મળીને કુલ ૨,૩૦૦ ટ્રિપ દોડાવામાં આવી રહી છે. રેલવે પ્રશાસન દ્વારા મોટા મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવમાં ટ્રેનોમાં ઉચ્ચ અધિકારીઓ ટ્રાવેલ કરે તો વાસ્તવિકતા ખબર પડે, એમ રેલવે પ્રવાસી સંગઠને જણાવ્યું હતું.

તહેવારોને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા સુરક્ષા માટે મોટી સંખ્યામાં જવાનોને તહેનાત રાખવાની સાથે રેલવે સ્ટેશનના પરિસરમાં મર્યાદિત પ્રવાસીઓની અવરજવર રહે તેના માટે મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેના મહત્ત્વના ટર્મિનસ (લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેન) પરથી પ્લેટફોર્મની ટિકિટ વિતરણ હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યું હતું. ■

## દેશને 'એનિમેશન પાવરહાઉસ' બનાવીશુંઃ વડા પ્રધાન મોદી

### તહેવારોમાં સ્વદેશી, સ્થાનિક માલસામાન ખરીદવા અનુરોધ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પોતાના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં જનતાને સાયબર ક્રાઇમ સામે જાગૃત કરવા પર ભાર આપતા જણાવ્યું હતું કે દેશ 'એનિમેશન પાવરહાઉસ' બનવા ઝડપથી આગળ વધી રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ડિજિટલ ક્રાઇમ સામે સામાન્ય લોકોમાં જાગૃતિ લાવીને તેઓને છેતરપિંડીથી બચાવવા જોઇએ. જનતાએ જરૂર પડે તો રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઇન નંબર '૧૯૩૦' પર ફોન કરીને અથવા તેના પોર્ટલ પર જઇને તેમ જ પોલીસને સંબંધિત જાણકારી આપીને સાયબર ક્રાઇમ સામે

લડત આપવી જોઇએ.

મોદીએ દાવો કર્યો હતો કે એનિમેશન વિશ્વમાં 'મેડ ઇન ઇન્ડિયા' અને 'મેડ બાય ઇન્ડિયા'ની બોલબાલા વધી છે. વિદેશી કંપનીઓ પણ એનિમેશનનું કામ ભારતીયોને સોંપી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતના એનિમેશન પાત્રો જેવા કે છોટા ભીમ, કૃષ્ણ, હનુમાન વિશ્વભરમાં લોકપ્રિય થઇ રહ્યા છે. 'ઢોલકપુર કા ઢોલ' જેવા ભારતીય કાર્યક્રમોમાં વિદેશીઓને પણ રસ પડી રહ્યો છે. દેશમાં એનિમેશન ક્ષેત્રે ક્રાંતિ આવી છે. સિનેમાના પડદાથી લઇને સ્માર્ટ ફોન સુધી આ ક્રાંતિ જોવા મળે છે. ભારતમાં એનિમેશન ક્ષેત્રે મોટી પ્રતિભા રહેલી છે. આ ઉપરાંત, સ્પાઇડર-મેનથી લઇને ટ્રાન્સફોર્મર્સ જેવા વિદેશી એનિમેટેડ પ્રોગ્રામમાં ભારતીયોની મદદ લેવાઇ રહી છે. ડિઝની અને વોર્નર બ્રધર્સ જેવી પ્રોડક્શન કંપનીઓ પણ ભારતીય એનિમેશન સ્ટુડિયોની સાથે કામ કરી રહી છે.

'વિશ્વ એનિમેશન દિવસ'ની ઉજવણી ૨૮ ઑક્ટોબરે કરાય છે.


વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારત સંરક્ષણ ક્ષેત્રે પણ સ્વાવલંબી બની ગયું છે અને ૮૫થી વધુ દેશને સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરે છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારત મોબાઇલ ફોનના વિશ્વમાંના સૌથી મોટા ઉત્પાદકોમાંનું બીજું રાષ્ટ્ર બની ગયું છે. લદાખમાં એશિયાનું સૌથી મોટું દૂરબીન 'ઇમેજિંગ ટેલિસ્કોપ એમએસીઇ'નું ચાલુ મહિને ઉદ્ઘાટન કરાયું હતું.

તેમણે તહેવારોની મોસમમાં સ્થાનિક વેપારીઓ, દુકાનદારો, ઉત્પાદકો પાસેથી જ સ્વદેશી ચીજો ખરીદી કરવા અનુરોધ કર્યો હતો.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૩૧ ઑક્ટોબરથી અને ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી ૧૫ નવેમ્બરથી ઊજવવાનું શરૂ કરશે.

તેમણે જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઇ પટેલની ૩૧ ઑક્ટોબરની જન્મ જયંતી દિવાળીને દિવસે હોવાથી ૨૯ ઑક્ટોબરે 'રન ફોર યુનિટી' યોજાશે. (એજન્સી) ■



**હુમલોઃ** ઈઝરાયલે લેબેનોનના બૈરુતના દક્ષિણમાંના પરા દહિયેહ ખાતે કરેલા હવાઈ-હુમલા બાદ વેરાયેલો વિનાશ. (એપી /પીટીઆઇ)

## વડોદરામાં આજે ભારત અને સ્પેનના વડા પ્રધાન ટાટા એરબસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે સોમવારે વડોદરા ખાતે ભારતના વડા પ્રધાન મોદી અને સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાન્ચેઝ વડોદરાની મુલાકાતે આવી રહ્યાં છે. બંને મહાનુભાવોની સુરક્ષા માટે શહેરમાં જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેઓ આજે ભારતના પ્રથમ એરક્રાફ્ટ સી-૨૯૫ ફાઈનલ એસેમ્બલી લાઈનનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને વિદેશ પ્રધાન એસ જયશંકર પણ ઉપસ્થિત રહેશે. બંને મહાનુભાવોની મુલાકાતને પગલે વડોદરા શહેરને શણગારી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા એરપોર્ટથી કુડીયાનગર પાસે સ્થિત ટાટા એડવાન્સ સિસ્ટમ એરક્રાફ્ટ કોમ્પલેક્સ સુધીના ત્રણ કિ.મીના રૂટમાં બંને દેશના વડા પ્રધાન ખુલ્લા જીપમાં બેસીને રોડ શો કરશે. આ રોડ શો દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અને વડોદરાના નગરજનો બંને મહાનુભાવોનું સ્વાગત કરશે. વડા પ્રધાન મોદી આજે સવારે ૯.૪૫ વાગ્યે વડોદરા એરપોર્ટ પહોંચશે. ત્યારબાદ સ્પેનના વડા પ્રધાન હોટેલથી એરપોર્ટ સર્કલ ખાતે પહોંચશે. ત્યાંથી બંને મહાનુભાવો ખુલ્લી જીપમાં બેસીને રોડ શો કરશે. ત્યાર બાદ તેઓ ટાટા એડવાન્સ સિસ્ટમ એરક્રાફ્ટ કોમ્પ્લેક્સ ખાતે પહોંચશે.

વડોદરામાં ટાટા એડવાન્સ સિસ્ટમ ખાતે પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત ત્યાં કેન્દ્રીય સુરક્ષા એજન્સી એસપીજીનો કાફલો પણ તહેનાત છે. બંને મહાનુભાવો લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત કરવાના હોવાથી ત્યાં બહાર પણ પોલીસ કર્મીઓ ખડેપગે ફરજ પર છે. લક્ષ્મી વિલાસ પેલેસને મુલાકાતીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. વડોદરા ટ્રાફિક ડીસીપી જ્યોતિ પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં જરૂરિયાત મુજબ જે રોડ પરથી બંને દેશના વડા પ્રધાન પસાર થશે તે રસ્તા પર ડાયવર્ઝન આપવામાં આવ્યા છે.■

## બાંગ્લાદેશમાં હિન્દુઓનો બહિષ્કાર! નોકરી છોડવા મળી રહી છે ધમકીઓ




**ભાજપનું સભ્યપદઃ** કોલકાતામાં ભાજપના સભ્યપદની ઝુંબેશ વખતે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના નેતાઓ - મિથુન ચક્રવર્તી તેમ જ સુવેન્દુ અધિકારી. (પીટીઆઇ)

ઢાકાઃ બાંગ્લાદેશમાં વિદ્યાર્થી આંદોલન બાદ દેશભરમાં ફાટી નીકળેલી હિંસા દરમિયાન હિંદુ સમુદાયના લોકો પર હુમલાની ઘટનાઓ બની હતી.

શેખ હસીનાના રાજીનામા અને વચગાળાની સરકાર રચાયા બાદ સીધા હુમલા ભલે ઓછા થયા હોય, પરંતુ બાંગ્લાદેશમાં હિંદુઓની મુશ્કેલીઓમાં ઘટાડો થયો નથી. બગડતા રાજકીય વાતાવરણમાં હિંદુઓ ભેદભાવ અને ધમકીઓનો સામનો કરી રહ્યા છે.

અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં હિંદુઓ માત્ર ભેદભાવનો જ નહીં પરંતુ શારીરિક હિંસાથી માંડીને સામાજિક બહિષ્કાર સુધીની ધમકીઓનો પણ સામનો કરી રહ્યા છે. આ સાથે તેમને બદનામ કરવા માટે વિવિધ પ્રકારના અભિયાનો ચલાવવામાં આવી રહ્યાં છે.

શેખ હસીનાની હકાલપટ્ટી બાદ પાંચમી ઓગસ્ટના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળ વચગાળાની સરકારે સત્તા સંભાળી.

આ પછી પણ દેશમાં કટ્ટરવાદી જૂથો દ્વારા ધાર્મિક લઘુમતીઓ સામે હિંસા અને ભેદભાવની ઘટનાઓ બની છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચિત્તાગોંગ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર રોન્ટુ દાસને કથિત રીતે રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. આ સિવાય તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી.

બાંગ્લાદેશમાં આ ભેદભાવ શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત પોલીસ તંત્રમાં સામેલ હિન્દુઓમાં પણ થઇ રહ્યું છે. તાજેતરમાં, શારદા પોલીસ એકેડમીમાં તેમની તાલીમ પૂર્ણ કરનાર ૨૫૨ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરોને અનુશાસનહીનતા અને અનિયમિતતાના આરોપસર બરતરફ કરવામાં આવ્યા છે. ૨૫૨ સબ-ઇન્સ્પેક્ટરમાંથી ૯૧ હિંદુ કર્મચારીઓ હતા. આ તમામની નિમણૂક પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી.

હિન્દુ સમુદાયના લોકો દાવો કરી રહ્યો છે કે બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ દુશ્મનાવટનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. જેના કારણે હિંદુઓ તેમની નોકરી અને અન્ય તકો ગુમાવી રહ્યા છે. ■

## સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લાની ધરા ધણધણીઃ ૩.૭ની તીવ્રતાના ભૂંકપથી લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં રવિવાર સાંજના ૫:૧૮ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ૩.૭ની તિવ્રતાનો ભૂકંપ આવતા ભેદી અવાજ સાથે ધરતી ધ્રુજવા લાગી હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીના ધારીથી ૧૬ કિલોમીટર દૂર નોંધાયું હતું. જમીનથી ૧૩ કિલોમીટર ઊંડાઈએથી આવેલા આ આંચકાની અસર વ્યાપક વિસ્તારમાં અનુભવાઈ હતી. ધરતીકંપના આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને અનેક લોકો સલામત સ્થળે દોડી આવ્યા હતા. જોકે, કોઈ જાનમાલનું નુકસાન થયાના અહેવાલ નથી. અમરેલી જિલ્લાના ધારી, ગીર પંથક, ખાંભા ગીર પંથક, લાઠી, લીલીયા, સાવરકુંડલા સુધી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ખાંભાના તાતણીયા ગામમાં આવેલા હીરાના કારખાનામાં કામ કરતા કારીગરો ગભરાઈને બહાર દોડી આવ્યા હતા, જેના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

રાજકોટ જિલ્લાના જેતપુર વિસ્તારમાં પણ ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો, તે ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા અને અમરેલી બોર્ડર પરના ગામોમાં પણ ધરતી ધ્રુજી હતી. ભૂકંપ સમયે ગેબી અવાજ સંભળાયો હોવાનું લોકોએ જણાવ્યું હતું. આ ભૂકંપના આંચકાએ લોકોને કચ્છમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ધરતીકંપની યાદ તાજી કરી દીધી હતી. ચિંતાગ્રસ્ત લોકો પોતપોતાના સગા સંબંધીઓને ફોન મારફત સમાચાર પૂછવા લાગ્યા હતા. ■



**પ્રદૂષણઃ** દેશની રાજધાની નવી દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા 'એન્ટિ-સ્મોગ ગન'થી થઇ રહેલો છંટકાવ. અહીં શિયાળામાં, ખાસ કરીને દિવાળીના સમયે હવાનું પ્રદૂષણ ઘણું જ વધી ગયું છે. (પીટીઆઇ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બટેંગે તો કટેંગે તે બરાબર, પણ હિંદુઓને એક કઈ રીતે કરવા?

**ઉત્તર પ્રદેશના** મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું 'બટેંગે તો કટેંગે' સૂત્ર છેલ્લાં કેટલાક સમયથી ચર્ચામાં છે. પહેલાં ઉત્તર પ્રદેશમાં ને પછી હરિયાણા વિધાનસભાની ચૂંટણી દરમિયાન યોગી આદિત્યનાથે હિંદુઓને એક રહેવાની અપીલ કરતાં કહેલું કે, હિંદુઓ એક રહેશે તો બચશે, બાકી કપાઈ મરશે. યોગીએ બાંગ્લાદેશની ઘટનાઓના સંદર્ભમાં ૨૭ ઓગસ્ટે આગ્રામાં કહ્યું હતું કે, રાષ્ટ્રથી મોટું કંઈ નથી. રાષ્ટ્ર ત્યારે જ મજબૂત બનશે જ્યારે આપણે એક થઈશું. બાંગ્લાદેશનું ઉદાહરણ આપણી નજર સામે છે અને એવી ભૂલો અહીં ન થવી જોઈએ... બટેંગે તો કટેંગે. સંગઠિત રહીશું તો ઉમદા રહીશું. સુરક્ષિત રહીશું અને સમૃદ્ધિના શિખરે પહોંચીશું.

યોગીના પગલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ૫ ઓક્ટોબરે મહારાષ્ટ્રના થાણે અને વાશિમમાં વિવિધ યોજનાઓનો શિલાન્યાસ કરતી વખતે કહેલું કે, હિંદુઓએ એક થવાની જરૂર છે કેમ કે તેમની વોટ બેંક અકબંધ જ રહેશે પણ બાકીની મતબેંક સરળતાથી વહેંચાઈ જશે. તેમની એટલે મુસ્લિમોની એ કહેવાની જરૂર છે ખરી?

હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ પણ યોગીના 'બટેંગે તો કટેંગે' નારાનું સમર્થન કર્યું છે. ઉત્તર પ્રદેશના મથુરામાં હમણાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાષ્ટ્રીય કારોબારી ચાલી રહી છે. સંઘની બે દિવસીય અખિલ ભારતીય કાર્યકારી બોર્ડની બેઠક ૨૫ અને ૨૬ ઓક્ટોબરે મથુરામાં યોજાઈ એ પહેલાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મથુરા જઈને સંઘના વડા મોહન ભાગવતને મળ્યા હતા. તેની અસર છે કે બીજું કંઈ કારણ છે એ રામ જાણે પણ હવે સંઘે પણ યોગીની ભાષા બોલવા માંડી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નંબર ટુ એટલે કે સરકાર્યવાહક દત્તાત્રેય હોસાબલેએ પ્રેસ-કોન્ફરન્સમાં કહ્યું કે, હિંદુ સમાજ એક નહીં રહે તો હમણાં પ્રચલિત ભાષામાં બટેંગે તો કટેંગે થઈ શકે છે.

હોસાબોલેના કહેવા પ્રમાણે, આપણે હિંદુ સમાજમાં ઉચ્ચ અને પછાત, જ્ઞાતિ અને ભાષા વચ્ચે તફાવત કરીશું તો આપણે નાશ પામીશું તેથી એકતા જરૂરી છે. હિંદુ સમાજની એકતા લોકકલ્યાણ માટે છે અને આ એકતા દરેકને સુખી કરશે. અત્યારે હિન્દુઓને તોડવાનું કામ થઈ રહ્યું છે તેથી હિંદુઓએ ચેતવું જરૂરી છે અને એક રહેવું જરૂરી છે. હોસાબોલેના કહેવા પ્રમાણે, દેશમાં ઘણી જગ્યાએથી ધર્મ પરિવર્તનની ઘટનાઓ બની રહી છે. દુર્ગા પૂજા અને ગણેશવિસર્જન દરમિયાન પણ હુમલા થયા છે. આ માહોલમાં હિંદુ સમાજે પોતાની રક્ષા કરવી જોઈએ અને સંગઠિત રહેવું જોઈએ.

સૈદ્ધાંતિક રીતે આ બધી વાતો સાવ સાચી છે તેમાં કોઈ શંકા નથી. દુનિયાભરમાં વધી રહેલા જિહાદી કટ્ટરવાદના પ્રભાવને ખાળવા માટે દુનિયાના બીજા દેશોમાં પણ બધાં મથી રહ્યાં છે ત્યારે હિંદુઓએ પણ મથવું જોઈએ. હિંદુઓ એક થયા વિના આ પ્રભાવને ના ખાળી શકે. ભારતમાં હિંદુઓની બહુમતી છે એટલે ભારતમાં કટ્ટરવાદના પ્રભાવને ખાળવાની જવાબદારી હિંદુ સમુદાયના માથે છે તેથી હિંદુ સમુદાયે એક થવું જ પડે.

હિંદુઓ કટ્ટરવાદના પ્રભાવને ના ખાળી શકે તો કટ્ટરવાદીઓ હાવી થઈ જશે ને તેમાં જે લોકો કપાશે કે મરશે એ હિંદુઓ જ નહીં હોય પણ બધા હશે. જેમને આ કટ્ટરવાદ મંજૂર નથી એવા હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ બધા કપાશે. એવું ના થાય એ માટે હિંદુઓએ એક થવું જરૂરી છે તેમાં બેમત નથી. સૈદ્ધાંતિક રીતે સૌ કોઈએ તેને સમર્થન આપવું જ જોઈએ પણ સવાલ એ છે કે, હિંદુઓની એકતા એટલે શું? અને તેના કરતાં મોટો સવાલ એ છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે બીજા કહેવાતા કોઈ પણ હિંદુવાદી સંગઠનો હિંદુઓને એક કરી શકે તેમ છે ખરા?

બીજા સવાલનો જવાબ સ્પષ્ટ ના છે કેમ કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે બીજાં હિંદુવાદી સંગઠનોમાં એ તાકાત હોત તો આ બધી વાતો કરવાની જરૂર જ ના પડી હોત. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેની સ્થાપનાનાં ૯૯ વર્ષ પૂરાં કરીને આ દશેરાએ જ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ્યો છે. હિંદુઓનાં હિતો સાચવવા માટે અને હિંદુઓને એક કરવા માટે ૧૦૦ વર્ષથી અસ્તિત્વ ધરાવતું સંગઠન હજુય હિંદુઓની એકતાની સૂફિયાણી વાતો કરતું હોય તેનો અર્થ એ થયો કે, તેનામાં એ તાકાત નથી.

૧૦૦ વર્ષ બહુ મોટો ગાળો છે અને હિંદુઓની પાંચ પેઢી આ ૧૦૦ વર્ષમાં આવી ગઈ છતાં સંઘ કે તેના પોઠિયા જેવા ભાજપના નેતા હજુય હિંદુઓની એકતાનાં ફિફાં જ ખાંડ્યા કરે છે ને બીજાં ૧૦૦ વર્ષ પછી પણ એ જ કરતા હશે કેમ કે સંઘ અને કહેવાતાં હિંદુવાદી સંગઠનો તથા ભાજપનું પણ હિંદુત્વ સગવડિયું છે. આ બધા ભાષણબાજીમાં શૂરા છે પણ ખરેખર હિંદુઓની એકતા બતાવવાના મુદ્દા આવે ત્યારે પાણીમાં બેસે છે.

બહુ નાની નાની ઘટનાઓ છે પણ કોઈ ઉચ્ચ જ્ઞાતિની છોકરી કહેવાતી નીચલી જ્ઞાતિના છોકરાને પરણે ત્યારે થતા વિરોધ કે હત્યાઓ સામે સંઘ ચૂપ રહે છે. હિંદુવાદના નામે ચરી ખાનારા કહેવાતા સાધુ-સંત દુરાચાર કરે ત્યારે પણ એ લોકો ચૂપ રહે છે. હિંદુત્વના નામે ચૂંટાઈને સત્તામાં બેઠેલો કોઈ રાજકારણી ભ્રષ્ટાચાર કરે કે મુસ્લિમોનાં પગોમાં આળોટીને ઈદ મનાવવાની ને સેવૈયાં ખાવાની વાતો કરે ત્યારે પણ સંઘ ચૂપ રહે છે. આ સંજોગોમાં સવાલ એ થાય છે કે, ખરેખર હિંદુઓએ કોની સામે ને શાના માટે એક થવાની જરૂર છે? એ જ જ્ઞાતિના નામે ઝઘડા, ધર્મના નામે અધર્મ કે સત્તાલાલસા માટે તુષ્ટિકરણ થતું હોય તો હિંદુઓ કઈ રીતે એક થઈ શકે?

સંઘે આ વાત પહેલાં પણ કરી છે. ત્રણ વર્ષ પહેલાં દશેરાના દિવસે સંઘના વડા મોહન ભાગવતે પોતાના સંબોધનમાં હિંદુ ધર્મમાં પ્રબળ બનતી જતી જ્ઞાતિપ્રથા અને વસતી વધારાને રોકવા માટે જરૂરી નીતિની વાત કરી હતી. ભાગવતે કહ્યું કે, આજે પણ દેશમાં સામાજિક ચેતના જ્ઞાતિવાદની લાગણીથી ગ્રસિત થયેલી છે, દૂષિત થયેલી છે.

આ વાત સાવ સાચી છે. ભારતમાં જ્ઞાતિવાદ જ સર્વસ્વ છે ને લોકો જ્ઞાતિવાદને આધારે જ બધું નક્કી કરે છે. જ્ઞાતિવાદ ભારતનું સદીઓ જૂનું દૂષણ છે ને આ દૂષણના કારણે થયેલા અત્યાચારો અને દમનની વાતો થથરાવી નાંખનારી છે. જ્ઞાતિવાદ હિંદુત્વ માટે કલંક છે ને આ કલંકથી મુક્ત થવું જરૂરી છે પણ કમનસીબે એવું થતું નથી.

સંઘ કે કોઈ પણ કહેવાતો હિંદુવાદી આ જ્ઞાતિવાદ સામે જંગ છેડતો નથી તેથી સમાજ નાના નાના ટુકડાઓમાં વહેંચાઈ રહ્યો છે. જ્ઞાતિવાદનાં સમીકરણો એ હદે હાવી છે કે દેશમાં કોઈ પણ બાબત જ્ઞાતિવાદના આધારે જ નક્કી થાય છે.

સંઘ પહેલાં આ સ્થિતિ બદલે પછી સૂફિયાણી સલાહો આપે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૨૪, રમા એકાદશી, વાક્બારસ.

- ભારતીય દિનાંક ૬, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫-૨૩ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૨-૧૦ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : ● ભરતી : સવારે ક. ૦૯-૩૧, રાત્રે ક. ૨૨-૧૬ ● ઓટઃ બપોરે ક. ૧૫-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૧ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - એકાદશી. રમા એકાદશી, ગોવત્સ દ્વાદશી, વાક્બારસ. ● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સૂર્યનારાયણ ભગવાનનું પૂજન, ગણેશ પૂજન,ચંદ્ર દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, ભગદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં ઘર-ખેતર જમીન, મકાનના લેવડદેવડના કામકાજ, ખાખરાનું વૃક્ષ વાવવું, પિતૃપૂજન, વડપૂજન, કેતુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, વાક્બારસ મહિમાઃ વાક્બારસના દિવસે સાહિત્યકારો, વિદ્વાનો, કવિઓ, લેખકો, ગાયક કલાકારો, મુદ્રણ અને પ્રકાશન વ્યવસાય સાથે સંકળાયેલા કર્મચારીગણોનું બહુમાન કરવું, ગાય અને વાછરડાનું પૂજન કરવુ. દીપાવલી પર્વની મહારાણી છે. આજથી વાક્બારસના પર્વથી ઉજવણી પ્રારંભાય છે. વાક્બારસ પછી ધનતેરસ (તા. ૨૯), કાળી ચૌદસ (તા. 30), નરક ચતુર્દશી, દીપોત્સવી પર્વ (તા. ૩૧), પડતર દિવસ (તા. ૧લી), નવું વર્ષ (તા. ૨જી), ભાઈબીજ (તા. ૩જી) એમ પર્વોત્સવોની માળા ઉત્સાહ પ્રેરે છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભીપણું, મંગળ-નેપ્ચ્યૂન ત્રિકોણ ઉત્સાહી, શુક્ર-શનિ ચતુષ્કોણ મર્યાદિત લાગણીઓવાળા, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવના, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, મંગળ-નેપ્ચ્યૂન ત્રિકોણ, શુક્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ (તા. ૨૯), ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ (તા. ૨૯)
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## તામિલનાડુમાં અભિનેતા વિજયની નવી પાર્ટીની વિચારાધારા જાણવા લોકો આતુર

વિલ્લુપુરમઃ પોતાના રાજકીય પક્ષ તમિલિઝાગા વેત્રી કઝગમ(ટીવીકે)ની જાહેરાત કર્યાના મહિનાઓ બાદ ટોચના તમિળ અભિનેતા વિજય રવિવારે તેમની પ્રથમ જાહેરસભા દરમિયાન રાજ્ય માટે તેમના રાજકીય એજન્ડા અને દ્રષ્ટિકોણને સ્પષ્ટ કરે તેવી શક્યતા છે. વિજયે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીનો સામનો કરવાની જાહેરાત કરી છે, જેમાં દ્રવિડિયન પ્રતિસ્પર્ધીઓ ડીએમકે અને એઆઇએડીએમકેનું વર્ચસ્વ ધરાવતા રાજકીય યુદ્ધના મેદાનમાં મસાલો ઉમેરાયો છે. કે અન્નામલાઇના નેતૃત્વમાં ભાજપે આ વર્ષની લોકસભા ચૂંટણીમાં ઘણી પ્રભાવશાળી પ્રગતિ કરી છે. ભગવા પાર્ટી ૨૦૨૬ની ચૂંટણીમાં પણ સારું પ્રદર્શન કરવા ઉત્સુક છે.

વિજયની ફિલ્મો સૌથી વધુ કમાણી કરતી રહી છે. તેમણે આ વર્ષે ફેબ્રુઆરીમાં તેની પાર્ટીનું અનાવરણ કર્યું હતું અને તમિળ સિનેમાની તે મશહૂર હસ્તીઓની યાદીમાં જોડાયો હતો જેણે રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેણે તાજેતરમાં ટીવીકે પક્ષના ધ્વજનું અનાવરણ કર્યું હતું. આ જિલ્લાના વિક્રવંડીમાં રવિવારના જાહેર સંમેલન પર રાજકીય પક્ષો, નિરીક્ષકો અને લોકોની ઉત્સુકતાથી નજર છે. કારણ કે તે રાજ્ય અને રાજકીય એજન્ડા માટેના તેમના દ્રષ્ટિકોણને જાહેર કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જો કે ૫૦ વર્ષીય અભિનેતા-રાજકારણીએ વર્તમાન રાજકીય વલણોથી વિચલિત ન થવાના પૂરતા સંકેત આપ્યા છે. ■




**શિષ્યવૃત્તિઃ** વારાણસીમાં સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય ખાતે સંસ્કૃતના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)

## દિલ્હીમાં ₹ ૧,૨૮૫ કરોડના આઇફોનની દાણચોરી રેકેટનો પર્દાફાશ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વભાગે દિલ્હીમાં રૂપિયા ૧,૨૮૫ કરોડના આઇફોનની દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગની કડી દુબઈ અને હવાલાની કડીઓ સાથે જોડાઈ રહી છે. આ આરોપીઓ દુબઈ સહિત અન્ય ઘણા દેશોમાંથી આઈફોન અને અન્ય મોંઘી વસ્તુઓની દાણચોરી કરતા હતા અને તેને જીએસટી વગર વેચતા હતા. આ કેસમાં મુખ્ય આરોપી કપિલ અરોરાની ધરપકડ કરવામાં આવી છે. તેમ જ રૂપિયા ૨.૧૮ કરોડની રકમ પણ રિકવર કરવામાં આવી હતી.

સીજીએસટીએ આ મામલામાં કપિલ અરોરાની ગફાર માર્કેટ દિલ્હીના કરોલ બાગમાં આવેલી ઓફિસ અને ઈસ્ટ પટેલ નગરમાં તેમના ઘર પર દરોડા પાડ્યા હતા. આ ઓફિસમાંથી ૧૩ લાખ રૂપિયા અને તેની પત્ની ગરિમા અરોરાના ઘરેથી ૨.૦૫ કરોડ રૂપિયા રિકવર કરવામાં આવ્યા છે.

કપિલની અરોરા કોમ્યુનિકેશન અને સેલફોન બેડલો નામની બે કંપનીઓ છે. આ કંપનીઓની આડમાં તે દુબઈ અને ચીનમાંથી આઈફોનની દાણચોરી કરતો હતો. આ ફોન ગેરકાયદેસર રીતે અને જીએસટી વગર વેચવામાં આવતા હતા. તેમજ હવાલા મારફતે વિદેશમાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. આ તપાસમાં સામે આવ્યું છે કે કપિલ ડ્રગ સ્મગલર કબીર તલવારની નજીક છે. એનઆઇએ ૨૧ હજાર કરોડ રૂપિયાના ડ્રગ્સ સ્મગલિંગ કેસમાં કબીરની ધરપકડ કરવામાં આવી હતી. કબીરની દિલ્હીમાં ઘણી ક્લબ છે. કબીર ફોન સ્મગલિંગમાં પણ સામેલ હોઈ શકે છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી આ કેસનો કબજો લઈ શકે છે કારણ કે તપાસમાં અનેક હવાલા ચેનલો અને ઉચ્ચ આંતરરાષ્ટ્રીય સંપર્કો બહાર આવ્યા છે. ■

## હવે લખનઊની હૉટેલોને મળી બૉમ્બની ધમકી

લખનઊઃ દેશની એરલાઇન્સોને બૉમ્બની ધમકી મળ્યાનો સિલસિલો ખતમ થવાનું નામ નથી લેતો અને હવે હોટેલોને બૉમ્બથી ઉડાવાની ધમકી મળવાનો સિલસિલો શરૂ થઇ ગયો છે. હવે લખનઊમાં કેટલીક મોટી પંચતારક હોટેલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. હોટેલોને બૉમ્બથી ઉડાવવાની આ ધમકી ઇ-મેઇલ દ્વારા આપવામાં આવી છે. ગ્રાઉન્ડ ફ્લોરની કાળી બેગમાં બોમ્બ રાખવામાં આવ્યો છે, એમ ઇ-મેઇલમાં લખવામાં આવ્યું છે. આ ધમકી લખનઊની હોટેલ ફોર્ચ્યુન, હોટેલ લેમન ટ્રી, હોટેલ મેરિયોટ સહિત ૧૦ મોટી હોટેલોને આપવામાં આવી છે. ધમકી આપનાર વ્યક્તિએ ૫૫ હજાર ડૉલરની માગણી કરી છે. છેલ્લા કેટલાક મહિનાથી દેશભરમાં ફ્લાઇટ્સ, સ્કૂલ-કોલેજ અને હોટેલોને બૉમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી રહી છે.

આજે પણ અકાસા એરલાઇન્સની ફ્લાઇટને બૉમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. જોકે, અકાસા એરલાઈન્સની ફ્લાઈટમાં બૉમ્બ હોવાના સમાચાર માત્ર અફવા સાબિત થયા. જે ફ્લાઈટમાં બૉમ્બ હોવાની જાણ થઈ હતી તે બેંગલૂરુથી અયોધ્યા આવી હતી. ફ્લાઇટમાં કુલ ૧૭૩ મુસાફરો હતા. પાઇલટે અગમચેતી વાપરીને ફ્લાઇટમાં સવાર મુસાફરોને ફ્લાઇટમાં બૉમ્બ વિશે માહિતી આપી જ નહોતી. મુસાફરોની સુરક્ષા માટે જ પાઇલટે આ કદમ ઉઠાવ્યું હતું. ત્યાર બાદ આકાસા એરલાઈન્સની ફ્લાઈટ મહર્ષિ વાલ્મીકિ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી અને મુસાફરો પણ સુરક્ષિત રીતે એરપોર્ટની બહાર નીકળી ગયા હતા. ■

## આરબીઆઇના ગવર્નર શક્તિકાંત દાસને મળ્યો સેન્ટ્રલ બેંકર્સ એવોર્ડ

વોશિંગ્ટનઃ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસને ગઈ કાલે સેન્ટ્રલ બેંક રિપોર્ટ કાર્ડ્સ ૨૦૨૪માં ગ્રેડ સાથે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. યુએસએની રાજધાની વોશિંગ્ટન ડી.સી.માં ગ્લોબલ ફાઇનાન્સ દ્વારા શક્તિકાંત દાસને સતત બીજા વર્ષે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. જટિલ આર્થિક પડકારોમાંથી ભારતની સર્વોચ્ચ બેંકને ચલાવવા ઉત્તમ કામગીરી અને અસરકારક નેતૃત્વ બદલ તેમને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

એક્સ પરની એક પોસ્ટમાં આરબીઆઇએ લખ્યું કે, ''ગવર્નર શક્તિકાંત દાસને સતત બીજા વર્ષે સેન્ટ્રલ બેંક રિપોર્ટ કાર્ડ્સ એ પ્લસ ગ્રેડ માટે એવોર્ડ મળ્યો છે.

ગ્લોબલ ફાઇનાન્સ દ્વારા ૧૯૯૪ થી વાર્ષિક ધોરણે પ્રકાશિત થતા સેન્ટ્રલ બેંક રિપોર્ટ કાર્ડ્સમાં લગભગ ૧૦૦ દેશો, પ્રદેશો અને જિલ્લાઓ તેમજ યુરોપિયન યુનિયન, ઇસ્ટર્ન કેરેબિયન સેન્ટ્રલ બેંક, બેંક ઓફ સેન્ટ્રલ આફ્રિકન સ્ટેટ્સ બેંકના ગવર્નરોને ગ્રેડ આપવામાં આવે છે.

ફુગાવા પર નિયંત્રણ, આર્થિક વૃદ્ધિના લક્ષ્યો, ચલણની સ્થિરતા અને વ્યાજ દર મેનેજમેન્ટ જેવા વિષયોને આધારે '' એ'' પ્લસ થી ''એફ'' સ્કેલ પર ગ્રેડ આપવામાં આવે છે. સંપૂર્ણ નિષ્ફળતા માટે ''એફ'' ગ્રેડ અને ઉત્તમ પ્રદર્શન માટે ''એ'' ગ્રેડ આપવામાં આવે છે.

શક્તિકાંત દાસ ઉપરાંત ડેનમાર્કના ક્રિશ્ચિયન કેટલ થોમસન અને સ્વિટ્ઝર્લેન્ડના થોમસ જોર્ડનને પણ સેન્ટ્રલ બેંકર્સની 'એ પ્લસ' શ્રેણીમાં સ્થાન મળ્યું છે.

ગ્લોબલ ફાયનાન્સ મેગેઝિને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને ૨૦૨૪ માટે ભારતની શ્રેષ્ઠ બેંક જાહેર કરી છે. ગ્લોબલ ફાઈનાન્સે વોશિંગ્ટનમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (ઈંખક્ષ) અને વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠકોની સાથે યોજાયેલા તેના ૩૧મા વાર્ષિક શ્રેષ્ઠ બેંક એવોર્ડ સમારોહમાં એસબીઆઇને ૨૦૨૪ માટે બેસ્ટ બેંક ઓફ ઈન્ડિયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.

એસબીઆઈના ચેરમેન સીએસ શેટ્ટીએ એવોર્ડ મેળવ્યો હતો. બેંકને અસાધારણ સેવાઓ પ્રદાન કરવા અને તેના ગ્રાહકોનો વિશ્વાસ જીતવા માટે પ્રોત્સાહન આપવા માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે. ■

## 'ઈસરો'ના પ્રમુખે જાહેર કરી ગગનયાન મિશનના લોન્ચની તારીખ, ચંદ્ર પર મોકલાશે ૩૫૦ કિલોનું રોવર

નવી દિલ્હી : ઈસરોના વડા એસ સોમનાથે આગામી અવકાશ મિશનની તારીખો જાહેર કરી છે. એસ સોમનાથના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૬માં ગગનયાન મિશન શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. જ્યારે ચંદ્રયાન મિશન વર્ષ ૨૦૨૮માં લોન્ચ થઈ શકે છે. ઈસરોના વડા એસ સોમનાથે શનિવારે આકાશવાણીના સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાન કાર્યક્રમમાં હાજરી આપી હતી.

એસ સોમનાથે કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે માનવસહિત અવકાશ મિશન ગગનયાન ૨૦૨૬માં લોન્ચ થવાની સંભાવના છે. આ ઉપરાંત ચંદ્રયાન-૪, મિશન જે ચંદ્ર પરથી નમૂનાઓ લાવશે તે વર્ષ ૨૦૨૮માં લોન્ચ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫માં ભારત અને અમેરિકા વચ્ચે સંયુક્ત ઓપરેશન એનઆઇએસએઆર શરૂ કરવાની યોજના છે. ઈસરોના વડાએ કહ્યું કે ચંદ્રયાન-૫ મિશન જાપાનની સ્પેસ એજન્સી જેએએક્સએના સહયોગથી પૂર્ણ થશે. જો કે, આ માટે હજુ સમય છે અને તેને વર્ષ ૨૦૨૮ પછી જ લોન્ચ કરવામાં આવે તેવી અપેક્ષા છે. ઈસરોના વડાએ કહ્યું કે ચંદ્રયાન-૫ મિશન મનુષ્યને ચંદ્ર પર મોકલવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે. ચંદ્રયાન-૫ મિશન હેઠળ મોકલવામાં આવનાર રોવરનું વજન લગભગ ૩૫૦ કિલો હશે. અગાઉ ચંદ્રયાન-૩ મિશનમાં મોકલવામાં આવેલ રોવર માત્ર ૨૭ કિલોનું હતું. ચંદ્રયાન-૫ મિશનનું લેન્ડર ઈસરો દ્વારા બનાવવામાં આવશે, જ્યારે ૩૫૦ કિલો વજન ધરાવતું રોવર જાપાન બનાવશે. ■

## મધ્ય પ્રદેશમાં અકસ્માતના બનાવોમાં પાંચનાં મોત, ૧૨ ઘાયલ

બેતુલઃ મધ્ય પ્રદેશના બેતુલ જિલ્લામાં ભારે વાહનો સાથે જોડાયેલા અલગ-અલગ અકસ્માતોમાં પાંચ લોકોનાં મોત થયાં હતાં અને ૧૨ ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે રવિવારે આપી હતી.

એક અધિકારીના જણાવ્યા અનુસાર રવિવારે સવારે લગભગ ૭ વાગ્યે બેતુલ-પારસિયા રોડ પર હનુમાન ડોલ નજીક ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં બે લોકોનાં મોત અને ૧૨ ઘાયલ થયાં હતાં. અધિક પોલીસ અધિક્ષક (એએસપી) કમલા જોશીએ જણાવ્યું કે પીડિત મજૂરો હતા જે બેતુલ રેલવે સ્ટેશનથી ટ્રેક્ટર-ટ્રોલીમાં પોતાનાં ગામ પરત ફરી રહ્યા હતા. તેમણે કહ્યું કે વાહન પલટી જતાં બે લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ઘાયલોને હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે કામદારો તામિલનાડુના કન્યાકુમારીથી બેતુલ આવ્યા હતા, જ્યાં તેઓ એક મહિના પહેલા એક ફેક્ટરીમાં કામ કરવા ગયા હતા.

## મેક્સિકોમાં ખીણમાં પડી બસ, ૨૪નાં મોત

મેક્સિકોમાંઃ મેક્સિકોમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. અહીં ટ્રક સાથે અથડાયા બાદ મુસાફરોથી ભરેલી બસ સીધી ખીણમાં પડી હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોનાં મોત થયા છે, જ્યારે પાંચ ગંભીર રીતે ઘાયલ મુસાફરોને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક ટ્રકે બસને પાછળથી ટક્કર મારી જેના કારણે બસના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસ પોલ સાથે અથડાયા બાદ ખીણમાં પડી હતી. અકસ્માતનો ભોગ બનેલી બસ સિઉદાદ જુઆરેઝ જઈ રહી હતી. એટર્ની જનરલ ઓફિસે જણાવ્યું હતું કે ઘટના બાદ ઘટનાસ્થળે બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે. ટક્કર એટલી જોરદાર હતી કે બસ અને ટ્રક ખીણમાં પડી ગયા હતા. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસવીરોમાં બચાવકર્મીઓ અને સૈન્ય કર્મીઓ સહિત સુરક્ષા દળો વિસ્તારને સુરક્ષિત કરી રહ્યા છે જ્યારે બચાવ ટીમો મૃતદેહોને બહાર કાઢવાનું કામ કરી રહી છે. ■

## ઓડિશામાં પૂરગ્રસ્ત ગામમાંથી ૨૪ લોકોને બચાવાયા

ભુવનેશ્વરઃ ઓડિશા ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની એક ટીમે ભદ્રક જિલ્લાના એક ગામમાં ફસાયેલા ઓછામાં ઓછા ૨૪ લોકોને બચાવ્યા હતા. તેઓ ચક્રવાત દાનાને પગલે ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં ફસાયા હતા. વાવાઝોડાને પગલે ઘણી નદીઓ ઉફાણ પર આવી ગઇ હતી. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સ (ઓડીઆરએએફ)ના જવાનો દ્વારા શનિવારે રાત્રે તિહિડી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના તાલા ગોપબિંધા ગામમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યા મુજબ બાળક, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો સહિત ફસાયેલા લોકોને મોટર બોટની મદદથી બચાવી લેવામાં આવ્યા હતા અને ચક્રવાત આશ્રયસ્થાનમાં લઇ જવામાં આવ્યા હતા.

# અમદાવાદના નારોલની કંપનીમાં ગૅસ ગળતરથી બે લોકોનાં મોત, નવ કામદાર હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં ગૅસ ગળતર થતા કમલ યાદવ અને લવકુશ મિશ્રા નામના બે કામદારનાં મોત થયા હતા, ગૅસ ગળતરથી ૧૨થી ૧૩ કામદારો બેભાન થયા હતા, જેમાંથી નવ લોકોને મણિનગરની એલજી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં ચાર લોકોની હાલત ગંભીર, છે. ઇજાગ્રસ્તોમાં મહેન્દ્ર જાદવ, મહકુંજ અન્સારી, નેત્રામ જોશી, મફુઝ અંસારી, મહેન્દ્રભાઈ, ઇશાદ ખાન, મંગલ સિંઘ, અશોકભાઈ, માલજીભાઈનો સમાવેશ થાય છે.

નારોલની દેવી સિન્થેટિક પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં કેમિકલ લીક થવાના કારણે ફેક્ટરીમાં કામ કરતા વ્યક્તિને ગૅસની અસર થતાં ૧૦૮ મારફતે એલજી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસને જાણ થતાં જીપીસીબી, ફેક્ટરી ઇન્સ્પેક્ટરને સ્થળ તપાસ માટે બોલાવાયા હતા, ફાયરની ટીમે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. સલ્ફ્યુરિક ઍસિડ ભરેલું ટેન્કર ખાલી થતા સમયે કોસ્ટિક સોડા સાથે રિયેકશન થતાં ફયુમમાં ભળી જતા અસર થઇ હતી.

આ અંગે અમદાવાદ ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં મટન ગલી પાસે આવેલી દેવી સિન્થેટિક પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં આજે સવારે ગૅસ ગળતર થયું હતું. સલ્ફ્યુરિક ઍસિડ નામનું કેમિકલ ઉપયોગમાં લેવાતું હતું. રવિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ કંપનીમાં સલ્ફ્યુરિક એસિડનું ટેન્કર ખાલી થતું હતું ત્યારે બ્લીચિંગ વિભાગમાં કોસ્ટિક સોડા સાથે રિએકશન થતાં ગૅસ ગળતર થયું હતું. જેને કારણે ફેક્ટરીમાં કામ કરતા લોકોને ગૅસની અસર થતાં નવ લોકો બેભાન થઈ ગયા હતા. ■

# કચ્છમાં સેકન્ડ સમર ગણાતા ઑક્ટોબર મહિનાનો અંગ દઝાડતો આતંકઃ રાજ્યમાં સૌથી વધુ ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ની અસર હેઠળ સતત વધી રહેલી ગરમીએ કુદરતે ઋતુચક્રની કરેલી ગોઠવણીને માઠી અસરો પહોંચાડી છે ત્યારે આ વર્ષે આસો મહિનો પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યો છે, દિવાળીના મહાપર્વનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે તેવામાં આ રણપ્રદેશમાં એપ્રિલ-મે મહિનામાં પડે તેવી 'હિટવેવ'ની અનુભૂતિ કરાવતી અકળાવનારી ગરમીના કારણે ભુજ સહિત રણપ્રદેશ કચ્છના કંડલા સહિતના મથકોએ રાજ્યના સૌથી ગરમ ઉષ્ણમથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ઑક્ટોબર મહિનાને 'સેકન્ડ સમર' તરીકે હવામાન શાસ્ત્રીઓ ઓળખે છે તેથી આ મહિનો ભારે ગરમી લઈને આવ્યો છે. ભુજમાં સર્વાધિક ૩૮.૬ ડિગ્રી અને પરોઢિયે ૨૪ ડિગ્રી સે. જેવાં તાપમાન રહેતાં આ બંને વચ્ચે ૧૬ ડિગ્રી સે. જેટલો મોટો તફાવત રહેતાં હવામાનમાં લોકલ ડિસ્ટર્બન્સ સર્જાઈ રહ્યાં છે. હવામાં ભેજ પણ વધી રહ્યો છે જેનું સૂર્યના તાપથી બાષ્પીભવન થવાના કારણે અંગ દઝાડતી ગરમી પડી રહી છે.

નવરાત્રિ પૂર્ણ થઇ અને દિવાળી નજીક આવી રહી છે ત્યારે ઉનાળા જેવા તાપથી લોકો પણ આશ્ચર્યમાં મુકાયા છે. શરદઋતુમાં પણ ઠંડીને બદલે વરસાદ, ગરમી અને વાવાઝોડાની આગાહીઓ વચ્ચે દિવાળીના જૂના સંસ્મરણોને વગોળતાં ભુજના ૭૮ વર્ષના વડીલ હરીશભાઈ અંજારિયાએ જણાવ્યું હતું કે, વહેલી સવારે દેવસ્થાનોમાં થતી અદ્ભુત મંગળા આરતીમાં શાલ અથવા સ્વેટર પહેરીને જવું પડતું, પરંતુ આ વર્ષે તો જાણે ચૈત્ર માસ ચાલતો હોય એવી સખત ગરમી અનુભવાઈ રહી છે. સામાન્ય રીતે નવરાત્રી અને શરદપૂર્ણિમા બાદ ગુલાબી ઠંડક અને ઝાકળ વર્ષાનું આગમન થઇ જતું હોય છે, પરંતુ આ વર્ષે જોઈએ તેટલી ઝાકળવર્ષાએ થવા પામી નથી જેની અસર ગુલાબના ઉત્પાદન પર થતી જોવા મળી રહી છે.

હાલે દિવાળીની આડે માત્ર ચાર દિવસ જેટલો ટૂંકો સમય બાકી રહેવા પામ્યો છે ત્યારે ગરમીથી ત્રસ્ત બનેલા લોકો ખરીદી માટે ઓનલાઇન શોપિંગ પોર્ટલ્સ અથવા સેન્ટ્રલી એરકંડિશન્ડ મોલમાં ખરીદી માટે જવાનું પસંદ કરી રહ્યા છે. તેમાંય આ વર્ષે ભુજ શહેરમાં સાતથી વધુ નવા શોપિંગ મોલ્સ શરૂ થતાં આ કિલ્લેબંધ શહેરની પરંપરાગત બજારોમાં ખરીદીનો કોઈ ઉત્સાહ હાલ જણાતો નથી. ■

# અમદાવાદમાં રાતના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે અમદાવાદીઓ હજારો રૂપિયાના ફટાકડા ખરીદી રહ્યા છે.જો કે ફટાકડા ફોડતા ધ્વનિ પ્રદૂષણ ઉત્પન્ન થાય છે, જેને પગલે અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ધ્વનિ પ્રદૂષણ અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે મુજબ અમદાવાદમાં રાતના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ, પાર્ટી પ્લોટ સહિતની જગ્યાઓ પર રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના છ સુધી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ સહિત જાહેર સ્થળો તથા ખાનગી સ્થળ પર સ્પીકર વગાડવા માટે તેની માત્રા ૧૦ ડીબીથી વધવી જોઈએ નહીં તે મુજબની જોગવાઈ કરવામાં આવી છે. શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેર કરાયેલા નિયમોની અમલવારી આગામી તા. ૨ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી રહેશે.

અમદાવાદના પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામા અનુસાર ધ્વનિ પ્રદૂષણ નિયમો હેઠળ ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરાયાં છે અને તેનું ચુસ્તપણે પાલન જરૂરી છે. દિવાળીમાં ફટાકડા ફૂટવાના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે. ફટાકડા ફોડવાને લોકો તહેવારોની ઉજવણી અને આનંદ સાથે સાંકળે છે અને તેના કારણે દિવાળીની આખી રાત ફટાકડા ફોડવામાં આવે છે. ■

# સર એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હૉસ્પિટલની ૧૦મી જયંતીની ઉજવણી

## 'ન્યૂ હેલ્થ સેવા પ્લાન'ના પ્રારંભે ગરીબ ૧,૦૦,૦૦૦થી વધુ મહિલા અને બાળકોના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવારનું શ્રીમતી નીતા એમ. અંબાણીનું વચન



મુંબઈ: રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા એમ. અંબાણીએ 'ન્યૂ હેલ્થ સેવા પ્લાન' હેઠળ બાળકો, કિશોરીઓ અને મહિલાઓના જરૂરી સ્ક્રીનિંગ અને સારવારની જાહેરાત કરી હતી. આ 'ન્યૂ હેલ્થ સેવા પ્લાન' હેઠળ શ્રીમતી નીતા અંબાણીએ જન્મજાત હૃદયરોગની સમસ્યા ધરાવતા ૫૦,૦૦૦ બાળકોના નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવારનું, ૫૦,૦૦૦ મહિલાના સ્તન તેમ જ ગર્ભાશયના કેન્સર માટે નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને સારવારનું અને ૧૦,૦૦૦ કિશોરીને ગર્ભાશયના કેન્સરની નિઃશુલ્ક રસી આપવાનું વચન સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની ૧૦મી જયંતીની ઉજવણીના ભાગરૂપે આપ્યું હતું.

રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે અમારા પ્રયાસને લીધે સર એચ. એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ આજે દસમા વર્ષે વિશ્વ-સ્તરની આરોગ્ય સુવિધા ધરાવતી અને દરેક ભારતીયને પરવડે એવી બની ગઈ છે. અમે સાથે મળીને લાખો લોકોના સ્વાસ્થ્ય સુધારવા યોગદાન આપ્યું છે. તેમજ અસંખ્ય પરિવારો માટે આશાનું કિરણ બન્યા છીએ. અમે દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'ન્યૂ હેલ્થ સેવા પ્લાન' હેઠળ ગરીબ બાળકો અને મહિલાઓને નિઃશુલ્ક સ્વાસ્થ્ય સેવા પૂરી પાડી રહ્યા છીએ. ■

# સુરતથી એક્સ્ટ્રા બસની ટ્રીપ શરૂઃ સૌરાષ્ટ્ર, ઉત્તર-દક્ષિણ ગુજરાતના મુસાફરોને લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

દિવાળી વેકેશનની શરૂઆત સાથે જ લાખો લોકો રાજ્ય અને દેશમાં તેમના વતન જવા માટે જાય છે. લોકોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) વધારાની ૨,૨૦૦ ટ્રીપો ચલાવશે. ૨૬ ઑક્ટોબરથી ૩૦ ઑક્ટોબર સુધી, ડાયમંડ સિટી સુરતમાંથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતના આદિવાસી વિસ્તાર, કચ્છ અને મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ વધારાની ૨,૨૦૦ બસો રવાના કરવામાં આવી હતી.

આ અંગે એસટી વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મુસાફરો તેમના પરિવારજનો સાથે દિવાળીની ઉજવણી કરવા માટે તેમના વતન સુધી પહોંચે તે માટે વધારાની ૨,૨૦૦ બસો સેવામાં મૂકવામાં આવી છે. રાજ્ય સરકાર અને એસટી વિભાગે પ્રવાસીઓને મદદ કરવા માટે આ વિશેષ સેવા હાથ ધરી છે.

સૌરાષ્ટ્રના અમરેલી, સાવરકુંડલા, મહુવા, ભાવનગર, ગારિયાધાર, રાજકોટ, જૂનાગઢ અને ઉના જેવાં સ્થળોએ બસો સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ-ધારુકા કોલેજ, વરાછા રોડથી ઉપડશે. તે ઉપરાંત દક્ષિણ ગુજરાતના પંચમહાલ, દાહોદ, ઝાલોદ અને ગોધરા માટે બસો સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન સામેના કમ્પાઉન્ડમાંથી અને અડાજણ બસ પોર્ટ પરથી ઉપડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં, સુરત ડાયમંડ એસોસિયેશન, ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત, અને રત્ન કલાકાર વિકાસ સંઘે લાખો હીરા કામદારોને તેમના વતન જવા માટે સસ્તી પરિવહનની માગ કરી હતી. ■

# રાજકોટ બાદ હવે સુરતની હૉટેલને બૉમ્બથી ઉડાવવાની ધમકી

## અજાણ્યા ઈ-મેઈલથી હડકંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા ઘણા સમયથી દેશની વિવિધ એરલાઈન્સ કંપનીઓની ફ્લાઈટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે, જો કે હવે ગુજરાતની ફાઈવ સ્ટાર હોટલોમાં બૉમ્બના ઇ-મેઈલ પોલીસ માટે ચિંતાનો વિષય બન્યા છે. રાજકોટ બાદ સુરતની એક હોટેલમાં બૉમ્બનો ધમકીભર્યો ઇ-મેઈલ આવ્યો હતો. સુરતના ડુમસ રોડ પર આવેલી લા મેરિડિયન ફાઇવ સ્ટાર હોટલમાં બૉમ્બ મુકાયાનો રવિવારે સવારે ઇ-મેઈલ આવ્યો હતો. હોટલને ૫૫,૦૦૦ ડોલર (૪૬ લાખ)ની માગ સાથે ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ મળ્યો હતો. ઈ-મેઈલ મળતા જ સુરત શહેર પોલીસ દોડતી થઈ ગઇ હતી. ડુમસ પોલીસ, ક્રાઇમબ્રાન્ચ, ડોગ અને બોમ્બ સ્કવૉડ સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી. જોકે, સાડા ચાર કલાકના ચેકિંગ દરમિયાન પોલીસને કંઈ શંકાસ્પદ ન મળી આવતા હાશકારો અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬ ઓક્ટોબર શનિવારના રોજ રાજકોટની ૫ સ્ટાર હૉટલો સહિત ૧૦ હૉટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળ્યો હતો. શહેરની ઇમ્પીરિયલ પેલેસ, સયાજી હૉટલ, સિઝન્સ હોટલ, હોટલ ગ્રાન્ડ રેજન્સી સહિતની હોટલને એકસાથે ધમકી ભર્યો મેલ આવ્યો હતો. જે ૧૦ હૉટલને ધમકી મળી એ સિવાયની હૉટલમાં પણ પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તકેદારીના ભાગરૂપે પોલીસનું રાજકોટની તમામ મોટી હૉટલમાં ચેકિંગ કર્યું હતું. જોકે, એકપણ હૉટલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

છેલ્લા ૧૨ દિવસમાં ૨૮૦થી વધુ ભારતીય ફ્લાઈટ્સને બૉમ્બની ધમકી મળી ચૂકી છે. સૌથી વધુ ધમકીઓ સોશિયલ મીડિયા દ્વારા આપવામાં આવી છે. તમામ ધમકીઓ ખોટી નીકળી છે, પરંતુ તપાસ અને ઈમરજન્સી લેન્ડિંગના કારણે ૬૫૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. ■

# સુરતના ઉધના રેલવે સ્ટેશન પર માનવ કીડિયારુ

## પરપ્રાંતીયોની બે કિમી લાંબી લાઈન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમન્ડ સિટી સુરત લાખો લોકોને રાજીરોટી આપે છે, જો કે દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારને પગલે સુરત ખાલી થતું જોવા મળી રહ્યું છે. હીરા અને કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોના બાળકોની સ્કૂલોમાં વેકેશન પડતા પરપ્રાંતીયોએ ટ્રેન મારફતે વતન જવાનું શરૂ કરી દીધું છે. તહેવારોની ઉજવણી કરવા વતન તરફ પ્રયાણ કરતા લોકોના કારણે રવિવારે શહેરના ઉધના રેલવે સ્ટેશન પર ઘોડાપૂર ઉમટ્યું હતું. હજારો ટ્રેનમાં બેસવાની રાહ જોઈ રહ્યા છે, ત્યારે આ ભારે ભીડમાં મહિલાઓ અને બાળકોને પિસાવાનો વારો આવ્યો હતો.

૨૭ ઓક્ટોબર રવિવારના રોજ ઉધના રેલવે સ્ટેશન પર વતન જવા માટે મુસાફરોની બે કિમીથી વધુ લાંબી લાઈનો થઈ ગઈ હતી, જોકે, મહિલાઓ અને બાળકોને રેલવે પોલીસ દ્વારા તેમને અલગથી ટ્રેન સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહિલાઓ અને બાળકોને ચારથી પાંચ કલાક જેટલો સમય હેરાન પરેશાન થવું પડ્યું હતું. જેથી પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસને પણ થોડો હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો.

રેલવે તંત્રના અયોગ્ય આયોજન સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. રેલવે સ્ટેશન પર માનવ મહેરામણને જોઈને પોલીસ દ્વારા મુસાફરોને લાઈન બંધ ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા. સુરત રેલવે સ્ટેશન પર રિ-ડેવલોપમેન્ટની કામગીરી થતી હોવાથી દિવાળીની મોટાભાગની ટ્રેનો ઉધના સ્ટેશનથી દોડાવવામાં આવી રહી છે. ■

# ગુજરાતમાં દિવાળીના તહેવારોમાં જથ્થાબંધ ડ્રાયફ્રૂટની માગ ૧૮ ટકા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દિવાળીના તહેવારની જોરશોરથી ઉજવણી શરૂ થઈ ગઈ છે. બજારોમાં મીઠાઈ અને ડ્રાયફ્રૂટની ખરીદી માટે લોકોની ભીડ જામી રહી છે. ત્યારે ૨૦૨૩ની સરખામણીમાં આ વર્ષે રાજ્યમાં વિવિધ પ્રકારના ડ્રાયફ્રૂટની જથ્થાબંધ માંગમાં ૧૫થી ૧૮ ટકાનો વધારો થયો છે. આ માંગ વધવા પાછળ હેલ્થ બેનિફિટ, કોર્પોરેટ ગિફ્ટિંગ અને હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, નમકિન અને આઈસક્રીમ સેક્ટર તરફથી મળી રહેલા ઓર્ડર હોવાનું ઓલ ઈન્ડિયા સ્પાઈસીસ ઈમ્પોર્ટર ફેડરેશને જણાવ્યું હતું.

ઓલ ઈન્ડિયા સ્પાઈસીસ ઈમ્પોર્ટર ફેડરેશનના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં કોર્પોરેટ ગિફ્ટિંગ અને હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, નમકિન અને આઈસક્રીમ સેક્ટરોનું ડ્રાયફ્રૂટની કુલ ડિમાન્ડમાં ૫૦ ટકાનું યોગદાન છે. જે કોવિડ સમયે ૩૦ ટકા ઓછું હતું. તહેવારોના સમયમાં ડ્રાયફ્રૂટની વધતી માગ વચ્ચે બદામની કિંમતમાં ૧૨થી ૧૫ ટકા અને કાજુની કિંમતમાં ૧૦થી ૧૨ ટકાનો વધારો થયો છે. ઓલ ઈન્ડિયા સ્પાઈસીસ ઈમ્પોર્ટર ફેડરેશનના સેક્રેટરી હિરેન ગાંધીએ જણાવ્યું હતું કે, કાજુ અને બદામ નાશ્તા અને વિવિધ પ્રકારની નમકીનમાં ઉપયોગમાં લેવાય છે. ગુજરાતમાં માત્ર નમકીન ઈન્ડસ્ટ્રીમાં ૧૫થી ૨૦ ટકા કાજુ અને ૮થી ૧૦ ટકા બદામનો ઉપયોગ થાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, રેસ્ટોરન્ટ અને કેટરિંગ સેગમેન્ટમાં પણ હવે ડ્રાયફ્રૂટનો ઉપયોગ વધ્યો છે. જેમાં કાજુ અને બદામનો ઉપયોગ કાજુ કરી અને બદામ હલવા જેવી વાનગીમાં કરવામાં આવે છે. ગુજરાતમાં રેસ્ટોરન્ટ અને કેટરિંગમાં ૨૫થી ૩૦ ટકા કાજુ અને બદામનો વપરાશ કરવામાં આવે છે. ગુજરાતમાં ૨૦૨૪માં બદામનો વપરાશ ૪૦ હજાર ટન હોવાની શક્યતાઓ છે. બીજી બાજુ રાજ્યમાં ૫૫ હજાર ટન કાજુનો વાર્ષિક વપરાશ થાય છે. ગુજરાત કાજુ પ્રોસેસર્સ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ મોહનલાલ જૈને કહ્યું હતું. ■

# ગુજરાતના ફૂડ વિભાગે ૧૫ દિવસમાં ૬.૩ કરોડની કિંમતનો ભેળસેળયુક્ત ખાણીપીણીનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દિવાળીના તહેવારની શરૂઆત થઈ ગઈ છે. બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જામી છે. ત્યારે લેભાગુ તત્ત્વો દ્વારા વધુ પૈસા કમાવવાની લાલચમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ કરી રહ્યાં છે. તહેવારોના દિવસોમાં આ પ્રકારના ખાદ્યપદાર્થોથી લોકોના આરોગ્યને નુકસાન ના પહોંચે તે માટે ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે એક્શનમાં આવીને ત્રણ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર સુધીમાં ૬.૩ કરોડની કિંમતનો ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનો જથ્થો જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ફૂડ વિભાગના આ અભિયાનમાં ૮૨૪૬ ફૂડ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. જેમાં મીઠાઈ, ઘી, પનીર અને પેકેજિંગ વોટરનો સમાવેશ થયો હતો. રાજ્યના આરોગ્ય પ્રધાન રૂષિકેશ પટેલ દ્વારા રાજ્યમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ કરીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા લોકો સામે કડકમાં કડક પગલાં લેવા માટે ભાર મૂક્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર એચ.જી. કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ૧૫ દિવસ ફૂડ સેફ્ટી પખવાડિયાની સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવાઈ હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તહેવારોની સિઝનમાં નકલી ચીજ વસ્તુઓ અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના વેચાણ ઉપર લગામ કસવા માટે આ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ માટે વિભાગ દ્વારા ફૂડ બિઝનેસ ચલાવતા વેપારીઓ સાથે ૩૩૦ જેટલી મીટિંગો કરવામાં આવી હતી. ત્રણથી ૧૭ ઓક્ટોબર સુધીમાં ૧૧૫ દરોડા પાડીને ૨૨૬ ટન અખાદ્ય પદાર્થોનો જથ્થો સીલ કરવામા આવ્યો છે. તે ઉપરાંત ૮૭૨૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામા આવ્યો હતો. મે મહિનામાં ફૂડ વિભાગ દ્વારા પનીરના ૨૧૮ સેમ્પલ લેવાયા હતાં અને ૨.૫ લાખની કિંમતનો ૭૪૦ કિલો પનીરનો જથ્થો જપ્ત કરાયો હતો. ■

# ગુજરાત સરકારે નાણાં પંચ સમક્ષ દારૂબંધીને કારણે થયેલા નુકસાન મુદ્દે ૧૨ હજાર કરોડ માગ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશ અને રાજ્યોની નાણાંકીય પરિસ્થિતિ પરનો અહેવાલ તૈયાર કરવાના આશયથી કેન્દ્રીય નાણાં પંચ ગુજરાતની મુલાકાતે આવ્યું છે. ત્યારે રાજ્ય સરકારે નાણાં પંચ સમક્ષ રાજ્યની આર્થિક સ્થિતિની સમીક્ષા કરી હતી. રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓએ પંચ સમક્ષ રાજ્યમાં દારૂબંધીને કારણે થતાં આર્થિક નુકસાનની ચર્ચાઓ કરી હતી. જેમાં રાજ્યમાં દારૂબંધીને કારણે એક્સાઈઝ ડ્યૂટીની આવકમાં પણ ખોટ આવી હોવાની રજૂઆત પણ કરી હતી. સરકારે પણ આ મુદ્દા પર ભાર મૂક્યો હતો.

ગુજરાત આવેલા નાણાં પંચ સમક્ષ રાજ્ય સરકારે કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાયમાં વધારાની માગ કરી હતી. અધિકારીઓએ પંચ સમક્ષ એક્સાઈઝ ડ્યૂટીની આવકમાં વાર્ષિક ૧૨ હજાર કરોડનું નુકસાન થયું હોવાની રજૂઆત પણ કરી હતી. ગુજરાત સરકારનો ઉદ્દેશ દારૂબંધીને કારણે થયેલા નુકસાનની ભરપાઈ માટે નાણાં પંચ પાસેથી વધુ નાણાકીય સહાય મેળવવાનો છે. નાણાં પંચ સમક્ષ હાજર રહેલા એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, અમે આયોગને રજૂઆત કરી હતી કે, રાજ્યમાં વિકાસ કાર્યો માટે નાણાં ફાળવણીનો નિર્ણય લેતા પહેલાં તેઓ રાજ્યને થયેલા નુકસાનનો પણ વિચાર કરે.

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો લાગુ છે. અન્ય રાજ્યોની કુલ મહેસૂલી આવકમાં એક્સાઈઝ ડ્યૂટીનો હિસ્સો ૬ ટકા હોય છે. જ્યારે ગુજરાતમાં ૨૦૨૩-૨૪ની કુલ મહેસૂલી આવકના માત્ર ૦.૦૮૩ ટકા છે. દેશના અન્ય રાજ્યો જેવા કે, તામિલનાડુ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં આ આંકડો જોઈએ તો ૪.૩૭ ટકા, ૬.૧૩ ટકા અને ૬.૩૨ ટકા છે. જ્યારે સમગ્ર દેશની વાત કરીએ તો તે ૬.૫૪ ટકા છે. મહેસૂલી આવકની ખોટની સ્થિતિમાં અન્ય જરૂરિયાતો પૂરી કરવા માટે રાજ્ય સરકારે નાણાં પંચ સમક્ષ છ મોટી રજૂઆતો કરી હતી. જેમ કે, કેન્દ્રીય આવકમાંથી રાજ્યોને ફાળવવામાં આવતા ભાગમાં ગુજરાતનો હિસ્સો વધારીને ૫૦ ટકા કરવામાં આવે. જેથી રાજ્યને થતી ખોટ સરભર થઈ શકે. કેપિંગ, સેસ અને સરચાર્જને સીમિત કરવામાં આવે. જેથી રાજ્યોને કેન્દ્ર તરફથી ફાળવવામાં આવતી નાણાકીય સહાયનો ઉચિત હિસ્સો મળી શકે. ગુજરાત સરકારે પંચ સમક્ષ રાજ્યોના પર્ફોર્મન્સ પ્રમાણે ગ્રાન્ટની ફાળવણી કરવા પણ રજૂઆત કરી હતી. ■

# ગાંધીનગરમાં રાજ્યપાલે રાવલ અને ગણાત્રાને માહિતી કમિશનર પદના શપથ લેવડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર ખાતે રાજભવનમાં રવિવારે રાજ્યના માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર વિપુલ રામપ્રસાદ રાવલ અને ભરત જમનાદાસ ગણાત્રાને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

ગાંધીનગર ખાતેના રાજભવનમાં બેન્કવેટ હોલમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્માએ શપથવિધિની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું.શપથવિધિ સમારોહમાં મુખ્ય માહિતી કમિશનર ડો. સુભાષચંદ્ર સોની, મુખ્ય સચિવ રાજકુમાર, સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ હરિત શુક્લ, માહિતી કમિશનર્સ સુબ્રમણ્યમ ઐયર, મનોજ પટેલ, નિખિલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ ૨૦૨૪માં રાજ્ય સરકારે માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર અને અન્ય ત્રણ માહિતી કમિશનરોની નિમણૂક કરી હતી. જેમાં રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે ડો. સુભાષ સોની, માહિતી આયોગમાં નિખિલ ભટ્ટ, મનોજ પટેલ અને સુબ્રમણ્યમ આર ઐયરની નિમણૂક માહિતી કમિશનર તરીકે કરવામાં આવી હતી. તેમનો શપથવિધિ સમારોહ પણ ૩૦મી જુલાઈ ૨૦૨૪ના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ■

# રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ : તત્કાલીન મ્યુ. કમિશનર અમિત અરોરા અને આનંદ પટેલે હાઈ કોર્ટ સમક્ષ સંવેદના દર્શાવતું એફિડેવિટ રજૂ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજકોટ ખાતે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગમાં ૨૭ નિર્દોષ લોકોના ભડથું થઇ જવાના રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં હાલે કચ્છના કલેક્ટર તરીકે ફરજ બજાવતા રાજકોટના પૂર્વ મ્યુનિસિપલ કમિશ્નર અમિત અરોરા અને આનંદ પટેલે ગુજરાતની હાઇ કોર્ટ સમક્ષ એફિડેવિટ દાખલ કરીને સમગ્ર દુર્ઘટનાકાંડને લઇ મૃતકો અને તેમના પરિજનો પરત્વે ભારે સંવેદના પ્રગટ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ આ કિસ્સામાં હાઈ કોર્ટે ટકોર કરી હતી કે બંને અધિકારીઓએ માફી માગવી જોઈએ અને તેમના ખિસ્સામાંથી પીડિતોને વળતર ચૂકવવું જોઈએ. આ કેસમાં હાઇ કોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેર હિતની રિટ અરજી અને ધારાશાસ્ત્રી દ્વારા ફાયર સેફ્ટીનાં નિયમોનું પાલન કરાવવા માટે કરાયેલી રિટની સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ કરાઈ હતી. અધિકારીઓ પૈકી આનંદ પટેલે જણાવ્યું હતું કે, આ કરુણ ઘટના બનતા તેઓના માનસપટ ઉપર ઘેરી અસર પડી છે અને તેઓ નિર્દોષ પીડિતોના પરિવાર પ્રત્યે સંવેદના અને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરે છે. વર્ષ ૨૦૨૩થી ૨૦૨૪ સુધી રાજકોટના મ્યુનિસિપલ કમિશનર તરીકે રહેલા અમિત અરોરાએ પણ અદાલતની માફી માગી હતી.

અગાઉ હાઇ કોર્ટે રાજકોટના બંને પૂર્વ મ્યુનિસિપલ કમિશનરો આનંદ પટેલ અને અમિત અરોરાની ઝાટકણી કાઢી જણાવ્યું હતું કે, બંને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મનપાના તેમના તાબાના અન્ય અધિકારીઓ કે કર્મચારીઓને જવાબદારી આપી તેમની નિરીક્ષણ અને અંકુશની જવાબદારીમાંથી બચી શકે નહીં. રાજકોટના બંને તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરોને કોઇ પસ્તાવો કે અપરાધભાવ પણ નથી કે રાજકોટના વર્તમાન મ્યુનિસિપલ કમિશનરના નિવેદનોમાં પણ અમને કોઇ પસ્તાવાની ગ્લાનિ જણાતી નથી. રાજકોટ ટીઆરપી અગ્નિકાંડને લઇ ટીઆરપી ગેમ ઝોનને લગતો સંપૂર્ણ રેકોર્ડ હાઇ કોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો. જો કે, હાલના તબક્કે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ રેકોર્ડ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો. હાઇ કોર્ટે અનુક્રમણિકા સાથે ક્રમાનુસાર સમગ્ર રેકોર્ડ રજૂ કરવા જણાવ્યું હતું. ■

# જરૂર પડશે તો શરદ પવાર કે ઉદ્ધવનો સાથ લેશો?

## ફડણવીસે આપ્યો આ જવાબ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નજીક છે. આગામી મહિનાની ૨૦મીએ મતદાન થશે અને ૨૩મીએ પરિણામ જાહેર થશે. ત્યારપછી મહારાષ્ટ્રમાં કોની સરકાર બેસશે તે સ્પષ્ટ થશે. દેવેન્દ્ર ફડણવીસે એવો દાવો કર્યો છે કે મહાયુતિની સરકાર આવશે. આમ છતાં જરૂર પડે તો શરદ પવાર કે ઉદ્ધવ ઠાકરેની મદદ લેવાશે? એવા સવાલનો જવાબ પણ દેવેન્દ્ર ફડણવીસે પણ આપ્યો છે.

તમામ પોલ પંડિતો હરિયાણા વિશે કહી રહ્યા હતા કે ભાજપની હાર થશે, પરંતુ ભાજપને જંગી બહુમતી મળી હતી. જેથી સવારે ટીવી સામે વાત કરનારાઓ બપોરે શું બોલવું તેની મૂંઝવણમાં હતા. મહાવિકાસ આઘાડી લોકસભાની ચૂંટણીમાં થોડી સફળતા હાંસલ કરવામાં સફળ રહી હતી. તેમણે ફેક નેરેટિવને આધારે સફળતા મેળવી હતી. અમારી વચ્ચે માત્ર ૩ ટકાનો તફાવત હતો. અમે ફેક નેરેટિવનો પર્દાફાશ કર્યો છે. લોકોને સમજાયું છે કે તેઓ ખોટું બોલી રહ્યા છે. અનામત કેવી રીતે ખતમ કરવી તેની ફોર્મ્યુલા રાહુલ ગાંધીએ જ જણાવી હતી. નાના પટોલે તેઓનો બચાવ કરી રહ્યા છે. ઉપરાંત, લોકસભા ચૂંટણીમાં વોટ જેહાદ એક મહત્વપૂર્ણ પરિબળ હતું. તમામ ધાર્મિક સ્થળો અને ધર્મગુરુઓ વોટ જેહાદના નારા લગાવી રહ્યા હતા. તેઓ હવે મદદ કરશે નહીં. વળી, વોટ જેહાદને કારણે બહુમતી સમાજને સમજાઈ ગયું કે જો મોદી ઈચ્છતા ન હોવાથી વોટ જેહાદ કરવા જઈ રહ્યા છે તો તેનો જવાબ મતપેટીથી આપી શકાય. તેથી ફેક નેરેટિવ હવે કામ કરશે નહીં. તેમ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

લાડકી બહેન યોજના વિશે હું કહેવા માગું છું કે અમારા વિરોધીઓની મૂંઝવણ જુઓ. લાડકી બહેન યોજનાને કારણે મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થા પડી ભાંગી, ચૂંટણી પછી આ યોજના બંધ થઈ જશે. બીજી તરફ તેઓ તેમના ભાષણમાં કહે છે કે તેઓ ૧૫૦૦ રૂપિયા આપે છે, જો અમે ચૂંટાઈશું તો ૨૦૦૦ રૂપિયા આપીશું. શું તેમની પાસે ખજાનો છે? શું ત્યાં પૈસાનું ઝાડ છે? સ્કીમ બંધ થવા જઈ રહી છે કે સ્કીમ ચાલી રહી છે એવું કંઈક કહો અમે ચલાવવા જઈ રહ્યા છીએ. લાડકી બહેન યોજનાને રોકવા માટે અમારા વિરોધીઓ કોર્ટમાં પણ ગયા છે. પ્રયત્ન કર્યો પરંતુ હું કહેવા માગું છું કે મહારાષ્ટ્રનું બજેટ સૌથી મોટું બજેટ છે. મહારાષ્ટ્રમાં સામાજિક ક્ષેત્રનું આયોજન કરવામાં આવે તો મહારાષ્ટ્રમાં તેને ટકાવી રાખવાની તાકાત છે. બજેટમાં આ યોજના માટે જોગવાઈ છે. તેના આંકડા બધાની સામે છે. અન્ય યોજનાઓ પણ જાણીતી છે. આથી બજેટમાં જે પ્લાન લગાવવામાં આવ્યા છે તેને રોકવાનું કોઈ કારણ નથી. અમે ચૂંટણી પછી પણ આ યોજના ચલાવવાના છીએ. એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

ચૂંટણી પછી જરૂર પડશે તો ઉદ્ધવ ઠાકરે કે શરદ પવારમાંથી કોણ સમર્થન આપશે? એવો પ્રશ્ન પૂછતાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, ચૂંટણી પરિણામો પછી એકનાથ શિંદે, અજિત પવાર, રામદાસ આઠવલેની મદદથી જ મહાયુતિ સરકાર બનશે.

### મહાયુતિને કેટલી બેઠકો મળશે?

ભાજપે ઉમેદવારી આપતી વખતે માત્ર વર્તમાન વિધાનસભ્યોને જ મેદાનમાં ઉતાર્યા છે. કેટલાકની ઉમેદવારી કપાઈ છે. તેમને ઉમેદવાર તરીકે નકારી કાઢવામાં આવ્યા છે આ બાબતે ખુલાસો કરતાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ઉમેદવારી આપતી વખતે ત્રણ પ્રકારનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેને પગલે ઉમેદવારી નક્કી કરવામાં આવી હતી. તેમાં વર્તમાન વિધાનસભ્યો સામેની લોકોની નારાજગીનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમની સામે નારાજગી વધારે છે તેમને ઉમેદવારી આપવામાં આવી નથી, પરંતુ ઓછી નારાજગી ધરાવતા લોકોને ઉમેદવારી આપવામાં આવી છે.

હું સંખ્યાઓ પર વાત કરવા નથી માગતો, પરંતુ મને ખાતરી છે કે મહાયુતિ સારી બહુમતી મેળવશે અને ભાજપ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી હશે. ભાજપ, શિવસેના, એનસીપી બધા સાથે મળીને બહુમતી મેળવીશું, એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

### હું ૧૦૦ પ્રોજેક્ટ ગણાવી શકું છું, વિરોધીઓને મારો પડકાર છે કે...

મારા વિરોધીઓને ખુલ્લો પડકાર છે, તેઓ મને એવા પ્રોજેક્ટ જણાવે જે મહારાષ્ટ્રની કાયાપલટ કરશે, તેઓ મને તે કહી શકતા નથી. હું ૧૦૦ પ્રોજેક્ટના નામ આપી શકું છું. અમારા વિરોધીઓ કોસ્ટલ રોડનું શ્રેય લે છે પરંતુ તેઓ એમ પણ કહી શકે છે કે અમે તાજમહેલ બનાવ્યો છે. હાલમાં તેઓ તાજમહેલ બનાવનારના વંશજોની જેમ વર્તે છે. ■

# કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરોને લાકડાં બાળવા પર પ્રતિબંધ આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ગયા વર્ષે ૨૭ નિયમો સાથેની ગાઈડલાઈન બહાર પાડી હતી. જોકે હવે વધુ એક નિયમ ઉમેરવાની પાલિકાએ યોજના બનાવી છે, જેમાં હવે કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરોને લાકડા પર ભોજન બનાવવા પર પ્રતિબંધ રહેશે. કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરોને ભોજન ઉપલબ્ધ કરાવવાની જવાબદારી કૉન્ટ્રેક્ટરની રહેશે.

લાકડા બાળવાને કારણે વાતાવરણમાં પ્રદૂષણમાં વધારો થતો હોય છે. કન્સ્ટ્રક્શન સાઈન પર મજૂરો લાકડું બાળે છે કે નહીં અને કૉન્ટ્રેક્ટર તેમને ભોજન પૂરું પાડે છે કે નહીં તેના પર વોર્ડ સ્તરે નીમવામાં આવેલા અધિકારીએ નજર રાખવાની રહેશે. મુંબઈની હવાની ગુણવત્તા ૨૦૨૩થી સતત કથળી રહી છે.

મુંબઈમાં ધૂળ અને પ્રદૂષણને રોકવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ જુદી જુદી યોજના અમલમાં મૂકી છે, જેમાં ઑક્ટોબર, ૨૦૨૩માં એક સર્ક્યુલર બહાર પાડીને મુંબઈની કન્સ્ટ્રક્શન સાઈન પર પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટેની ઉપાયયોજના અમલમાં મૂકવાનો આદેશ આપ્યો હતો, જેમા ૨૮ ગાઈડલાઈન હતી.

નોંધનીય છે કે પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે તાજેતરમાં પાલિકા કમિશનરે ભૂષણ ગગરાણી તાજેતરમાં પર્યાવરણ વિભાગ સાથે બેઠક યોજી હતી.

તમામ ગાઈડલાઈન સખતાઈપૂર્વક અમલમાં આવે તે માટે વોર્ડ સ્તરે નીમવામાં આવેલી ટીમ દ્વારા ઈન્સ્પેકશન કરતા રહેવાની સૂચના પણ તેમણે આપી હતી. ગાઈડલાઈનનું પાલન નહીં કરનારા ડેવલપરને શો-કોઝ નોટિસ ફટકારવાની અને સ્ટોપ વર્કની નોટિસ પણ મોકલવામાં આવવાની સૂચના કમિશનરે આપી હતી. ■

# મુંબઈના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામ ચૂંટણી બાદ જ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના તમામ રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જોકે હાલ વિધાનસભાની ચૂંટણીને પગલે અમલમાં આવેલી આચારસંહિતાને પગલે બીજા તબક્કામાં કૉંક્રીટાઈઝેશનના કરવામાં આવનારા કામ હવે ચૂંટણી બાદ જ શરૂ થવાની શક્યતા છે.

સુધાઈના અધિકારીના જણાવ્યા મુજબ હાલ ટ્રાફિક પોલીસ પાસેથી નો ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવાથી લઈને જુદી જુદી યુટિલિટીઝના સ્થળાંતરના કામમાં મુશ્કેલી આવી રહી છે. આ મુદ્દાઓને ઉકેલવા માટે પાલિકા ઈલેટ્રિસિટી કંપની, ગેસ પુરવઠો કરનારી જેવી જુદી જુદી યુટિલિટીઝ કંપનીઓ સાથે ચર્ચા કરી રહી છે. સુધરાઈએ જરૂરી મંજૂરી મેળવવા માટે ટ્રાફિક કમિશનર સાથે એક સંયુક્ત બેઠકનું પણ આયોજન કર્યું છે.

સુધરાઈએ ચોમાસાની વિદાય સાથે જ ઑક્ટોબર મહિનામાં રસ્તાઓના કૉંક્રીટાઈઝેશનના કામ ચાલુ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પહેલા તબક્કામાં પૂર્વ અને પચિમ ઉપનગરોમાં લગભગ ૩૨૪ કિલોમીટરના રસ્તાઓનું ૩૧ મે, ૨૦૨૫ સુધી કામ પૂરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ દરમિયાન બીજા તબક્કામાં ૩૦૯ કિલોમીટરના રસ્તાઓનો સમાવેશ થાય છે. પરંતુ જરૂરી મંજૂરી મેળવવામાં પાલિકાને મુશ્કેલીઓ આવી રહી છે. વર્ક ઓર્ડર બહાર પાડી દેવામાં આવ્યા છે. ■

# લૉરેન્સ બિશ્નોઈના પાક્કા દુશ્મન આ પાંચ લોકો છે

મુંબઈઃ મુંબઈમાં બાબા સિદ્દીકીની હત્યા બાદ એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે લોરેન્સ બિશ્નોઈનો સૌથી મોટો જાની દુશ્મન કોઈ હોય તો તે છે સલમાન ખાન. પરંતુ શું તમને ખબર છે કે લોરેન્સ બિશ્નોઈ ભલે સલમાન ખાનની જાનનો દુશ્મન હોય પણ ગુનાખોરીની આ અંધારી દુનિયામાં પાંચ એવી ગેન્ગ છે કે જે લોરેન્સ બિશ્નોઈના લોહીની તરસી છે? આ ગેન્ગના નિશાના પર છે લોરેન્સ બિશ્નોઈ અને જેવો લોરેન્સ જેલમાંથી બહાર આવશે એટલે આ લોકો તેના પર હુમલો કરવાની એક તક નહીં છોડે, ચાલો તમને જણાવીએ આ ગેન્ગ વિશે-

**સુખપ્રીત સિંહ બુડ્ડા અને બંબીહા ગેન્ગઃ**

લોરેન્સના પાંચ સૌથી મોટા દુશ્મનોમાંથી સૌથી પહેલાં નંબરે આવે છે સુખપ્રીત સિંહ બુડ્ડા અને બંબીહા ગેન્ગ. બિશ્નોઈ ગેન્ગ અને બંબીહા ગેન્ગની આ દુશ્મનાવટમાં અત્યાર સુધી અનેકનો ભોગ લેવાઈ ચૂક્યો છે. પરંતુ આ બંને એકબીજાના જાની દુશ્મન બન્યા એ સમયે જ્યારે લોરેન્સનો સાથી અમિત શરણની હત્યા થઈ. સુખપ્રીત સિંહ બુડ્ડા હાલમાં કપૂરથલા જેલમાં બંધ છે.

**લકી પટિયાલઃ**

યાદીમાં બીજા નંબરે આવે છે આર્મેનિયામાં બેઠો લકી પટિયાલ. લકી પણ બંબીહા ગેન્ગ સાથે સંકળાયેલો છે અને તે પોતાને આ ગેન્ગનો વડો માને છે. ભારતમાં લકીના માથા પર પાંચ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે અને આ લકી પણ લોરેન્સનો સૌથી મોટો દુશ્મન છે. લોરેન્સે લકીને મારવા માટે સચિન થાપન અને રોહિત ગોદારાને આર્મેનિયા મોકલ્યા હતા. આ બે એ જ શૂટર હતા કે જેમણે સિદ્ધુ મૂસેવાલાની હત્યા કરી હતી. પરંતુ બંને જણ લકીને મારી નહીં શક્યા અને ત્યારથી જ લોરેન્સ અને લકી દુશ્મન બની ગયા.

**કૌશલ ચૌધરીઃ**

કૌશલ ચૌધરી પણ લોરેન્સ બિશ્નોઈનો દુશ્મન છે. આ બંનેની દુશ્મનાવટની વાત કરીએ તો લોરેન્સના સાથી વિક્કી મિદુખેડાના હત્યારાઓને કૌશલ ચૌધરીએ જ હથિયારો પૂરાં પાડ્યાં હતાં. વિકીની હત્યાનો બદલો લેવા માટે લોરેન્સે સિદ્ધુ મૂસેવાલાની હત્યા કરાવી હતી. આ હત્યા બાદ કૌશલે લોરેન્સને ધમકી આપી હતી કે તે હવે લોરેન્સની હત્યા કરશે.

**નીરજ બવાનાઃ**

નીરજ બવાના પણ લોરેન્સ બિશ્નોઈના જાનનો દુશ્મન છે, નીરજનું સાચુ નામ નીરજ સહરાવત છે, પણ તે બવાના ગામનો રહેવાસી છે એટલે તે નીરજ બવાના તરીકે ઓળખાવે છે. લોકોને તેને દિલ્હીનો દાઉદ પણ રહે છે, જે તિહાડ જેલમાં છે.

**જગ્ગુ ભગવાનપુરિયાઃ**

એક સમયે જગ્ગુ ભગવાનપુરિયા અને લોરેન્સ બિશ્નોઈ ખાસ મિત્રો હતા, પરંતુ હાલમાં તે જેલમાં છે. જ્યારે લોરેન્સ બિશ્નોઈએ સિદ્ધિ મૂસેવાલાની હત્યા કરાવી અને તેના કેસમાં જ્યારે જગ્ગુ ભગવાનપુરિયાની પૂછપરછ કરી તો તેણે લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ લીધું અને બસ લોરેન્સને આ વાતનો ગુસ્સો આવ્યો. એ દિવસનો આજનો દિવસ છે કે બંનેની દોસ્તી દુશ્મનીમાં બદલાઈ ગઈ. ■

# ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરેલો?:

## હા,... તો લઈ જાવ શિંદે-સેનાની ટિકિટ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઇ ગઇ છે અને દરેક પક્ષ તેમની તૈયારીમાં લાગ્યા છે. દરેક પાર્ટી તેમના ઉમેદવાર જાહેર કરી રહી છે. એવામાં મહાયુતિના સત્તાધારી પક્ષ શિંદેની શિવસેનાએ પણ વિધાનસભાની ચૂંટણી લડનારા ૪૫ ઉમેદવારોની યાદી જારી કરી દીધી છે. આ ઉમેદવારોમાં એક વાત ઉડીને આંખે વળગે છે અને તે એ છે એકનાથ શિંદેએ એ બધા વિધાનસભ્યોને ફરીથી ટિકિટ આપી છે, જેમણે જૂન ૨૦૨૨માં તત્કાલિન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સામે વિદ્રોહ કર્યો હતો અને શિંદે સાથે ગુવાહાટી ગયા હતા.

એકનાથ શિંદે કોપરી-પંચપાખાડીથી ચૂંટણી લડી રહ્યા છે. પક્ષે કેબિનેટ પ્રધાન ઉદય સામંતના ભાઇ કિરણ સામંતને રાજાપુર વિધાનસભા સીટની ઉમેદવારી આપી છે, જ્યારે ઉદય સામંતને રત્નાગિરીથી ઊભા રાખવામાં આવ્યા છે. શિંદે સેનાની પહેલી સૂચિમાં ત્રણ મહિલાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે. કેટલાક નવા ચહેરાઓમાં રાજકીય પરિવારોના નેતાઓ અને અપક્ષોને પણ સ્થાન મળ્યું છે.

એકનાથ શિંદેએ સોશિયલ મીડિયા પર તેમના ઉમેદવારોની યાદી પોસ્ટ કરી હતી. દ.મુંબઇથી લોકસભાની ચૂંટણી લડી ચૂકેલા યામિની યશવંત જાધવને ફરીથી ઉમેદવારી આપવામાં આવી છે. તેઓ ભાયખલાથી ચૂંટણી લડશે. ઉત્તર પશ્ચિમ મુંબઇમાંથી લોકસભાની ચૂંટણી જીતેલા રવિન્દ્ર વાયકરના પત્ની મનીશા વાયકરને જોગેશ્વરી પૂર્વથી ઉમેદવારીની તક આપવામાં આવી છે. રવિન્દ્ર વાયકર આ સીટ પરથી જીતતા હતા . હવે તેઓ સાંસદ બની ગયા છે, એટલે તેમના પત્નીને મોકો આપવામાં આવ્યો છે.

પ્રકાશ સુર્વે, દિલીપ લાંડે અને મંગેશ કુડાલકર જેવા વિધાનસભ્યોને ફરીથી તક આપવામાં આવી છે. માહિમ બેઠક પરથી વિધાનસભ્ય સદા સરવણકરને ઊભા રાખવામાં આવ્યા છે. આ બેઠક પરથી મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેના પુત્ર ચૂંટણી લડવાના છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ અમિત ઠાકરે સામે કોઇ ઉમેદવાર ઊભો નહીં રાખવાનું નક્કી કર્યું છે. એવી ચર્ચા છે કે સદા સરવણકર પણ રાજ ઠાકરેના પુત્ર અમિત માટે પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકે છે.

અમરાવતી જિલ્લામાં દરિયાપુર બેઠક પર અડસુલ પરિવારના અભિજીતને ઊભા રાખવામાં આવ્યા છે, તો પૈઠણથી સંદીપન ભુમરેના પુત્ર વિલાસ ભુમરેને ઉમેદવારી આપવામાં આવી છે, જ્યારે કેબિનેટ સભ્ય દાદા ભુસે માલેગાંવ (આઉટર)થી ચૂંટણી લડશે.

શિંદેએ રામટેકથી આશિષ જયસ્વાલ, ભંડારાથી નરેન્દ્ર ભોંડેકર, વૈજાપુરથી રમેશ બોરનારે અને ઉમરગામથી જ્ઞાનરાજ ચૌગુલેને ઊભા રાખી અપક્ષ વિધાનસભ્યોનું પણ ધ્યાન રાખ્યું છે. તો એરંડોલથી અમોલ પાટીલ, ખાનપુરથી અભિજીતને, વિકાસ ભુમરે, મનીશા વાયકર, કિરણ સામંત, સુહાસ બાબરને ટિકિટ આપીને શિંદેએ સગપણને પણ ધ્યાનમાં રાખ્યું છે. ■

# મરાઠા ચૂંટણી ઉમેદવારોના નામની જાહેરાત છેક છેલ્લી ઘડીએઃ જરાંગે

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠા આરક્ષણના આંદોલનકારી મનોજ જરાંગેએ ગુરુવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કઈ બેઠક પરથી કયો ઉમેદવાર ચૂંટણી લડશે એની સંખ્યા અને અન્ય વિગતો આવતા અઠવાડિયે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે જાહેર કરવામાં આવશે.

મરાઠા સમાજના અનેક ઉમેદવારો પોતાનું ઉમેદવારી પત્ર હાલ ભરી શકે છે, પરંતુ ચૂંટણી કયા મતવિસ્તારમાંથી લડવામાં આવશે તેમજ ઉમેદવારોના નામ પાછળથી નક્કી કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. જરાંગે અન્ય પછાત વર્ગો (ઓબીસી) કેટેગરી હેઠળ મરાઠાઓને અનામત આપવાની માંગ કરી રહ્યા છે, તેમજ હૈદરાબાદ, બોમ્બે અને સતારા ગેઝેટ્સના ડ્રાફ્ટ નોટિફિકેશનના અમલની પણ માગ કરી રહ્યા છે જેમાં મરાઠા સમુદાયને કુણબી તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.કુણબી કૃષિ સમુદાય છે અને ઓબીસી કેટેગરી હેઠળ અનામત અને લાભો માટે પાત્ર છે.

વિધાનસભાની ચૂંટણી માટે મરાઠા સમુદાયની નોંધપાત્ર હાજરી છે એવા મતવિસ્તારોમાં ઉમેદવારોને ઉતારવામાં આવશે એવી જાહેરાત જરાંગેએ રવિવારે કરી હતી. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

## કાશ! આપણા

અસમર્થ નેતાઓ હેઠળ જીવવા માટે મજબૂર છીએ.

બાંદ્રા ટર્મિનસ પરની નાસભાગની ઘટના વિશે રેલવે તરફથી એક નિવેદન જારી કરવામાં આવ્યું છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ૨૭ ઑક્ટોબરના રોજ પેસેન્જર ટ્રેન નંબર ૨૨૯૨૧ અંત્યોદય એક્સપ્રેસ બીડીટીએસ (બાન્દ્રા ટર્મિનસ) યાર્ડથી પ્લેટફોર્મ નંબર એક પર ધીમે-ધીમે આવી રહી હતી, ત્યારે પ્લેટફોર્મ પર હાજર યુપી, બિહાર જવા માગતા મુસાફરોએ ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે અફડાતફડી અને નાસભાગ મચી ગઇ હતી, જેમાં બે મુસાફરો પડી ગયા અને ઘાયલ થયા હતા.

તે સમયે ફરજ પર હાજર રેલવે પોલીસ, જીઆરપી અને હોમગાર્ડ્સે તાત્કાલિક કાર્યવાહી કરી ઘાયલોને નજીકની ભાભા હૉસ્પિટલમાં પહોંચાડ્યા હતા. તમામ ઘાયલ મુસાફરોની હાલત સામાન્ય છે. રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ ચાલતી ટ્રેનમાં ન ચઢે અથવા ઊતરે નહીં. એ જોખમકારક છે.

નોંધનીય છે કે દિવાળી અને છઠના તહેવારને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અને ખાસ કરીને તેમને યુપી અને બિહાર પહોંચવા માટે ૧૩૦ થી વધુ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે, જેમાંથી ૮૭ ટ્રેન તો મુંબઇમાંથી જ દોડાવવામાં આવી રહી છે.

### રેલવેને બુલેટ ટ્રેનમાં રસ, મુંબઈના પ્રવાસીઓની અવગણના : રાઉત

શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને તેમના ખાતાની ટીકા કરી છે. તેમણે જણાવ્યું હતું કે રેલવે માત્ર બુલેટ ટ્રેનના કામમાં રસ લઈ રહી છે અને મુંબઈના પ્રવાસીઓને અવગણવામાં આવી રહ્યા છે. મુંબઈ સૌથી વધારે મહેસૂલ આપે છે, પરંતુ અહીંના પ્રવાસીઓને સુવિધાના નામે કંઈ નથી મળતું. તેમને મરવા માટે છોડી દેવાય છે.

તેમણે અશ્વિની વૈષ્ણવની ટીકા કરતા જણાવ્યું કે તેઓ ખૂબ શિક્ષિત છે અને આઈઆઈટી જેવી સંસ્થા સાથે જોડાયેલા છે, પરંતુ સામાન્ય જનતાની સમસ્યાને સમજવામાં તેઓ નિષ્ફળ ગયા છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો કે અત્યાર સુધીમાં મોદી-૩.૦ના શાસનમાં ૨૫ રેલ દુર્ઘટનાઓ થઈ છે, પરંતુ કોઈ પગલાં લેવાયાં નથી. ■

## જૈન મરણ

મહેસાણા હાલ મુંબઇ નિવાસી ધનલક્ષ્મીબેન ચંપકલાલ ભોગીલાલ શાહના સુપુત્ર અશોકભાઇના ધર્મપત્ની સુનીતાબેન (ઉં. વ. ૭૬) તે પાટણ નિવાસી પદમાવતીબેન નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા)ની સુપુત્રી. તેજલ, સોનલનાં માતુશ્રી. તે રોહિતભાઇ તથા મધુકરભાઇના સાસુ. સ્વ. મહેન્દ્રભાઇ, જયેન્દ્રભાઇ, દીલીપભાઇ, સ્વ. સરોજબેન, કુમુદબેન તથા સુરેખાબેનના ભાભી. દૃષ્ટિ, અનુસ્કા, સમીરાનાં નાની. તે પીનાબેનનાં દેરાણી, દક્ષાબેન, દીનાબેનનાં જેઠાણી. તા. ૨૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી, હાલ અમદાવાદ, સ્વ. બાલુભાઈ રામાજીભાઈ કોઠારીના પુત્ર. તે વર્ષાબેનના પતિ ડો.જયંતભાઈ કોઠારી (ઉં.વર્ષ ૮૩) તે રજનીકાંત-ભારતી, અરવિંદ-ઉર્મિલા, અશ્વિન-વર્ષા, સ્વ. ચંદાબેન અને સ્વ. મધુબેન કાન્તિલાલ શાહના ભાઈ તે સંજીવ અને કોમલના પિતા, અભિજ્ઞા અને રવિ ના સસરા, તે સસરા પક્ષે લાઠી નિવાસી સ્વ. છોટાલાલ કેશવજી દોશીના જમાઈ ૨૬/૧૦/૨૪ ના અરિહંતશરણ પમ્યા છે. લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે.મુ.પૂ જૈન**

વઢવાણ નિવાસી સ્વ.ચંપકલાલ મોહનલાલ શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ-૮૬ હાલ બોરીવલી) તે પ્રકાશ-પિયુષ દિપ્તીના માતુશ્રી. તે વીણા-જયશ્રી-રાજેશકુમારના સાસુ. તે સ્વ. રતનશી તેજપાળના દીકરી. તે સ્વ. પ્રભુલાલ - સ્વ.જયસુખલાલ-સ્વ.હસમુખલાલ-સ્વ.જયંતીભાઈ-દિનેશભાઇ-સ્વ.પ્રભાબેન કાંતિલાલ તથા ચંદનબેન મહેન્દ્રકુમારના ભાભી. તે વિધિ-મોસમ-હેતા-અનેરી-નિયતિના દાદી. તા.૨૭-૧૦-૨૦૨૪ ને રવિવારના રોજ અરિહંતશરણ પામ્યાં છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. રે.ઠે. પિયુષ શાહ, શ્રી સાગર દર્શન બિલ્ડીંગ, અ-૨૦૧ ૨ જે માળે ચંદાવરકર રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના કુસુમ શાંતીલાલ ગાલા (ઉં. વ. ૬૬) તા. ૨૫-૧૦-૨૪ના ચાર દિવસનાં અનશનવ્રતથી દેવલોક પામેલ છે. હીરબાઇ વીરજી જેવતના પુત્રવધુ. શાંતીલાલના પત્ની. કેકીન, ડીમ્પીના માતુશ્રી. મો. ખાખર સુંદરબેન ખેતશી રામજીના પુત્રી. કીશોર, પ્રફુલ્લ, હેમંત, રાજેશ, લાખાપર ભાનુબેન અમૃતલાલ, ગુંદાલા જયાબેન લહેરચંદના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. શાંતીલાલ ગાલા, એ-૫, નિર્મલ છાયા સો., માનપાડા રોડ, ડોંબીવલી (ઇ.).

સમાઘોઘા હાલે ભોરારાના અરવિંદ માવજી ગાલા (ઉં. વ. ૭૩) ૨૬-૧૦-૨૪ના અવસાન પામેલ છે. પુરબાઇ માવજી વેલજીના સુપુત્ર. અમૃતબેનના પતિ. સ્વ. પ્રીતી, અમિતના પિતા. અમૃત (બબો), નાના ભાડીયા હેમલતા ધીરજ છેડાના ભાઇ. તલવાણા સાકરબેન ઉમરશી નેણશી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. અમિત અરવિંદ ગાલા, ૪ ઇન્દ્રલોક, અડુકીયા સ્કુલ, કાંદીવલી (વે.).

માપરના જવેરબેન જગશી જાગાણી (ઉ.૮૦) તા. ૨૬-૧૦-૨૪ ના અવસાન પામેલ છે. દેવાબાઈ ભોજરાજના પુત્રવધુ. જગશીના પત્ની. મયંક, હિના, છાયા, દીપાના માતુશ્રી. હીરાબેન દામજીના પુત્રી. લહેરી, હંસાના બેન. પ્રા. : શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ૧લે માળે, માટુંગા (સે.) ટા. : ૧.૩૦ થી ૩.૦૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ સાયન મુંબઇ સ્વ. કમળાબેન ભાઇચંદ દેસાઇના પુત્રવધુ. સ્વ. ધનજંયભાઇના ધર્મપત્ની જયોત્સનાબેન (ઉં. વ. ૯૧) શનિવાર, તા.૨૬-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અ. સૌ. તેજલ રોમિલ શાહના મમ્મી. સ્વ. શીવલાલ મંગળદાસ મહેતાના પુત્રી. નિરંજનાબેન હસમુખરાય દોશીના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાણી પાટણ જૈન**

ગોદડાના પાડાના હાલ પૂના સ્વ. કાંતિલાલ મણીલાલ શાહ તથા રમીલાબેન કાંતિલાલ શાહના પુત્ર જતીનભાઇ (ઉં. વ. ૬૫) શનિવાર, તા. ૨૬-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે વૈભવીના પતિ. રિદ્ધિ તથા રોશનીના પિતા. સ્વ. ગીરીશભાઇ, હેમંતભાઇ તથા ભાવનાબેનના ભાઇ. તે સ્વ. નેમચંદ લલ્લુભાઇ શાહના જમાઇ. તે સ્વ. કલ્પનાબેનના દિયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટી વાવડી (પાલીતાણા) નિવાસી હાલ માટુંગા નિવાસી સ્વ. અભેચંદ લાલચંદ દોશીના સુપુત્ર પ્રભુદાસભાઈના ધર્મપત્ની મધુમતીબેન, (ઉં.વ. ૮૪) રવિવારે તા. ૨૭-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેઓ હિતેશ, ચેતન, ભાવના પંકજકુમાર શાહ તથા વિભા નિમેષકુમાર દોશીના માતુશ્રી, આરતી તથા રશ્મિના સાસુ. સ્વ. છોટુભાઈ, સ્વ. પ્રભાબેન, કિર્તીભાઈ તથા જયાબેનના ભાઈના ધર્મપત્ની, પિયરપક્ષે પાલીતાણા સ્વ. મણીલાલ પોપટલાલ વોરાના દિકરી, નિવાસસ્થાન- ૩૦૧, બાલાજી સદન, ૨૭, બ્રાહ્મણ વાડા રોડ, એસ. આઈ.એસ. સ્કુલની સામે, કિંગસર્કલ સ્ટેશન પાસે, મુંબઈ-૪૦૦૦૧૯, લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દિનેશભાઈ તથા મીના મહેતાના પુત્ર નિર્ભય મહેતા, (ઉં.વ. ૪૬), તે પુનિત-મિહિરના મોટાભાઈ, તે મોક્ષદા, રિદ્ધિના જેઠ. તે કવિતા-નિલેશભાઈના ભત્રીજા, લતાબેન, ગીતાબેન, વિભાબેન, બીનાબેનના ભત્રીજા. ઈષ્ટી, વિહાન, પરિધિના કાકા. રવિવાર, તા. ૨૭-૧૦-૨૪ના રોજ અરિહંતશરણ પામ્યા છે, તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૦-૨૦૨૪ના સોમવારે સાંજના ૩ થી ૫, ઠે. લાઈન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયાનગર, ઘાટકોપર ઈસ્ટ, સ્કીન ડોનેટ કરેલ છે.

## પારસી મરણ

રૂસી ફામરોઝ સચીનવાલા તે મરહુમો પીલા ને ફામરોઝ સચીનવાલાના દીકરા. તે દારા, મહેરૂ, માનેક ને મરહુમ જીમીના ભાઇ. તે દિલશાદ મેહેરનોશ બુહારીવાલા ને ગુલશન ઝુબીન મેકના મામા. (ઉં. વ. ૭૯) રે. ઠે. એ-૮, માલેગામવાલા બિલ્ડિંગ, એમ. એમ. સી. રોડ, માહીમ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૬.ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૦-૨૪ના રોજ બપોરે ૩.૪૦ કલાક સુનાવાલા અગિયારી, માહીમ.

કેકી દારબશા ખંભાતા તે મરહુમ મીઠુના ખાવીંદ. તે મરહુમો આલામાય તથા દારબશા ખંભાતાના દીકરા. તે મહીયાર ને નાઝનીનના બાવાજી. તે કેરસી તથા મરહુમો ફલી, સામી, ધન પૂટલા ને કેટીના ભાઇ. તે બીનાઇફર ને દીનશાના સાસુ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૨૪/૧૨, પંથકી બાગ, હરગોવિંદદાસ, સેનેટોરિયમ લેન, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૦-૨૪ના રોજે બપોરે ૩.૪૫ કલાકે ભાભા બંગલી નં.૨, ડુંગરવાડી.

## હિન્દુ મરણ

**લોહાણા**

મૂળ વતન સલડી હાલ કલ્યાણ નિવાસી. સ્વ. બાબુલાલ નાગજીભાઈ સેજપાલના પુત્રવધૂ શીલાબેન (ઉં.વ.૬૨) નરેન્દ્રભાઇના પત્ની. ચિ.શશાંકના માતુશ્રી તા.૨૬/૧૦/૨૪ના શ્રીજી ચરણ પામેલ છે. તે સૌ. સુમનબેન પ્રફુલ્લભાઇના દેરાણી. સૌ. નિલમબેન ગિરીશભાઈના જેઠાણી. સૌ. તારાબેન હિંમતલાલ, ભાનુબેન ભુપેન્દ્ર, સૌ. રંજનબેન સુરેશભાઈ. સૌ. ધર્મીષ્ઠા જયેશભાઈના ભાભી. યવતમાળ નિવાસી સ્વ. નારાયણભાઈ ભવાનજીભાઈ ઉનડકટના દિકરી. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૨૮/૧૦/૨૪ બપોરે ૪.૩૦ થી ૬.૦૦ શ્રી કલ્યાણ લોહાણા મહાજન વાડી, જલારામ સભાગૃહ, કલ્યાણ પશ્ચિમ.

**ગોડવાડ ઓસવાલ**

મરુધરમા બાલી હાલ મલાડ નિવાસી, શાંતાબેન મોહનલાલજી મેહતા, (ઉં. વ. ૮૪) તેમનો અરીહંતશરણ શનીવાર ૨૬.૧૦.૨૪ને થયેલ છે. તે મોહનલાલજી મેહતાનાં પત્ની, રમેશ, લાખન, પ્રીતમ, ભાનુબેનના માતા, સરોજ, હેમા, ઉષા, અશોકજીના સાસુ, સોહનલાલ, ચંપાલાલ, લલિત, મહાવીરના ભાભી. પિયર પક્ષ સ્વ. લાલચંદજી, નેમીચંદજી રાણાવત પરિવાર (બાલી, રાજસ્થાન). ભાવ યાત્રા ૨૮.૧૦.૨૪ સોમવાર મલાડ કપોલ બેન્કવેટ હોલ, શ્રીનાથ સોસાયટી, રામચંદ્ર લેન એક્ષ રોદ, કાંચપાડા, મલાડ વેસ્ટમા સવારે ૧૧થી ૧. બન્ને પક્ષની ભાવ યાત્રા સાથે છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભૂંભલી નિવાસી હાલ મુંબઇ સ્વ. રસિકભાઇ મગનલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. સરોજબેન (ઉં. વ. ૯૨) તે માલતીબેન કમલેશકુમાર શાહ, રીટાબેન નયનકુમાર પરીખ, દિપ્તીબેન મહેતા, જાગૃતિબેન અમિતકુમાર શેઠના માતુશ્રી. સ્વ.ધનલક્ષ્મીબેન, સ્વ. જયોતિબેન, સ્વ. પ્રમોદભાઇ તથા ગં. સ્વ. દિવ્યાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. જયંતીલાલ પુરુષોત્તમદાસ ગાંધીના દીકરી. શનિવાર, તા. ૨૬-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબેન મોરારજી કારિયા ગામ ખારઇના હાલ મઝગામની પુત્રી કુસુમ મોરારજી કારિયા (ઉં. વ. ૭૩) તા. ૨૩-૧૦-૨૪ના ચિત્રકૂટ ધામ મધ્યે રામશરણ પામેલ છે. તે રેખાબેન ઉદય ગડા, સ્વ. જયોત્સના, ઇંદિરા, નયના, આશા, રેણુકા કનુભાઇ કોઠારી, ગં. સ્વ. રમા દિપકભાઇ ઠક્કર, રાજન તથા પરેશના બેન તે પ્રીતિ પરેશ કારિયાના નણંદ. ધારાના ફોઇ, તે હાર્દિક, વિશાલ, હિરેન, માધુરી, ક્રાંતિના માસી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. કચ્છી લોહાણા નિવાસ ગૃહ, ૬૯/બી, ૧લે માળે, રૂ.નં.૨૭/૨૮, મઝગામ મુંબઇ-૧૦.

**કચ્છી લોહાણા**

ગામ કોટડા રોહા હાલ મુંબઇ મુલુંડ સ્વ. ઝવેરબેન જેઠમલ મોતીરામ કોઠારીના સુપુત્ર હંસરાજ જેઠમલ કોઠારી (ઉં. વ. ૯૦) તે સરલાબેનના પતિ. તે સ્વ. ચંપાબેન જેઠાલાલ પવાણી (મઉ)ના મોટા જમાઇ. તે હર્ષા, પ્રદીપ, મીરાના પિતાશ્રી. તે અ. સૌ. પ્રીતીબેન તથા સ્વ. હર્ષદભાઇ ત્રિલોકભાઇ સોતાના સસરાજી. તે સ્વ. રજનીબેન માધવજી તથા ગં. સ્વ. વીણાબેન ચંદ્રકાન્તભાઇ અને શૈલેષ શંકરભાઇના ભાઇ. તા. ૨૫-૧૦-૨૪ના શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચોગઠવાળા હાલ મીરા રોડ કનૈયાલાલ વ્રજલાલ દેસાઇના ધર્મપત્ની અ. સૌ. જસવંતી (ઉં. વ. ૮૦) તા. ૨૬-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હિતેશ, ધર્મેશ, જયેશ, નીલમના માતુશ્રી. પ્રિતી, કાનન, રીટા, નૈનેશ, દોશીના સાસુમા. તે હરકુવરબેન નારાયણદાસ ગાંધી (ભિવંડીવાળા)ની સુપુત્રી. તે ગં. સ્વ. ઇન્દુમતી બળવંતરાય દેસાઇના દેરાણી. તે ક્રિષ્ણા કરણ દેસાઇ, હરનીલ, ડેનિશ, ઐશ્વર્યા, વૈષ્ણવીના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૦-૨૪ના સોમવાર સાંજે ૫થી ૭. ઠે. હેપ્પી હોમ કોમ્પ્લેક્સ, કલબ હાઉસ, બેન્ક ઓફ ઇન્ડિયા નજીક, શાંતિપાર્ક, મીરારોડ (પૂ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# ધર્મતેજ

## સ્વયંસિદ્ધ સત્ય



મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

સત્ય સ્વયં આધારિત છે. સત્ય પારદર્શી છે. સત્ય નિર્દોષ છે. સત્ય સ્વયંસિદ્ધ છે. સત્ય અફર છે. સત્ય સત્ય છે. સત્ય સર્વત્ર સદા સન્માનનીય છે.

સત્ય એટલે એવું વિધાન કે જેમાં જે તે પરિસ્થિતિનું નિરૂપણ જેમનું તેમ કરવામાં આવે. સત્ય એટલે યથાર્થની રજૂઆત. સત્ય એટલે કોઈપણ પ્રકારના સ્વાર્થ કે તાદાત્મ્યતા વગર કહેવાયેલી બાબત. સત્યથી વિપરીત અસત્ય પણ હોઈ શકે અને મિથ્યા પણ. અસત્ય અને મિથ્યા વચ્ચે ભેદ છે.

પ્રમાણના જે વિવિધ પરિમાણો છે તેમાં પ્રત્યક્ષ દ્વારા સત્ય સ્થાપિત થવાની સંભાવના સૌથી વધુ હોય છે. કહેવાય છે કે આંખો ક્યારેય જૂઠું ન બોલે અને તેથી જ આંખ જે નક્કી કરે તે સત્ય. અનુમાનમાં પૂર્વાપર સંબંધની સમજ જરૂરી છે. અહીં એકના આધારે બીજો નિર્ણય લેવાય છે. અહીં આધાર આપતી પરિસ્થિતિ માટે સ્પષ્ટતા, હયાત પરિસ્થિતિની સમજ અને આ બંને વચ્ચેનો સંબંધ યોગ્ય હોય તો જ અનુમાનથી સત્ય પામી શકાય. ઉપમાનમાં પણ મર્યાદા રહેલી છે. અહીં બે બાબતો વચ્ચેની સામ્યતાથી સમજ સ્થપાય છે. આવી સામ્યતા ક્યારેય સંપૂર્ણતામાં સંભવી ન શકે. તેથી ક્યાંક શંકાને સ્થાન મળી રહે. ધારણા એક પ્રકારનું અનુમાન જ છે. અહીં ફળીભૂત થયેલી ઘટનાઓની શૃંખલાને આધારે નિર્ણય લેવાય છે. પ્રમાણ માટેનું અંતિમ માધ્યમ 'શબ્દ'-જે તે બાબતમાં પારંગત વ્યક્તિ દ્વારા નિર્ધારિત થયેલી બાબત છે. આવી બાબત સત્ય હોવાની સંભાવના વધુ છે. જ્ઞાન માટે કપિલ મુનિનું વાક્ય અંતિમ માની શકાય તો યોગ સાધના માટે પતંજલિનું વિધાન સાચું માનવું પડે.

અર્થાત્ એમ માની શકાય કે જે દેખાયું છે, જે અનુભવાયું છે, જે સમજાયું છે તેની યથા સ્વરૂપની રજૂઆત એટલે સત્ય. બની શકે કે માનવીની મર્યાદાઓને કારણે સત્ય સંપૂર્ણતામાં છતું ન થયું હોય. જે વ્યક્તિની રંગ પારખવાની શક્તિ નબળી હોય તે વ્યક્તિ રંગની બાબતમાં જે 'સત્ય' કહે તે 'અસત્ય' પણ હોઈ શકે. આવા સંજોગોમાં સત્યની વ્યાખ્યા જટિલ બની રહે. અહીં કોઈનો અસત્ય કહેવાનો આશય નથી હોતો, તેથી અસત્ય કથન માફીને યોગ્ય છે. પરંતુ તેનાથી અસત્ય સત્યમાં પરાવર્તિત નથી થઈ જતું અને તેથી જ એમ માનવા મન પ્રેરાય છે કે સત્ય ક્યારેક વ્યક્તિની ક્ષમતાની બહારનો વિષય બની રહે. સત્ય વ્યક્તિ આધારિત ન હોઈ શકે. સત્ય સંજોગો આધારિત પણ ન હોઈ શકે. સત્ય સમયના બંધનમાં પણ ન બંધાય. સત્ય શાશ્વત છે, અખંડ છે, અલિપ્ત છે, નિર્દોષ છે. એમ માનવામાં આવે છે કે વિજ્ઞાન અને ગણિત સત્ય પર આધારિત છે. તત્ત્વજ્ઞાનના મૂળમાં સત્યની શોધની ઈચ્છા છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં સત્ય એ મુક્તિ માટેનું સાધન ગણાય છે. રોજિંદા વ્યવહારમાં સત્યનું નૈતિક મહત્ત્વ છે. સત્ય એક રિવાજ છે જેનાથી સમાજની પ્રત્યેક વ્યક્તિને અનુકૂળતા રહે છે. સત્ય પૂર્વકના વ્યવહારથી સમાજમાં સુસંવાદિતતા અને નૈતિકતા જળવાઈ શકે.

આમ તો એમ કહેવાય છે કે પરબ્રહ્મને નથી સત કહી શકાતું કે નથી અસત કહી શકાતું. છતાં પણ આધ્યાત્મિક વિશ્વમાં સત્યનું મહત્ત્વ સ્થાપિત થયેલું છે. સત્યના આચરણથી આધ્યાત્મિક પ્રગતિની સંભાવનાઓ વધી જાય છે. સત્ય બોલવાથી ઘણાં દોષ નાબૂદ થવાની સંભાવના ઊભી થાય છે. સત્યમાં પરિસ્થિતિનું જેમનું તેમ નિરૂપણ કરવાનું હોવાથી અહીં સ્વાર્થ તેમજ અહંકારનો છેદ ઊડી જાય છે. કોઈપણ પ્રકારનો લગાવ સત્યમાં પ્રતિબિંબિત ન થઈ શકે. સત્ય કોઈ દિવસ 'મારુ' કે 'તારુ' ન હોઈ શકે. સત્ય અત્યારનું અને પછીનું પણ ન હોઈ શકે. સત્ય માટે 'અહીં'નું કે 'તહીં'નું જેવો ભેદ પણ ન હોય. દરેક પરિસ્થિતિમાં સત્ય સત્ય જ રહે છે.

ચાર પ્રકારના પુરુષાર્થમાંથી, સત્ય બોલવું એ ધર્મ છે. સત્ય થકી મોક્ષની પ્રાપ્તિ પણ સંભવ છે. પ્રશ્ન કામ અને અર્થમાં છે. કામના કે ઈચ્છા સંસારના નીતિ નિયમોને આધારિત હોય તો તે સત્યની શ્રેણીમાં આવી શકે. તેવી જ રીતે આર્થિક આયોજનમાં પણ નીતિમત્તાના ઉચ્ચ ધોરણ જાળવી શકાય. સત્યનું આ વ્યવહારુ સ્વરૂપ છે. સત્ય માત્ર કથન સ્વરૂપ નથી. વિચારોમાં પણ સત્ય હોવું જરૂરી છે અને કર્મમાં પણ તેનું તેટલું જ મહત્ત્વ છે. મન - વચન - કર્મ, એ ત્રણેમાં જો, સ્વાર્થને બાજુ મૂકીને, હકીકતનું નિરૂપણ કરવાની ભાવના હોય તો સત્ય સમગ્રતામાં સ્થાપિત થઈ શકે. સત્ય માત્ર શબ્દોથી થતી રજૂઆત નથી. સત્ય જીવનનો આધાર છે. સત્ય જીવનનો હેતુ છે. જીવનના અંતે સત્યની પ્રાપ્તિ થાય તે ઇચ્છનીય બાબત ગણાય. આ માટે સમગ્ર જીવન સત્યને સમર્પિત હોવું જોઈએ. આ સત્ય એટલે ઈશ્વરનું પ્રતિનિધિ.

સામાન્ય રીતે સત્યની રજૂઆત સરળ હોય. સત્ય કહેવા માટે વિદ્વત્તાની જરૂર નથી. બાળક દ્વારા કહેવાયું સત્ય પણ તેટલું જ યથાર્થ હોય છે. સત્ય ક્યારેય બોલનાર પર અવલંબિત નથી હોતું. બોલનાર સત્ય બોલે કે અસત્ય, સત્ય તો સત્ય જ રહે છે. સત્ય સ્વયંસિદ્ધ છે. સત્યને ક્યારેય પોતાના માટે દલીલ ન કરવી પડે. એક સમયે એમ વર્તાતું ન હોય તો પણ સત્યની હયાતી સદાની છે.

જ્યારે અંધારામાંથી પ્રકાશ તરફ જવાની વાત થાય ત્યારે પ્રકાશનું મહત્ત્વ સ્થાપિત થાય. જ્યારે મૃત્યુથી અમૃત તરફ જવાની વાત થાય ત્યારે સાચા અર્થમાં જીવનની ક્ષણભંગુરતા સમજાય. જ્યારે અસત્યથી સત્ય તરફ લઈ જવાની વાત કરવામાં આવે સત્યનું માહાત્મ્ય સમજાય. સત્યના પાલનમાં રાજા હરિશ્ચંદ્રને ઘણી તકલીફ પડી હતી. તેમની પત્ની અને પુત્રને વેચાવું પડ્યું હતું. સમગ્રતામાં વસેલ સત્યનું આ ઉદાહરણ છે. વ્યવહારના દરેક પાસામાં સત્ય સમાયેલું હોવું જોઈએ. સત્ય જીવવાનું હોય. સત્ય એ જીવનશૈલી છે - માત્ર શબ્દોની કથની નથી. ■

## જ્યારે આપણે ભીતરી સત્યની અવહેલના કરીએ છીએ ત્યારે શંભુ રૂઠે છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



ગુરુકૃપાથી અને આપણી બધી પરમ વિભૂતિઓના આશીર્વાદથી તથા આપ સૌની શુભકામનાઓથી ભગવાન મહાકાલને કેન્દ્રમાં રાખીને રામકથા ગાવાનો આરંભ કરી રહ્યો છું અને ભૂમિકા માટે જે પંક્તિઓ ઉઠાવી છે એ તમે સૌ જાણો છો. મહાકાલના મંદિરમાં કાગભુશુંડિના ગુરુ પરમસાધુ, 'પરમાર્થબિંદક', એક બુદ્ધપુરુષ; મારી દ્રષ્ટિએ એમનો શિષ્ય થોડો અવિવેક કરી ગયો ! શિષ્ય માત્ર શિવઉપાસક રહ્યો, હરિનિંદક રહ્યો અને એના ગુરુ,બુદ્ધપુરુષ એ પણ શિવઉપાસક જ હતા પરંતુ હરિનિંદક નહોતા અને ગુરુ બન્નેને સમ સમજીને વિશ્વસમક્ષ સેતુનો બોધ આપી રહ્યા છે કે બધા એક છે; બધાને જોડો. હું વર્ણ-વર્ણમાં નહીં જઉં પરંતુ થોડી અપાત્રતાને કારણે શિષ્ય અવિવેક કરી લે છે અને ગરુડજી સામે કાગભુશુંડિ કહે છે કે 'એક બાર હરિમંદિર',એકવાર મહાકાલેશ્વરના મંદિરમાં શિવનામનો, શિવમંત્રઓ જાપ કરી રહ્યો હતો એ સમયે મારા ગુરુ પધાર્યા પરંતુ મેં ઊઠીને એમને પ્રણામ ન કર્યા! મારા ગુરુ તો સમ્યક બોધપ્રાપ્ત હતા; એમને તો જરા પણ રોષ ન થયો, પરંતુ ગુરુઅપમાનની જે ભૂલ થઈ હતી એ ભગવાન મહાકાલ સહન ન કરી શક્યા. ને મહાકાલ ક્રોધે ભરાઈને શાપ આપી દે છે અને એ સમયે ભુશુંડિના ગુરુ કાંપી ઊઠે છે! અને પછી ભગવાન શંકરને કરુણા કરવા માટે તેઓ મહાકાલના મંદિરમાં રુદ્રાષ્ટક'નું ગાન કરે છે.

કાગભુશુંડિજી 'માનસ'ના 'ઉત્તરકાંડ'માં એ કહે છે કે 'હે ગરુડ,ભયંકર કલિકાલ હતો, દુષ્કાળ પડ્યો હતો અને હું ઉજ્જૈન ગયો. અહીં આવીને મેં એક વૈદિક બ્રાહ્મણ,જે પરમસાધુ હતા એમનું શરણ લીધું. એમણે મને શિવમંત્ર આપ્યો. હું શિવમંત્રનો જપ કરતો રહ્યો. મારી પહેલેથી જ મૂળ નિષ્ઠા શિવમાં રહી. મારા સદ્ગુરુ હરિ-હરમાં કોઈ ભેદ જોતા નહોતા. હું મારી થોડી અપાત્રતાને કારણે ભેદબુદ્ધિથી સાધના કરી રહ્યો હતો. વિષ્ણુનું તો હું નામ જ ન લઉં,પરંતુ કોઈ વૈષ્ણવને જોઉં તો પણ મારાં ગાત્રો બળવા લાગતાં હતાં ! હું દ્વેષ અને ઈર્ષ્યાથી ભરાઈ જતો હતો. એક વાર મારા એ સાધુ ગુરુદેવે મને એકાંતમાં બોલાવીને સમજાવ્યો કે વત્સ,શિવ અને હરિમાં કોઈ ભેદ નથી તો શા માટે આવી રીતે તારી સાધનાની અખંડધરાને વારંવાર ખંડિત કરે છે? મારું આચરણ જોઇને ગુરુદેવ વાંરવાર મને વાત્સલ્ય અને પ્રેમથી સમજાવતા રહ્યાં પરંતુ હું ન સમજ્યો,ન સમજ્યો ! અને એક વાર એવું થયું ગરુડ-

एक बार हर मंदिर जपत रहेऊँ सिव नाम ।

મહાકાલના મંદિરમાં હું શિવનામનો, શિવમંત્રનો જપ કરી રહ્યો હતો અને એ સમયે મારા ગુરુ,મારા બુદ્ધપુરુષ,મારા સદ્ગુરુ પધાર્યા અને મેં એમને જોયા પણ ખરાં,પરંતુ ઊઠીને પ્રણામ ન કર્યા. ગુરુએ તો પોતાના ચિત્તમાં એની કોઈ નોંધ ન લીધી, પરંતુ શિવ કોપિત થયા અને મને શાપ આપ્યો. એ શાપમાંથી મને મુક્તિ અપાવવા માટે મારા ગુરુએ મહાકાલના મંદિરમાં 'રુદ્રાષ્ટક'નું ગાન કર્યું. ગરુડ, હજી પણ મારા કાનમાં 'રુદ્રાષ્ટક'ની એ બધી જ પંક્તિઓ ગુંજી રહી છે. મને ચેનથી એ સૂવા નથી દેતી અને એક જ શૂળ મને ખૂંચતું રહે છે 'गुरु कर कोमल सिल सुभाऊ।' મારા ગુરુનો સ્વભાવ કોમળ હતો, એમનું શીલ કોમળ હતું. પરંતુ અહીં લખ્યું છે 'एक बार हर मंदिर'; અહીં એવું કેમ નથી લખ્યું કે એકવાર મહાકાલના મંદિરમાં હું શિવનામ જપી રહ્યો હતો? હરનો મતલબ શિવ જ છે,એમાં કોઈ સવાલ જ નથી. હર એટલે શિવ પરંતુ 'હર મંદિર' નો મતલબ કદાચ એવો પણ હોય કે તુલસી એમ કહેવા માગે છે કે હર મંદિરનો એક અર્થ થાય છે હરએકનું મંદિર.

ક્યારેક ને ક્યારેક આપણે,આપણા જેવા લોકો દિલના મંદિરમાં કોઈ ને કોઈ રૂપમાં બેઠેલા બુદ્ધપુરુષનું અપમાન કરી રહ્યા છીએ! અને મારી સમજ મુજબ એ બુદ્ધપુરુષ છે સત્ય,પ્રેમ,કરુણા. જ્યારે આપણે ભીતરી સત્યની અવહેલના કરી દઈએ છીએ ત્યારે શંભુ રુઠે છે. જ્યારે આપણે ભીતરી મહોબ્બતની અવહેલના કરીએ છીએ,જેના પર સંતોએ આટલો પ્રકાશ પાડ્યો છે એવા પરમતત્ત્વનો અનાદર કરીએ છીએ,એમને અણદેખ્યા કરી દઈએ છીએ ત્યારે શિવ રુઠે છે. આપણે જ્યારે ભજન કરી રહ્યા હોઈએ અને જેમના દિલમાં જગતભરને માટે પ્રેમ ઊમટી રહ્યો છે,જેમના દિલમાં પ્રત્યેકને માટે કરુણા વસી છે એવા પ્રેમને જોઇને જો આદર પ્રગટ ન થાય તો પ્રેમરૂપી બુદ્ધત્વનો આપણે અનાદર કર્યો છે. શિવ છે સત્યમૂર્તિ,શિવ છે પ્રેમમૂર્તિ, શિવ છે 'कपूरगौरं करुणावतारम्।' કરુણામૂર્તિ. તો પ્રત્યેક દિલ મંદિર છે બાપ ! આ મહાકાલનું મંદિર આપણને એક સંદેશ આપે છે કે દિલમાં રહેલાં સત્યનો અનાદર ન કરવો જોઈએ. દિલમાં રહેલાં પ્રેમનો અનાદર ન કરવો જોઈએ અને દિલમાં ડોકિયું કર્યા બાદ કેટલીક બાબતો હટાવવી પડે છે. કેમ કે સંચિત કર્મોને કારણે, ખોટી કંપનીને કારણે, ખરાબ સોબતને કારણે જે કેટલીક ચીજો દિલમાં ઘૂસી ગઈ હોય એને હટાવવી પડે છે. બદાયૂનીનો નાની બહારનો બહુ સુંદર શે'ર છે કે-

पहले दिल को खाली कर,
फिर उसकी खवाली कर ।

પહેલાં તું તારા દિલને રિક્ત કર,પછી એ રિક્તતાની રક્ષા કર જેથી કોઈ બીજી ગરબડ અંદર ઘૂસી ન જાય. પહેલાં દિલને ખાલી કર,પહેલાં શૂન્ય થઈ જા અને જે ભરેલા છે એની રક્ષાની કોઈ જરૂર નથી. સાધકે ખાલીપણાની રક્ષા કરવાની હોય છે. મારા ગોસ્વામીજી 'વિનયપત્રિકા'માં કહે છે. 'हृदय भवन प्रभु तोरा, जहें आई बसे बहु चोरा।' હે પ્રભુ, આ હૃદય તારું મંદિર છે. પ્રત્યેક વ્યક્તિના હૃદયનું મંદિર મહાકાલનો પ્રસાદ છે. કોઈ પણ વ્યક્તિને આપણે મળીએ ત્યારે એમના દિલના સત્યને ઠુકરાવીએ નહીં. સ્વાર્થ, ભેદબુદ્ધિ, મૂઢતા સત્યનો ઈનકાર કરવા લાગે છે. વ્યક્તિમાં રહેલી ભેદબુદ્ધિ, વ્યક્તિમાં રહેલી પોતાની હિતપ્રિયતા અને મૂઢતા સત્યની અવગણના કરી દે છે એવા સમયે 'રુદ્રાષ્ટક' ગાવું જરૂરી બની જાય છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

## ભક્તિ મહારાણી પ્રભુની પ્રિય છે

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

**શબ્દ-૩-સતસંગઃ**

**ભજન - ૧**

ભાઈ રે નિત્ય રહેવું સતસંગમાં ને જેને આઠે પહોર આનંદ રે.

આ સતસંગ એટલે શું? ડેલીમાં બેઠા-બેઠા થોડીક વાતું કરીએ - ગપ્પાં મારીએ એટલે સતસંગ થઈ જાય? ના, સતસંગનો એવો અર્થ નથી, અંદર જે સત બેઠો છે એનો સંગ તે સતસંગ છે, અંદર એક આતમ તત્ત્વ બેઠું છે એ સત છે, એમાં નિત્ય ડૂબકી મારવી પાનબાઈ, નિત્ય રહેવું સતસંગમાં એટલે રોજ એ આત્મતત્ત્વનો, સતતત્ત્વનો સંગ કરવો એ સતસંગનો અર્થ છે.

**શબ્દ - ૪ - તુરીયાનો તાર :**

**ભજન - ૨**

*ભાઈ રે આઠે પહોર મનમસ્ત રે'વે જેને જાગી ગયો તુરીયાનો તાર*

આ તુરીયા શું છે? 'યોગસૂત્ર'માં માનવચિત્તની ચાર અવસ્થાઓનું વર્ણન છે. જાગૃત અવસ્થા, નિદ્રાવસ્થા, સ્વપ્નાવસ્થા આ ત્રણનો તો સૌને અનુભવ છે જ. એ ત્રણથી પાર એક ચોથી અવસ્થા છે જેને તીરાય, ચતુર્થ અવસ્થા કહેવાય છે. ચતુર્થને જ અહીં અપભ્રંશમાં તુરીયા કહ્યું છે, તુરીયાનો તાર એટલે આ ત્રણેયથી બહાર નીકળીને જે અવસ્થા છે, ચતુર્થ અવસ્થા, આત્માની અવસ્થા છે. તેની સાથે જો તમારો તાર જાગી જાય, તુરીયાનો તાર જાગે, તો આઠેય પહોર મનમસ્ત થઈને રહેવાય. એ તુરીયાનો તાર - ચતુર્થ અવસ્થા થકી જેનું સંધાન થયું એવી સ્થિતિ એમ સમજવું જોઈએ.

**શબ્દ - ૫ - પદમણી પ્રેમદા :**

**ભજન - ૩**

ભક્તિ હરિની પદમણી પ્રેમદા, રહે છે જે હરિની પાસ.

પદમણી પ્રેમદા એટલે શું? સંસ્કૃત સાહિત્યમાં નાયિકા ભેદનું કથન આવે છે, સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રીઓના ચાર પ્રકાર ગણાવ્યા છેઃ શંખિણી, ચિત્રણી, હસ્તિની અને પદ્મિની. સર્વશ્રેષ્ઠ સ્ત્રી હોય, શીલવાન, રૂપવાન, ગુણવાન, જાજરમાન એવી સ્ત્રીને પદ્મિની કહેવાય છે. અહીં પદ્મિની ઉપરથી પદમણી શબ્દ બન્યો છે અને પ્રેમદા એટલે પ્રિયતમા, ભક્તિ હરિની પદમણી પ્રેમદા એટલે ભક્તિ પ્રભુની પદમણી પ્રેમદા છે, રહે છે જે હરિની પાસ - ભગવાનની એ પ્રિયતમા છે, ભક્તિ મહારાણી પ્રભુની પ્રિય છે, ભક્તિ પ્રિયતમા છે, પણ કેવી? પદ્મિની પ્રિયતમા. ભક્તિ હરિની પદમણી પ્રેમદા રહે છે. હરિને જોને પાસ રે - આવો આ પાંચમા શબ્દનો અર્થ છે.

**શબ્દ - ૬ - અભયભાવ :**

**ભજન - ૩**

*નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, ત્યારે અભયભાવ કહેવાય રે.*

અભયભાવનો અર્થ સમજવા જેવો એ, એક છે અભય, આપણે બધા જાણીએ છીએ, બીજો ભાવ છે નિર્ભયતા, એ પણ જાણીએ છીએ. અભયભાવ જુદી વસ્તુ છે, નિર્ભયતા નહીં. અભય અને નિર્ભયતા તો સામસામે છે, દ્વંદ્વ છે. ભય નિર્ભય બંનેથી અભય પર છે. સિંહ વાઘથી નિર્ભય રહેવું સહેલું છે, પણ નિંદાસ્તુતિથી પર રહેવું એ ઘણું કઠિન છે, કારણ કે કીર્તિ માનવીની અંતિમ કમજોરી છે. કીર્તિ માનવીની અંતિમ કમજોરી એટલે અહીં કહે છે. ગંગાસતી, નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, ત્યારે અભયભાવ કહેવાય. નિર્ભયતાની વાત નથી, નિર્ભય રહેવું સહેલું છે, ભયભીત સહેવું સૌથી સહેલું પણ બંનેથી પાર એક અભયભાવ છે. ઉપનિષદમાં કહ્યું છેઃ 'રુદ્યટૂળિ ટજ્ઞ ધ્રૈં ધમસ્ટા' જ્યાં સુધી દ્વિતીયા છે, ત્યાં સુધી



ભય છે, કોઈ પણ પ્રકારનો દ્વંદ્વ છે ત્યાં સુધી ભય છે. અહીં એક જ દ્વંદ્વની વાત કરી છે, પણ દ્વંદ્વ તો ઘણાં છે અને ઉપલક્ષણ કહેવાય, અનેક વસ્તુઓનું નિરૂપણ કરવું હોય ત્યારે, એને બદલે એક કહેવામાં આવે અને બાકીના સમજી લેવાય એને ઉપલક્ષણ કહેવાય, તો રાગ-દ્વેષ, દુઃખ-સુખ, મારું-તારું, ઉષ્ણતા-ઠંડી આ બધા દ્વંદ્વ છે. એમાંથી એક દ્વંદ્વનું કથન અહીં કર્યું છે. નિંદા અને સ્તુતિ એટલે કે બધા દ્વંદ્વથી જે પર થાય, નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, સુખ-દુઃખ જ્યારે સમાન થાય, મારું-તારું સમતુલ્ય ભાસે, રાગ-દ્વેષ સમતુલ્ય થાય, બધાથી પાર થઈ જવાય ત્યારે અભયભાવ કહેવાય એમ ગંગાસતી કહે છે.

**શબ્દ - ૭ - ઊભરો :**

**ભજન - ૫**

*ભાઈ રે અંતર ભંગ્યા વિના ઊભરો નહીં આવે, પછી તો હરિ દેખાય સાક્ષાત્ રે.*

આ ઊભરો એટલે શું? તમે કહેશો અમને ખબર છે, ચામાં ઊભરો આવે, દૂધમાં આવે - ના! આપણે નથી જાણતા, ઊભરાની આપણને ખબર નથી, એ પહેલા સ્વીકારી લઈએ. આપણે માની લઈએ છીએ કે આપણું દુઃખ સમજાઈ ગયું. વિદ્યાર્થી કહેતો હોય કે મમ્મી-પપ્પા મને બધું આવડે, પરિણામ આવે ત્યારે ખબર પડે કે તને શું આવડે, એમ આપણે માની લઈએ કે ઊભરો શું એ અમને ખબર છે, પણ ના ખબર નથી. અંતર ભાંગ્યા વિના ઊભરો નહીં આવે, અંતર ભાંગવું એટલે શું? સાધનાનો પ્રારંભ તો અહંકારથી જ થાય છે. સાત્ત્વિક અહંકાર હોય તો પણ એ છે તો અહંકાર. વિભીષણ હોય તોય છે તો અસુર ને? સાધનાનો પ્રારંભ અહંકારથી જ થાય. 'હું' સાધના કરું છું એવો અહંકાર. મારે સાધના કરવી એ અહંકાર. 'મારે' પરમાત્માને પામવા છે, પણ એ બોલે છે તો અહંકાર જ. જ્યારે અહંકાર વિલીન થાય, ત્યારે સાધનાનો અંકુશ, ચાર્જ અહંકારને સ્થાને અંતરાત્મા લઈ લે છે અને ત્યારે ઊભરો આવે છે. જ્યાં સુધી અહંકાર સાધના કરે છે, ત્યાં સુધી ઊભરો આવતો નથી. અંતરાત્માને પરમાત્માને વચ્ચે એક પડદો છે, એ પડદાનું નામ છે અહંકાર. જ્યારે અહંકારનું વિલીનીકરણ થાય ત્યારે અંતરાત્મા પરમાત્માને પામવા માટે ઉછાળા મારે એને ઊભરો કહેવામાં આવે છે અને એ ઉછાળાને ઉભરો કહ્યો છે, એ ઉછાળા મીરાંએ જોયા છે, ગંગાસતીએ અનુભવ્યા છે, રામકૃષ્ણ પરમહંસે જોયા છે, લલ્લેશ્વરીએ અનુભવ્યા છે. એ ઊભરો જેને સામાન્ય અર્થમાં ઊભરો કહેવાય તેની વાત નથી, અહંકારનું વિલીનીકરણ થાય ત્યારે ઊભરા આવે એમ અર્થ છે અને પછી શું થાય, પછી તો હરિ દેખાય સાક્ષાત્ રે!

**શબ્દ - ૮ - શીશ ઉતારો :**

**ભજન - ૫**

*એમ તમે તમારું શીશ ઉતારો પાનબાઈ, તો-તો રમાડું બાવનની બહાર.*

શીશ એટલે ધડ પરનું માથું કાપવું એમ નથી, એ કાપવું તો સહેલું છે, કમળપૂજાની વાત નથી. અંદર એક બકરો બેઠો છે, 'મેં' 'મેં' કરે છે, યજ્ઞમાં બકરાનું બલિદાન અપાય, બકરો એટલે શિંગડાવાળો બકરો નહીં, 'મેં' 'મેં' બોલતા બકરાની વાત છે, મીનપિયાસીએ કહ્યું છે, એ કબૂતરોનું 'ઘૂ ઘૂ ઘૂ', ચકલા બોલે 'ચૂં ચૂં ચૂં', છછૂંદરોનું 'છૂં છૂં છૂ', એમ માનવ બોલે 'હું હું હું' એ અંદર બેઠેલ બકરા, અહંકારના શીશને કાપને ગંગાસતી કહે છે, એમ તમે શીશ ઉતારો એટલે તમે અહંકારને છોડી દો, કબીરે કહ્યું છે ને, 'શીશ કાટી ભૂધરે, તાપર રાખે પૈર', પોતાનું મસ્તક પોતાના હાથથી કાપી એના પર પગ મૂકવાની તૈયારી છે? 'પ્રેમ ન બાડી નિપજે, પ્રેમ ન હાથ નિકાય, રજા પ્રજા જેહી ચાહે, શીશ દેહી લઈ જાય' આ સ્થૂળ શીશની વાત નથી, અંદર જે અહંકાર બેઠો છે એના બલિદાનની વાત છે, એમ તમે તમારું શીશ ઉતારો પાનબાઈ તો-તો રમાડું બાવનની બહાર એમ કહે છે.

**શબ્દ - ૯ - બાવનની બહાર :**

**ભજન - ૫**

*એમ તમે તમારું શીશ ઉતારો પાનબાઈ, તો-તો રમાડું બાવનની બહાર.*

સામાન્ય રીતે આપણે એમ અર્થ લઈએ કે બાવન એટલે બાવન અક્ષરની બહાર, એ અર્થ સાચો નથી, આપણે એમ માનીએ કે બાવન એટલે બાવન અક્ષરની બહાર, તો એ પણ શું? માની લીધું કે અક્ષર બાવન છે એટલે બાવનની બહાર, પણ એટલે શું? એનો એવો અર્થ નથી. સાંખ્યમાં તત્ત્વોની ગણના આવે છે, સાંખ્ય શબ્દનો અર્થ જ છે 'લભ્રૂંઇ અળૂંળૂટજ્ઞ ઇરુટ લર્ળૈ' આપણા શરીરના બ્રહ્માંડના તત્ત્વોને 'લભ્રૂંઇ અળૂંળૂટજ્ઞ' એટલે સારી રીતે જે ગણના કરે તેને સાંખ્ય કહેવાય, સાંખ્યને અનેક પરંપરા છે, ઈશ્વર કૃષ્ણની પરંપરા, કપિલ ભગવાનની પરંપરા, 'શ્રીમદ્ ભાગવત'માંય સાંખ્ય છે, 'ભગવદ્ગીતા'માં સાંખ્ય છે. સામાન્ય રીતે સાંખ્યમાં ચોવીસ તત્ત્વો છે એમ મનાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ મહાભૂત, પાંચ તન્માત્રા, મન, અહંકાર અને મહત્ આ ત્રેવીસ થયા અને ચોવીસમી મૂળ પ્રકૃતિ છે અને પચીસમું પુરુષ આત્મતત્ત્વ, એટલે સાંખ્યમાં આપણે પચીસ તત્ત્વો માનીએ છીએ, પણ અતિ પ્રાચીનકાળમાં સાંખ્યની એક એવી પરંપરા મળી આવી છે, જેમાં બાવન તત્ત્વોની ગણના છે, બાવનની બહાર એટલે પ્રકૃતિથી બહાર, પ્રાચીન પરંપરામાં સાંખ્યમાં આ બાવન તત્ત્વો હતાં, બાવનની બહાર રમાડું એટલે સાંખ્ય પ્રકૃતિના તત્ત્વોથી પાર આત્મતત્ત્વમાં લઈ જાઉં એવો અર્થ થાય છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# ભારતીય તહેવારોની ઉજવણી



ઉત્સવ એટલે જ આનંદની ઘટના. અહીં પ્રવર્તમાન દરેક પ્રકારની માનસિક તાણથી મુક્ત થઈ માનવી શારીરિક તેમ જ આર્થિક ક્ષમતા પ્રમાણે પ્રસંગને માણવાનો પ્રયત્ન કરે છે. આ પ્રસંગ સાથે જ્યારે ધાર્મિકતા, સંસ્કૃતિ, પરંપરા, આધ્યાત્મિકતા, સામાજિક સમીકરણ તથા ભાવનાત્મક સંબંધો સંકળાય ત્યારે ઉત્સવની મજા જ જુદા સ્તરની થઈ જાય. ઉત્સવની આ પ્રકારની ખુશી, ખુશી ન રહેતા આનંદમાં પરિણમે. ખુશી એટલે ઇચ્છિત મળવાથી ઉદ્ભવતો ભાવ અને આનંદ એટલે અંતર-આત્મામાંથી ઊભરતો પ્રવાહ. ક્યારેક એમ જણાય છે કે ખુશી એ ઇન્દ્રિયોનો વિષય છે જ્યારે આનંદ એ શાશ્વત સ્વભાવ છે.

ખુશી એક વાર પ્રાપ્ત થયા પછી તેનો લય પણ સંભવે જ્યારે આનંદ ચિરકાળ સુધી વહેતો પ્રવાહ છે. ભારતીય તહેવારો જાણે આ આનંદની પ્રાપ્તિ માટેની તક છે.

દિવાળીના દિવસે માત્ર દીવા પ્રગટાવીને ફટાકડા નથી ફોડાતાં, અહીં જીવનમાં પ્રકાશનું વ્યવહારુ તેમ જ આધ્યાત્મિક મહત્ત્વ સમજાતું હોય છે. મહાશિવરાત્રીના દિવસે માત્ર અભિષેક કરવાનો નથી હોતો, અહીં તો સૃષ્ટિના પરમ કલ્યાણકારી શિવ-તત્ત્વ સાથે ભાવનાત્મક સંબંધ સ્થાપિત કરવાનો હોય છે. રક્ષાબંધન એ હાથે માત્ર રક્ષા નથી બંધાતી, અહીં જીવનના સૌથી પવિત્ર અને નિર્દોષ પ્રેમની અભિવ્યક્તિ હોય છે અને તે પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવતી હોય છે. ઉત્તરાયણના દિવસે માત્ર પતંગ ચડાવવાનો નથી હોતો, અહીં કુદરતના એક અદ્ભુત તત્ત્વ પવન સાથે તાલમેલ મેળવવાની વાત હોય છે. આ પવન બહારનો પણ હોય અને અંદરનો પણ. તેવી જ રીતે આ દિવસે સૂર્યને ગતિને સમજવાની પણ મળે છે. ધુળેટીના દિવસે માત્ર ગુલાલ નથી ઉડાડવાનો, અહીં તો, કૌટુંબીક સમીકરણોની ઉપર જઈ ધર્મ અને સત્યની સ્થાપનાને માણવાની હોય છે.

વસંતપંચમીએ માત્ર ખેતરમાં તૈયાર થયેલી સમૃદ્ધિને માણવાની નથી હોતી, તે દિવસ તો સંસાર-ચક્રને પ્રવર્તમાન રાખનાર પવિત્ર પ્રેમના પ્રાદુર્ભાવનો અને મા સરસ્વતીના પ્રાગટ્યનો દિન છે. આ તો રતિ-કામદેવના પ્રેમ સાથે જ્ઞાનને જોડવાનું પ્રસંગ છે. શ્રી રામ અને શ્રીકૃષ્ણનાં જન્મદિવસ તો ઉજવાય તે સ્વાભાવિક છે, પણ તે સમયે આદર્શ અને કર્તવ્યનિષ્ઠા વચ્ચેનું સંતુલન સમજવાની તક છે. લાભ પાંચમે પ્રત્યેક માટે લાભની સ્થિતિ ઉત્પન્ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. શરદ પૂનમે ચંદ્રની શીતળતા સાથે કૃષ્ણની મધુરતા અને તેમનું સર્વત્રપણું મનમાં રમે છે.

ગણેશ ચતુર્થીના દિવસે વિશાળ તથા સંયમિત અસ્તિત્વ સાથે રિદ્ધિ-સિદ્ધિ તથા શુભ-લાભનું સમીકરણ સમજમાં આવે છે. હનુમાન જયંતીના દિવસે તેલ અને સિંદૂર તો પ્રતીક માત્ર છે, પરંતુ ઈશ્વર પરની શ્રદ્ધા, ઈશ્વર માટેનું સમર્પણ તથા ઈશ્વર દ્વારા સ્થાપિત સામાજિક નૈતિકતાના સાક્ષાત્ અવતાર સમા હનુમાનજીની નજીક પહોંચવાનો પ્રસંગ છે. નવરાત્રીના દિવસોમાં માતાની આરાધના શાસ્ત્રીય રીતે પણ થઈ શકે અને સામૂહિક રીતે નૃત્ય અને સંગીત દ્વારા પણ થઈ શકે. એક તરફ માતા રૂપે પરમ શક્તિની ઉપાસના છે તો બીજી તરફ માતાજીના પરમ પ્રેમની અનુભૂતિ છે.

સનાતની સંસ્કૃતિનો દરેક તહેવાર જે સ્વાભાવિક બાબતો છે એનાથી આગળ ઘણું કહી જાય છે. અહીં માત્ર ઉજવણી નથી ચોક્કસ પ્રકારની જાગ્રતતા માટેની તક છે. અહીં માત્ર ખુશી કે આનંદ નથી, અહીં સામૂહિક કર્તવ્ય બદ્ધતા અને ઉત્તરદાયિત્વની નિભાવણી છે. અહીં માત્ર પરંપરાગત રીતભાતનું મહત્ત્વ નથી, તેની પાછળ છુપાયેલી ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક પરંપરા પ્રત્યેની નિષ્ઠા છે. સનાતની સંસ્કૃતિના તહેવારની ઉજવણી પાછળ વ્યક્તિગતતા નથી, પરંતુ સામૂહિકતા અને સમરસતાનો ભાવ છે. આ ઉજવણી પવિત્ર અને નિર્દોષ વિચારધારાને આધારિત હોય છે. આ તહેવારો સાથે પવિત્રતા, નિર્લેપતા, નિર્દોષતા, પાવકતા તથા સાત્ત્વિકતા વણાયેલી હોય છે. આ સમગ્ર ઉજવણી ચોક્કસ પ્રકારની સંવેદનશીલતા અને સભાનતા આધારિત હોય છે.

ક્યાંક રંગ તો ક્યાંક પ્રકાશ. ક્યાંક પવન સાથેનો તાલમેલ તો ક્યાંક પ્રવાહમાં વિસર્જન. ક્યાંક ઐતિહાસિક પ્રસંગ તો ક્યાંક પવિત્ર વિચારધારા. ક્યાંક વ્યક્તિલક્ષી બાબત તો ક્યાંક સિદ્ધાંત આધારિત ઘટના. ક્યાંક બહાર ઊછળીને વ્યક્ત થતો ઊમળકો તો ક્યાંક અંતરના ઊંડાણમાં ડોકિયું કરવાની સલાહ. ક્યાંક મર્યાદિત સમયને આધારિત નિર્ધારિત થતી બાબતો તો ક્યાંક વિસ્તૃત સમયગાળાની ઘટના. ક્યાંક પર્યાવરણ સાથેનો તાલમેલ તો ક્યાંક ભાવાત્મક સંબંધોનું મહત્ત્વ. ક્યાંક નવીનતા માટેનો આગ્રહ તો ક્યાંક પૌરાણિક સત્ય તરફનો લગાવ. ક્યાંક સંગીત અને નૃત્યનું મહત્ત્વ તો ક્યાંક સાધના માટેની પ્રેરણા.

ક્યારેક નદી કિનારાનું મહત્ત્વ તો ક્યારેક ગામના ચોગાનમાં અભિવ્યક્ત કરાતી ભાવનાઓ. ક્યાં પૂર્ણ શણગાર તું ક્યાંક અદ્ભુત સાદગી. સનાતની સંસ્કૃતિના તહેવારની ઉજવણીમાં જે ભિન્નતા વર્તાય છે, તેનો જે વિસ્તાર છે, તેમાં જે જે સંભાવનાઓ છે, તેની સાથે જોડાયેલી જે અદ્ભુત વિચારધારા છે, તેમાં ઊંડાણ પણ ઘણું છે અને તેનો વ્યાપ પણ અનેરો છે.

સનાતની સંસ્કૃતિનો મૂળ આધાર જ અહમ્ બ્રહ્માસ્મિ સાથે તત્ત્વમસિનો છે. હું બ્રહ્મ છું અને તમે પણ બ્રહ્મ છો. જે મારું અસ્તિત્વ છે તે જ તમારું છે. જે મારી સાથે સંભાવનાઓ છે તે તમારી સાથે પણ તેટલાં જ પ્રમાણમાં છે. જે અધિકાર મારો છે તેવો તમારો પણ છે. ઈશ્વર મારો પણ છે અને તમારો પણ, તેના નિમિત્તે થતી ઉજવણી મારા માટે પણ છે અને તમારા માટે પણ. મને પણ ઉજવણીનો જેટલો અધિકાર છે એટલો તમને પણ છે. જુદી જુદી વિચારધારાને અનુસરવાની મને જે સ્વતંત્રતા છે તે તમને પણ છે. અહીં કોઈ માન્યતાનો વિરોધ નથી. અહીં સંકુચિતતાને સ્થાન નથી. અહીં કોઈ ભેદ નથી અને ભેદ ઉદ્ભવ થઈ શકે એવો આધાર નથી. દરેક તહેવારની ઉજવણી, દરેક પ્રકારે, દરેક વ્યક્તિ દ્વારા, જે તે પ્રાપ્ય સાધનોથી સંભવ બની શકે તેવી આ સમાવેશીય વ્યવસ્થા છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# બ્રહ્માનંદસ્વામી : શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્ગાતા-૭

એમનું સાહિત્ય સર્જન મને ચતુર્વિધ પ્રકારનું જણાય છે. (૧) ચરિત્રમૂલક સાહિત્ય (બાયોગ્રાફિકલ લિટરેચર) (૨) સિદ્ધાન્તમૂલક સાહિત્ય (થિયોરિટિકલ લિટરેચર) (૩) તત્ત્વદર્શનમૂલક સાહિત્ય (ફિલોસોફિકલ લિટરેચર) અને (૪) ઊર્મિમૂલક સાહિત્ય (લિરિકલ લિટરેચર) એમનાં વિપુલ માત્રાના સાહિત્ય સર્જનનો આમ ચાર પ્રકારમાં વિભાજિત કરીને ટૂંકો પરિચય આપવાનો અત્રે ઉપક્રમ છે.

**(૧) ચરિત્રમૂલક સાહિત્ય (બાયોગ્રાફિકલ લિટરેચર)**

બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સહજાનંદના ઉદાત અને ભક્તિસંપન્ન પ્રચલિત ચરિત્રને વિષયસામગ્રી બનાવીને બે કૃતિઓ રચી છે એમાંથી એમની તથ્યમૂલક હકીકતનિષ્ઠ સામગ્રીના ચરિત્રમૂલક સાહિત્ય સર્જનશક્તિનો પરિચય મળી રહે છે.

**૧. 'સુમતિપ્રકાશ'**

સહજાનંદ સ્વામીના અવતાર સ્વરૂપ કાર્ય તથા જીવનપ્રસંગોને અત્રે સમાવિષ્ટ કર્યા છે. શ્રીહરિ અવતારનું પ્રયોજન, શ્રી હરિનું મહાત્મયુક્ત હરિચરિત્ર આલેખન અત્યંત હૃદયસ્પર્શી છે. અહીં સંપ્રદાયની આચારસંહિતા અને સાધનાધારાને પણ સ્થાન મળ્યું છે. નરનારાયણ આશ્રમ સ્થાન બદ્રીકાશ્રમથી આરંભાતી આ રચના અત્યંત મહત્ત્વની છે. સમગ્ર રચના ૨૦ વિશ્રામમાં વિભાજિત છે. એની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અર્થપૂર્ણ છે.

*'વ્યાસે કહીએ વિભારસે, ગણી અરથ ગિરવાન;*

*તાહિ સુગમ કરિ કરત હું, જગ હિત ભાષા જાન.*

સંસ્કૃત અનુપ્રાણિત ગ્રંથ છે. કેટલુંક ઉમેરણ કરીને મૂળ વ્યાસના મહાભારત અંતર્ગત નર-નારાયણ કથાનકની આસપાસ જ સમગ્ર રચના ગુંથાઈ છે.

*'સચરાચર પુરનસભર, અક્ષર પર અવિનાશ;*

*મમ ઉર જડતા મેરકે, કિનો સુમતિ પ્રકાશ.*

અંતરમાં અજવાળા પથરાય, જીવનમાં અંધકારને બદલે સુમતિનો-સદ્બુદ્ધિનો પ્રકાશ પાથરનાર ગ્રંથ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન અંતર્ગત ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારમાં રહેલી હસ્તપ્રતમાં અંતિમ પંક્તિનો પાઠ મને પ્રાપ્ત થયો છે તે મુદ્રિત વાચનાથી થોડો જુદો છે. અન્ય કેટલાક સ્થાને પણ મહત્ત્વના પાઠભેદ પ્રાપ્ત થાય છે. એ અંશ અવલોકીએ.

*'સંવત અષ્ટાદશસહી વરસ સત્તોતેર જાણ*

*માઘસુદ પંચમી વાર બુધ, પુરણ ગ્રંથ પ્રમાણ*

*ખાચર ઉનડ કે ગૃહે, ગઢડે શ્રી ગુરુ પાસ તહીં*

*રહી બ્રહ્માનંદ કવિ, કિનો સુમતિપ્રકાશ...*

*મુદ્રિત પાઠમાં જે વાચના પ્રાપ્ત થાય છે તે આ મુજબ છે :*

*'સંવત અષ્ટાદશસહી' વરસ અઠોત્તેર જાન...*

*માઘસુદ પંચમી વાર બુધ, પરિણ ગ્રંથ પ્રમાણ...૧*

*શ્રીનગર શુભ શહરમે, નરનારાયણ પાસ...*

*તહીં રહી બ્રહ્માનંદ કવિ, કિનો સુમતિપ્રકાશ...૨*

હવે શ્રી સ્વામિનારાયણ સંશોધન કેન્દ્ર દ્વારા કોઈ અભ્યાસીએ ઊંડાણથી



પાઠભેદની સાંસ્કૃતિક-સાંપ્રદાયિક ચર્ચા કરીનો પાઠ મેળવીનો તર્કપૂર્ણ રીતે શ્રીહરિના અવતારી રૂપને આલેખતી આ કૃતિનો અભ્યાસ કરીને નવેસરથી સંપાદન તૈયાર કરાવવું જોઈએ.

**૨. 'ધર્મવંશપ્રકાશ'**

કુલ આઠ અધ્યાયમાં વિભાજિત સંપ્રદાયની જ્ઞાનસંહિતારૂપ ગોલોકધામથી તો અક્ષરધામ સુધીનું વર્ણન 'ધર્મવંશપ્રકાશ'માં છે. ધર્મ-ભક્તિ માતાપિતાની વિગતો, સહજાનંદનું ચરિત્ર, દીક્ષા, મૂર્તિપ્રતિષ્ઠા, પ્રવાસભ્રમણકથા વગેરે અહીં બ્રહ્માનંદે આલેખ્યા છે. એ રીતે સહજાનંદ ચરિત્ર-ગુણસંકિર્તન-ગુણાનુવાદ અને ધર્મ-ભક્તિ માતા-પિતાનું વ્યક્તિત્વ અહીં કેન્દ્રમાં છે. બ્રહ્માનંદની સહજાનંદ ભક્તિનું સુંદર ઉદાહરણ પ્રસ્તુત ગ્રંથ છે.

આ બંનો ચરિત્રમૂલક કૃતિઓ મધ્યકાલીન સમયના એક સંપ્રદાય સ્થાપકની વ્યાપક અને હકીકતમૂલક વ્યક્તિમત્તાનો, કંઠસ્થપરંપરામાં પ્રચલિત સામગ્રીનો સાક્ષાત્કાર કરાવતી હોઈ એનું ઘણું મહત્ત્વ છે.

**(૨) સિદ્ધાન્તમૂલક સાહિત્ય (થિયોરિટિકલ લિટરેચર)**

સંપ્રદાયના સિદ્ધાંતોને વિષયસામગ્રી બનાવીને બ્રહ્માનંદ સ્વામીએ જે કેટલુંક સાહિત્ય સર્જન કર્યું છે તે કર્તાની વિવિધ વિષયને આલેખવાની શક્તિની પરિચાયક છે.

**૩. 'સતીગીતા'**

સહજાનંદ સ્વામીએ સંસ્કૃતમાં શિક્ષાપત્રીમાં સતી સ્ત્રીના લક્ષણો તારવી આપ્યા. એનો આધારે બ્રહ્માનંદે 'સતીગીતા'નું સર્જન કર્યું છે. મુક્તાનંદકૃત 'સતીગીતા' પણ પરંપરામાં પ્રચલિત છે. આચારશુદ્ધિ અને વ્યક્તિના ચારિત્ર્ય ઉપર વિશેષભાર સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશેષરૂપે દૃષ્ટિગોચર થાય છે.

'સતીગીતા' કુલ છ અધ્યાયોમાં વિભાજિત છે. વચ્ચે વચ્ચે છંદ હરિગીતા, દુહા, ચોપાઈ પદબંધમાં વિષયનો અભિવ્યક્તિ કરેલ છે. કુમારીકા, પત્ની, વિધવા આદિ અવસ્થામાં સદાચારી બનવાનું અહીં સૂચવાયું છે. રાજા રામમોહનરાય પૂર્વે ખૂબ જ સાવધાનીપૂર્વક બ્રહ્માનંદ દ્વારા અત્રે સતીસ્ત્રી એટલે પતિ પાછળ મૃત્યુ પામતી, બળી મરતી સ્ત્રી નહીં પણ સદાચારી બનીને જીવન વ્યતીત કરે એ પ્રકારની મહત્તા આંકીને સતીત્વ જાળવવાની - આચારશુદ્ધિના મહિમાની વિગતો કેન્દ્રમાં રાખી સાહિત્ય સર્જન કર્યું, એનું ઐતિહાસિક મૂલ્ય છે. કૃતિની ભાષા વ્રજ - હિન્દી છે.

**૪. 'શિક્ષાપત્રી' (ગુજરાતી)**

આ શિક્ષાપત્રીમાં કુલ ૪૧ પદો છે. વિવિધ રાગ, ઢાળમાં આ પદો છે. કેટલાક પદો ઘોળ, ગરબીના ઢાળમાં પણ છે. વિષયાનુસારે પદક્રમ નવેસરથી અપાયો છે. સળંગ પદ ક્રમાંક નથી, પણ કુલ પદો ૪૧ છે.

*'શુભ સંવત અઢારે માઈ, વર્ષ બ્યાસી રે*

*રુડી મહાસુદ પંચમી દિન, આ પત્રી પ્રકાશ રે... ૧*

*લખી પત્રી પરમ સિદ્ધાન્ત, સહજાનંદ સ્વામી રે*

*ક્હાય સૌના ધર્મ સિદ્ધાન્ત, રાખી નહીં ખામી રે.. ૨*

*પત્રી ગૂઢ અર્થ ગિરવાણ, પોતે કીધી રે*

*તેને પ્રાકૃત કરવા કાજે, આજ્ઞા મુને દીધી રે.. ૩*

*સૌનો સંસ્કૃત કેરી રીત, નથી સમજાતી રે*

*માટે પદ બાંધ્યા કરી, પ્રેમ ભાષા ગુજરાતી રે... ૪*

સહજાનંદસ્વામીરચિત સંસ્કૃત શિક્ષાપત્રીનું ગુજરાતીકરણ રૂપ આપણને સૌ પ્રથમ બ્રહ્માનંદ દ્વારા મળે છે. એ બાબત પણ અભ્યાસીઓની નજર સમક્ષ રહેવી જોઈએ. (ક્રમશઃ)

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# તમે મને વરદાન આપો કે હું યજ્ઞ દ્વારા અદ્ભુત ચમત્કારિક સૃષ્ટિ પ્રાપ્ત કરી શકું અને યજ્ઞ દ્વારા જેને ઉત્પન્ન કરું એને અદ્ભુત શક્તિ આપી શકું

(ગતાંકથી ચાલુ)

ઘણાં સમયથી ભગવાન શિવના દર્શન થયા ન હોવાથી દેવર્ષિ નારદ કૈલાસ પહોંચે છે, દેવર્ષિ નારદને આવતાં જોઈ ભગવાન શિવ માતા પાર્વતીને કહે છે, 'દેવી જલ્દીથી અદૃશ્ય થઈ જાવ. હંમેશાં દેવર્ષિ નારદને આપણે સરળતાથી ઉપલબ્ધ થઈ જઈએ છીએ, આ વખતે હું તેમની પાસેથી તપસ્યા કરાવવા ઇચ્છું છું.' આટલું કહી ભગવાન શિવ અદૃશ્ય થઈ જાય છે. દેવર્ષિ નારદ દ્વારા ભગવાન શિવની પૃચ્છા થતાં માતા પાર્વતી તેમને કહે છે 'તેઓ તમને સરળતાથી ઉપલબ્ધ નહીં થાય, તમારે તપસ્યા કરવી પડશે.' તપસ્યા કરવાનું વચન આપી દેવર્ષિ નારદ આકાશ માર્ગે ભ્રમણ કરતાં વિચારે છે કે તપસ્યા માટે કઇ જગ્યા અનુકૂળ હશે. એ જ સમયે એક આશ્રમમાં ઋષિ દધિચી તેમની પત્ની માતા સુવર્ચા સાથે તપસ્યા કરી રહ્યાં છે. દેવર્ષિ નારદ તેમની સામે બેસી તપસ્યા કરતાં વિચારે છે કે ઋષિ દધિચી અને માતા સુવર્ચા બંને સાથે મળીને તપસ્યા કરે છે તો તેમને ફળ પણ બે ગણું (ડબલ) મળશે, હું રહ્યો બાળ બ્રહ્મચારી મારી પણ પત્ની હોત તો મને પણ બે ગણું (ડબલ) ફળ મળત. એ જ સમયે માતા પાર્વતી અને ભગવાન શિવ ત્યાં પધારે છે અને કહે છે, 'ઋષિ તમે તમારી પત્ની સુવર્ચા સાથે મારા જેવો પુત્ર પ્રાપ્ત કરવા ઘણા સમયથી તપસ્યા કરતા હતા, હું તમને વરદાન આપું છું કે તમને પીપ્લાદ નામનો એક રૂદ્ર અવતારી પુત્ર પ્રાપ્ત થશે, જેના દર્શન માત્રથી શનિગ્રહની બધી બાધા દૂર થશે અને તમે જન્મજન્માંતર સુધી આરાધના કરવાની કામના દર્શાવી હોવાથી હું તમને વરદાન આપું છું કે તમારા શરીરની દરેક અસ્થિઓ વ્રજ સમાન અતૂટ બની જશે.' ઋષિ દધિચીને વરદાન આપતાં જોઈ દેવર્ષિ નારદ કહે છે, 'પ્રભુ અહીં તમારો બીજો ભક્ત પણ તપસ્યા કરી રહ્યો છે.' દેવર્ષિ નારદ પાસે જઈ ભગવાન શિવ કહે છે, 'તપસ્યા દરમિયાન તમે કામના કરી હતી કે 'મારી જો પત્ની હોત તો એ પણ મારી સાથે તપસ્યા કરત અને તમારી તપસ્યાનું બે ગણું (ડબલ) ફળ મળત. હું તમને વરદાન આપું છું કે તમને ટૂંક સમયમાં એક નિષ્ઠાવાન અને સુંદર પત્ની મળશે.' ગભરાયેલા દેવર્ષિ નારદ વરદાન નકારે છે પણ ભગવાન શિવ અને માતા પાર્વતી વરદાન આપી પત્ની સાથે કૈલાસ આવવાનું કહી અદૃશ્ય થઈ જાય છે.

***

માતા પાર્વતીઃ 'સ્વામી તમે બાળ બ્રહ્મચારીને ગૃહસ્થ જીવનનું વરદાન કેમ આપ્યું?'

ભગવાન શિવઃ 'દેવી મેં એમને વરદાન નથી આપ્યું એમણે જ લીધું છે.'

માતા પાર્વતીઃ 'એ કઈ રીતે સ્વામી.'

ભગવાન શિવઃ 'તપસ્યા દરમિયાન દેવર્ષિ નારદે મનમાં ઉત્પન્ન કરેલા વિચાર અને વિકારે વરદાન મેળવ્યું છે. બ્રહ્મદેવ પણ એવું ઇચ્છે છે કે પોતાને બાળ બ્રહ્મચારી હોવાનું અભિમાન



ધરાવતા દેવર્ષિ નારદને ગૃહસ્થ જીવનનો અનુભવ થવો જ જોઇએ.'

એ જ સમયે 'ૐ હ્રીં ક્લીં ચામુંડાયે વિચ્ચૈ નમઃ'નો સ્વર કૈલાસ ખાતે ગૂંજવા લાગ્યો.

ભગવાન શિવઃ 'દેવી તમારા પરમ ભક્ત ઋષિ ત્વષ્ટાનો સ્વર કૈલાસ સુધી પહોંચી ગયો છે હજી કેટલી પરીક્ષા લેશો?'

આટલું સાંભળતાં જ માતા પાર્વતી ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે.

***

માતા પાર્વતીઃ 'ઋષિ ત્વષ્ટા આંખ ખોલો, તમારી શક્તિ ઉપાસનાથી પ્રસન્ન છું, વરદાન માંગો.'

ઋષિ ત્વષ્ટાઃ 'માતા તમે દર્શન આપ્યા હું ધન્ય થઈ ગયો.'

માતા પાર્વતીઃ 'ઋષિવર વરદાન માગો.'

ઋષિ ત્વષ્ટાઃ 'માતા તમારી કૃપા અપરંપાર છે, તમે મને વરદાન આપો કે હું યજ્ઞ દ્વારા અદ્ભુત ચમત્કારિક સૃષ્ટિ પ્રાપ્ત કરી શકું અને યજ્ઞ દ્વારા જેને ઉત્પન્ન કરું એને અદ્ભુત શક્તિ આપી શકું.'

માતા પાર્વતીઃ 'હું તમને ઇચ્છિત વરદાન અવશ્ય આપીશ ઋષિવર ત્વષ્ટા, પરંતુ સાવધાન... વરદાનનો દુરુપયોગ કરશો તો તમારો અને તમારી સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત છે.'

ઋષિ ત્વષ્ટાઃ 'નહીં માતા વરદાનનો દુરુપયોગ ક્યારેય નહીં થાય.'

માતા પાર્વતીઃ 'તથાસ્તુ.'

ઋષિ ત્વષ્ટાઃ 'આપ ધન્ય છો માતા, તમારા વરદાનના પ્રતાપે હું એવું કરી બતાવીશ જે આજ સુધી કોઈ શક્તિ કે ઉપાસકે કર્યો હોય.'

માતા પાર્વતીઃ 'તમારું કલ્યાણ થાઓ.'

***

બીજી તરફ દેવર્ષિ નારદ ભગવાન શિવ પાસેથી વરદાન મેળવી અસ્વસ્થ થઈ જાય છે. તેઓ તુરંત પરમપિતા બ્રહ્મદેવ પાસે પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'પરમપિતા સૃષ્ટિ રચયિતા બ્રહ્મદેવની શરણે આવ્યો છું. તમારા માનસપુત્ર પર ગંભીર મુસીબત આવી પડી છે.'

બ્રહ્મદેવઃ 'પુત્ર નારદ, સ્વસ્થ થઈ બતાવો, હું અને તમારી માતા તમારી સાથે છીએ.'

દેવર્ષિ નારદઃ 'ભગવાન શિવ દ્વારા ગૃહસ્થ જીવનનું વરદાન મળ્યું છે, હું રહ્યો બાળ બ્રહ્મચારી આવું વરદાન મળતાં હું અસ્વસ્થ થઈ ગયો છું.'

બ્રહ્મદેવઃ 'પુત્ર નારદ તમારી ઇચ્છા મુજબ જ વરદાન મળ્યું છે. હવે તમારે સંસારિક સુખ કે દુઃખ ભોગવ્યે જ છુટકો છે.'

દેવર્ષિ નારદઃ 'પરમપિતા મને આ વરદાનની કોઈ આવશ્યકતા નથી મારે શું કરવું જોઈએ?'

બ્રહ્મદેવઃ 'આનું નિરાકરણ તમને ભગવાન શ્રીહરિ વિષ્ણુ આપી શકે છે. તમે એમના અનન્ય ભક્ત પણ છો તેમની શરણે જાઓ તમારું કલ્યાણ થશે.'

***

દેવર્ષિ નારદ તુરંત વૈકુંઠધામ પહોંચે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીને હાસ્ય વેરતા જોઈ દુઃખી થઈ જાય છે.

દેવર્ષિ નારદઃ 'પ્રભુ હું મુસીબતમાં ફસાયો છું અને તમે હાસ્ય વેરી રહ્યા છો. મને તમે જ એમાંથી ઉગારી શકો છો.' (ક્રમશઃ)■


વિશેષ

રશ્મિ શુકલ
mahendra.punatar@bombay samachar.com

# દિવાળીના દિવસોમાં દીપદાનનું મળે છે અક્ષય પુણ્ય

કારતક મહિનામાં દીપદાનનું ખાસ મહત્ત્વ છે. એમાં પણ દિવાળીના દિવસો દરમિયાન કરવામાં આવેલુ દીપદાન અખૂટ પૂણ્ય આપે છે. આમ તો કારતક માસમાં આખો મહિનો દીપદાન કરી શકાય છે. આ માસમાં મંદિર, તુલસી, આમળાના ઝાડ, નદી, કૂવા અને તળાવના કિનારે પણ દીપદાન કરવામાં આવે છે. પૌરાણિક કથા પ્રમાણે શિવ પુત્ર કાર્તિકેયે કારતક માસમાં દૈત્ય તારકાસુરનો વધ કર્યો હતો. માન્યતા મુજબ તારકાસુર વજાંગ દૈત્યનો પુત્ર અને અસુરોનો રાજા હતો. દેવતાઓ પર જીત મેળવવા માટે તેણે શિવજીની તપસ્યા કરી અને વરદાન માંગ્યુ કે તેને શિવજીના પુત્ર સિવાય કોઈ મારી ન શકે. આ જ કારણ છે કે દેવતાઓએ શિવજીના વિવાહ પાર્વતી સાથે કરાવ્યા હતા. તેમને કાર્તિકેય નામની સંતાન પ્રાપ્તિ થઈ હતી. બાદમાં દેવતાઓએ કાર્તિકેયને સેનાપતિ બનાવ્યો અને યુદ્ધમાં તારકાસુરનો વધ કર્યો.

આ જ કારણ છે કે કારતક માસમાં વિવિધ વસ્તુઓના દાનનું ખાસ



મહત્ત્વ છે

- કારતક મહિનામાં જરૂરતમંદ લોકોને ગરમ કપડા, અનાજ અને યથાશક્તિ દાન કરવું જોઈએ.
- ગૌશાળામાં ગાયની દેખરેખ માટે ધનનું દાન કરવું જોઈએ. સાથે જ તુલસી, ગાય અને આમળાનો છોડ દાન કરવાનું પણ મહત્ત્વ છે.
- જે વ્યક્તિ મંદિરમાં, નદી કિનારે અથવા રસ્તા પર દીપદાન કરે છે તેને લક્ષ્મી પ્રાપ્તિ થાય છે.
- જે વ્યક્તિ વેરાન સ્થાનો પર દીપદાન કરે છે તેને કદી પણ નર્કમાં જવું નથી પડતું. એવી માન્યતા છે કે કારતક દરમિયાન કેળાના ફળ અને ધાબળાનું દાન શ્રેષ્ઠ છે.
- પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે કારતક માસ દરમ્યાન જમીન પર સુવુ જોઈએ. આમ કરવાથી આળસ અને શારીરિક પીડા દૂર થાય છે.

-કારતક માસમાં ભગવાન વિષ્ણુ અને સૂર્યદેવની પૂજાનું ખાસ મહત્ત્વ છે. એનાથી બીમારીઓ દૂર રહે છે અને આયુષ્ય વધે છે.

- જે લોકોનું મન અશાંત રહે છે તેમણે કારતક માસમાં જપ અને ધ્યાન જરૂર કરવું જોઈએ. એનાથી શાંતિ મળે છે. આ માસમાં કરવામાં આવેલી ભક્તિ સાધકોને પાપોમાંથી મુક્તિ આપે છે.
- દરરોજ સવારે વહેલા ઉઠીને સ્નાન બાદ સૂર્યને જળ અર્પિત કર્યા બાદ ઘરના મંદિરમાં રહેલા ઇષ્ટદેવના મંત્રોના જપ કરવાના. જપ અને ધ્યાન માટે આ સમય સુવર્ણ કહેવાય છે. ■

પ્રકરણ ૯૮



# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

'હું તમને બધાને એક એક કાપલી આપું છું. તમને જેના પર શક હોય એનું નામ એ ચિઠ્ઠી પર લખવાનું.... બોલો, મંજૂર છે?' કબીરે પૂછ્યું.

'આ રમતથી શું ફાયદો થશે?' વિક્રમે પૂછ્યું.

'મારે એ જાણવું છે કે તમારા અને મારા અનુમાન વચ્ચે કેટલો ફરક છે, બીજું, હું તમને ગમે તેટલી વાર પૂછીશ, તમે લોકો તમારા વિચારો રજૂ કરતાં સંકોચ અનુભવશો. અહી તમારે કાપલી પર તમારું નામ લખવાનું નથી કે નથી તમારી સહી કરવાની. ફકત જેના પર તમને શંકા હોય એનું નામ લખવાનું... ઓ.કે?'

જમાઈબાબુએ એમની આદત મુજબ થોડી આનાકાની કરી, પણ કબીરે બધાંના હાથમાં એક એક કોરા કાગળની સ્લીપ મૂકી દીધી.

દરેક જણે સ્લીપ પર એક એક નામ લખી લીધું. કબીરે બધા પાસેથી એ સ્લીપ લીધી અને એના પર ઝડપથી નજર ફેરવી લઈને પછી ગળું ખંખેરીને બોલવાની શરુઆત કરીઃ

'સાંભળો,આપણા આ સર્વેનું પરિણામ શું છે?'

કબીર હજુ કંઈ આગળ બોલે એ પહેલાં જ એનો મોબાઈલ રણકી ઊઠ્યો :

'મિસ્ટર કબીર લાલ, ડો. કરમાકર હિયર.. જગમોહન દીવાન ભાનમાં આવી રહ્યા છે...એ તમને એમના પર ગોળી ચલાવનારા વિશે કંઈ માહિતી આપવા ઈચ્છે છે !'

***

જગમોહન દીવાન કોનું નામ આપશે? કબીર વિચારતો હતો :

જગ્ગેએ સાચે જ હત્યારાનો ચહેરો જોયો હશે? જો એણે ખૂનીને ઓળખી લીધો હોય તો ડોક્ટર કરમાકરને નામ ન પણ આપે...બની શકે કે એ વ્યક્તિ કોઈ અંગત હોય , જેનું નામ જાહેર કરતાં જગ્ગે અચકાતો હોય?

'અંકલ, અમે બધાં આવીએ?' હોસ્પિટલમાંથી ફોન આવ્યા બાદ કરણે પૂછ્યું હતું.

'ના, હું અને વિક્રમ જઈએ છીએ...' કબીરે મક્કમતાથી ના પાડી દીધી.

'સાહેબ, અમને પણ નામ જાણવાની ઇંતેજારી છે !' જતીનકુમાર બોલ્યા.

'અને એ નામ તમારું નીકળે તો?' કબીરે હસીને પૂછ્યું.

'તો મને કોઈ રસ નથી. મને ખબર છે બધાં જે રીતે મારી પાછળ પડ્યાં છે એ જોતાં તો તમે ભેગાં મળીને મારી ગેમ કરી નાખો તો નવાઈ નહીં.'

'કબીર અંકલ, હું આવું છું.' ગાયત્રીને ઊભા થતાં કહ્યું.

'હા, હા.' જતીનકુમારે છણકો કર્યોઃ 'તારે તો જવું જ જોઈએ. તને તો લોકો ખૂન કરતાં જુએ તો પણ તારું નામ ક્યાંય ન સંડોવાય. વાહ, શું ઇજ્જત છે...!'

'જતીનકુમાર', કબીરે દરમિયાનગીરી કરીઃ આપણી આબરૂ આપણી મુઠ્ઠીમાં જ હોય. ગાયત્રીએ સાચવી રાખી, જ્યારે...'

'હા, હા, સમજી ગયો. તમતમારે ઊપડો. મારા વિરુદ્ધ ફેંસલો આવે ત્યારે કહી દેજો મને કેટલાં વરસની સજા કરો છો કે પછી શૂળીએ ચડાવો છો...'

જતીનકુમાર મોઢું ઢીલું કરીને બેસી ગયા.

કબીર, વિક્રમ અને ગાયત્રી હસતાં હસતાં બહાર નીકળી ગયાં. રસ્તામાં કબીર વિચારતો હતો-જગ્ગે કોનું નામ આપશે?

એ ત્રણેય હોસ્પિટલ પહોંચ્યાં ત્યારે રાતના સાડા અગિયાર થઈ ગયા હતા. ડો. કરમાકર કોરિડોરમાં જ મળી ગયા.

'તમે સહેજ મોડા પડ્યા...' ડોક્ટરની વાત સાંભળીને બધાંના મનમાં ધ્રાસ્કો પડ્યો.

'શું થયું ડોક્ટર?' વિક્રમે પૂછ્યું.

ડોક્ટર ત્રણેને પોતાની કેબિનમાં લઈ ગયા.

'નર્સ મરિનાએ જ્યારે મને ખબર આપ્યા કે મિ. દીવાનને ધીરે ધીરે હોશ આવે છે ત્યારે હું દોડ્યો.' ડોક્ટરે વાત શરૂ કરી

'મિ. દીવાનને આંખ ખોલતાં કષ્ટ પડતું હતું અને એમના મોઢામાંથી અસ્પષ્ટ શબ્દો સંભળાતા હતા. મેં પૂછ્યું કહો શું કહેવા માગો છો? ત્યારે એમણે મહામહેનતે કહ્યુંઃ કબીરને બોલાવો.'

'પછી...' માંડીને વાર્તા કરનારાઓ પર કબીરને સખત ચીડ હતી.

'મેં કહ્યું તમારે જે કહેવું હોય તે તમે મને નિઃસંકોચ કહી શકો છો. તમે હુમલાખોર વિશે કંઈ કહેવા માગો છો? ત્યારે એમણે ફરી એ જ કહ્યું : ' હું ફક્ત કબીરને જ કહીશ...'

'તો ચાલો ડોક્ટર, ડોન્ટ વેસ્ટ ટાઈમ હિયર' કબીરના અવાજમાં નારાજગી પ્રગટ થતી હતી.

'સોરી, મિ. કબીર લાલ, તમને ફોન કર્યા બાદ મેં આવીને જોયું તો મિ. દીવાન ફરી બેહોશીમાં સરી પડ્યા હતા.'

'બેવકૂફ...' કબીર બબડ્યો. આ ડોક્ટરે તો ભૂમિકા બાંધીને આટલો સમય વેડફી નાખ્યો.

કબીર ઊભો થઈ ગયો. સાથે વિક્રમ અને ગાયત્રીએ પણ અનુસરણ કર્યું.

'કોઈ ખબર હો તો કહેજો...' કહીને કબીર બહાર નીકળી ગયો.

'શ્યોર,' ડોક્ટર કરમાકરની આંખમાં એક વિચિત્ર ચમક હતી કે પછી આટલાં વરસો પોલીસ ડિપાર્ટમેન્ટમાં ગાળવાને કારણે દરેક જણ પર શંકા કરવાની એની આદત પડી ગઈ છે? કબીર સમજી ન શક્યો.

'જો હું ગુસ્સામાં આવીને કોઈની સાથે ગેરવર્તણૂક કરી બેસું તો મને વારજે.' કબીરે ગાયત્રીને કહ્યું.

ગાયત્રી હસી પડી. 'અંકલ, આપણે વધુ પડતી અપેક્ષા લઈને આવ્યાં હતાં એટલે કદાચ વધુ આઘાત લાગ્યો છે...' ગાયત્રીએ પોતાનો તર્ક રજૂ કર્યો.

'હશે, પણ આ રીતે દિવસમાં બે-ત્રણ વાર હોસ્પિટલ દોડવું પડશે તો મારે અહીં જ ભરતી થઈ જવું પડશે... હોસ્પિટલમાં આવું છું તો બીમારી દેખાય છે અને ઘરમાં જતીનકુમાર દેખાય છે.' કબીર હજી ગુસ્સામાં હતો.

જગમોહનની કેબિન તરફ કબીરને જતાં જોઈને વિક્રમ અને ગાયત્રી પણ પ્રશ્ન પૂછ્યા વિના એની પાછળ પાછળ ચાલવા માંડ્યા.

કેબિનની બહાર સિક્યુરિટી ઑફિસરે કહ્યુંઃ 'પેશન્ટ કો ચોથે મજલે પર કોઈ ટેસ્ટ કે લીએ લે ગયે હેં...' કબીરને એની સૂચના યાદ આવી અને ત્રણે ય ચોથે માળે જગમોહનની કેબિન પાસે આવ્યા.

ત્રણે બહારથી જગમોહનને આઈ.સી.યુ.ના બેડ પર પરવશ સૂતેલો જોઈ રહ્યા. ટ્યુબનાં ગૂંચળાં, નીડલ અને ઑક્સિજન માસ્ક વચ્ચે જગમોહન દીવાન જેવા સમર્થ અને સફળ ઉદ્યોગપતિને ઘેરાયેલો જોઈને ત્રણેનું હૃદય દ્રવી ઊઠ્યું.

'ગાયત્રી, વિક્રમ, તમે ડોક્ટર કરમાકરના રિપોર્ટમાં એક વાત નોંધી?' કબીરે પૂછ્યું.

'યસ, અંકલ,' ગાયત્રી બોલીઃ કાકુ પર હુમલો કરનાર માણસ કોઈ સ્વજન જ હોવો જોઈએ અને એટલે જ કાકુએ ડોક્ટરને એનું નામ ન આપ્યું.'

'ગુડ ગાયત્રી, તું પોલીસ ફોર્સ જોઈન કરી લે તો એક ઉત્તમ ઑફિસર બની શકે.' કબીરે એને બિરદાવી.

'ના, અંકલ, મારે પોલીસમાં નથી જોડાવું. હું તો સાયકાયટ્રિસ્ટ બનવા માગું છું. પોલીસ તો ગુનેગારને પકડે અને એને સજા અપાવે જ્યારે મને એ ગુનેગારના મગજનો અભ્યાસ કરીને એની ગુનેગારીના મૂળને ડામીને એને સાચે માર્ગે વાળવામાં રસ છે... અંકલ...'

ત્યાં કોરિડોરમાં જ જય ભટકાઈ ગયો.

'આ ડોક્ટર કરમાકરને કંઈ પૂછું તો સીધા મોઢે વાત પણ નથી કરતો.' જયે ફરિયાદ કરી.

કબીરે હસીને એના ખભે હાથ રાખીને કહ્યુંઃ 'તું અમારી સાથે ઘરે ચાલ. અહીં રોકાવાનું કોઈ કારણ નથી.'

જયના મોઢામાંથી નીકળેલો અસ્પષ્ટ હાયકારો દરેકે સાંભળ્યો. ગાયત્રીને જય પર દયા આવી ગઈ. પોતાની સમસ્યાને કોરાણે મૂકીને બિચારાએ કેવી અણધારી આફતમાં ફસાઈ જવું પડ્યું છે.

ચારે ગાડીમાં ગોઠવાયાં અને જાદવે ગાડી સ્ટાર્ટ કરી.

ત્યારે ખૂણામાં ઊભેલા એક માણસે સેલમાં ધીમેથી કહ્યુંઃ

'હવે હોસ્પિટલમાં સિક્યુરિટી ગાડ્ર્સ સિવાય કોઈ નથી...'

***

બીજે દિવસે સવારના બધાં ડાઇનિંગ ટેબલ પર સવારના નવ વાગ્યે મળ્યાં હતાં. વાસ્તવમાં, આગલી રાતે હોસ્પિટલથી પાછા ફરતાં રાતના ત્રણ વાગી ગયા હતા. ત્યારે જતીનકુમાર દાઢમાં બોલ્યા હતા- ચાલો પાછા મિટિંગમાં બેસી જઈએ.'

'ના, આજે મોડું થઈ ગયું છે. કાલે સવારના નવ વાગ્યે બ્રેક ફાસ્ટ પર મળશું.'


'હવે કાપલીમાં કોનું નામ હતું એ તો જણાવી દો...' જતીનકુમારે આગ્રહ કર્યો.

'બધી કાપલીમાં તમારું જ નામ હતું.' કબીરે ચિડાઈને કહ્યું.

'ખોટ્ટાડો.' જતીનકુમાર ગણગણ્યા, મારી કાપલીમાં તો મેં મારું નામ ન જ લખ્યું હોય ને...' પછી મોટેથી ઉમેરતાં કહ્યુંઃ ન કહેવું હોય તો ના પાડી દો, પણ ખોટું શા માટે બોલો છો...'

'કાલે સવારના નવ વાગ્યે...' કબીરે જતીનકુમારને ફરી અવગણીને બધાંને સૂચના આપી.

ત્યારબાદ રાતના બધાં છૂટાં પડી ગયાં હતા. સવારના ડાઇનિંગ ટેબલ પર કોઈ બોલતું નહોતું. ઉજાગરાને કારણે દરેકની




આંખ સૂજેલી હતી. કરણ તો બેઠાં બેઠાં ઝોકાં ખાતો હતો.

'શું થયું કરણ? રાતના નીંદર નથી થઈ?' કબીરે પૂછ્યું.

'ના...ના... એમ જ... થાકી ગયો છું...' ચોરી કરતાં પકડાઈ ગયો હોય એવા ભાવ સાથે કરણ બોલ્યો.

એક તો રાતના કબીર અંકલ હોસ્પિટલમાં એને ન લઈ ગયા એટલે એ રોષે ભરાયો હતો. કબીર, વિક્રમ અને ગાયત્રી હોસ્પિટલમાં ગયા બાદ એણે રૂપાને ફોન જોડ્યો હતો.

'રૂપા, હમણાં મળી શકાય?' એણે પૂછ્યું.

'અત્યારે રાતના...? કેમ, કંઈ અર્જન્ટ છે?' રૂપા મળવા માટે ઉત્સુક ન હોય એવું કરણને લાગ્યું.

'ના,એમ જ...! એક-બે દિવસથી મળ્યાં નથી એટલે તને જોવાની ઇચ્છા થઈ આવી...' કરણને બીજું કંઈ સૂઝ્યું નહીં.

'કરણ, પ્લીઝ મને આવા લાગણીવેડા પસંદ નથી એ તું સારી રીતે જાણે છે.' રૂપાના અવાજમાં ભારોભાર અણગમો હતો.

'રૂપા, તું એ પણ નહીં પૂછે કે મારા પપ્પાને હવે કેમ છે...?' કરણે પૂછ્યું. ઘણીવાર આપણું પ્રિયજન ભૂલ કરે ત્યારે આપણે સામે ચાલીને એને ભૂલ સુધારવા માટે પરિસ્થિતિ સર્જી દઈએ, જેથી પ્રિય પાત્રમાં રહેલી ઊણપના વિચાર કરીને આપણું મન ગમગીન ન થઈ જાય.

'સાંભળ્યું છે કે તારા પપ્પા બચી ગયા? કરણ, તને શું લાગે છે કે પપ્પા જીવી શકે કે પછી?'

કરણને લાગ્યું કે રૂપાના અવાજમાં એને અણધાર્યો ઉત્સાહ વર્તાયો હતો. એક સેકન્ડ માટે તો એવો વિચાર આવી ગયો કે પપ્પા બચી નહીં શકે એવું રૂપા સાંભળવા ઇચ્છે છે.

'કેમ, તું આ રીતે બોલે છે?' કરણ નારાજ થઈ ગયો, પણ એ નારાજગીમાં રોષ નહોતો, માઠું લાગ્યું હોય એવો ભાવ હતો.

'કરણ, તારી આ જ તકલીફ છે. અરે તારા પપ્પા પર કોઈએ ઍટેક કર્યો હોય તો એ જીવશે કે નહીં એ પ્રશ્ન તો બિલકુલ વ્યવહારુ ગણાય... કરણ, તું હજી ઇમોશનલ ફૂલ જ રહ્યો...'

કરણને આઘાત લાગ્યો. વધુ પડતા લાગણીવેડા તો કરણને પણ પસંદ નહોતા, પણ જેને આપણે ચાહતા હોઈએ એની સાથે ઇમોશનલ બનવામાં શું વાંધો છે એ કરણને સમજાયું નહીં.

'રૂપા, મારા પપ્પા બચી જશે...' કરણે શુષ્ક અવાજે જવાબ આપ્યો.

'ઓહ...' થોડી ક્ષણો માટે સામે છેડે મૌન પથરાઈ ગયું. થોડી વાર બાદ રૂપાએ મૌન તોડતાં પૂછ્યુંઃ

'કરણ, તેં પછી શું વિચાર કર્યો? રૂપિયાની ગોઠવણ કરી શક્યો કે નહીં?'

'રૂપા, હમણાં પપ્પા હોસ્પિટલમાં છે... એવું ન બની શકે કે તું એક વાર અહીં રહેવા આવી જા. પપ્પા ઘરે આવશે કે હું એમની પાસેથી રૂપિયા લઈ લઈશ...' કરણે કાકલૂદી કરી.

'કરણ, પપ્પા ઘરે હતા ત્યારે પણ તું ક્યાં લઈ શક્યો? આઈ એમ સોરી કરણ, પણ રૂપિયા મેળવવા માટે હું એવું વિચારવા નહીં ઇચ્છું કે તારા પપ્પાને કંઈ થઈ જાય અને તને તારો હિસ્સો મળી જાય. ના, એવું મારા સ્વભાવમાં નથી, બટ બી પ્રેક્ટિકલ, રૂપિયા તો તારે ક્યાંકથી લાવવા જ પડશે...' કહીને રૂપાએ લાઇન કાપી નાખી.

'કરણ ક્યાંય સુધી હેલ્લો...હેલ્લો' કરતો રહ્યો અને પછી હેલ' કહીને રિસીવર ક્રેડલ પર અટક્યું. રાતના એ સૂઈ નહોતો શક્યો. સવારના ડાઇનિંગ ટેબલ પર કબીર અંકલ એને ઝોકાં ખાતા જોઈ ગયા હતા.

'અંકલ, રાતના તમે જે કાપલીઓ જોઈ એમાં કોનું નામ હતું?' પોતે સંપૂર્ણપણે જાગૃત છે એ દેખાડવા કબીર અંકલને કરણે પૂછ્યું.

'ઓહો... યસ... યાદ આવ્યું. કમાલની વાત એ છે કે એક વ્યક્તિ સિવાય કોઈનું નામ બે વખત એ કાપલીમાં નહોતું...' કબીરે કહ્યું. દરેકના કાન સરવા થઈ ગયા. બધા જાણે-અજાણે જતીનકુમાર તરફ જોવા લાગ્યા.

જતીનકુમાર મોઢું કટાણું કરીને બોલ્યોઃ 'અરે એમ કાપલીમાં નામ નીકળવાથી માણસ ખૂની પુરવાર થઈ જાય તો તો થઈ રહ્યું ને...'

જતીનકુમારની વાત સાંભળીને કબીર હસવા લાગ્યો. 'તમને બધાને જાણીને આશ્ચર્ય થશે કે...' કબીરે બધાની સામે એક નજર દોડાવતાં કહ્યુંઃ

'કોઈએ જતીનકુમારનું નામ લખ્યું નથી.' કબીરે ધડાકો કર્યો. (ક્રમશઃ)■

---

# ગુજરાતનાં લોકનૃત્યો ને લોકસંગીત

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



ઉપયોગિતાની દ્રષ્ટિએ જોઈએ તો - ૧. શ્રમ કે મહેનતનું પ્રમાણ ઘટાડનાર થાકનો બોજો હળવો કરનાર નૃત્યો, ૨.કમાણીનું સાધન બનનારનૃત્યો, ૩.ગમ્મત સાથે જ્ઞાન પીરસનારનૃત્યો, ૪.જુદાજુદા પ્રદેશો, પ્રસંગો, વ્યક્તિઓ વિષે માહિતી આપનારનૃત્યો, ૫.માનવીના અંતરનો ઉલ્લાસ કે અતૃપ્ત આકાંક્ષાઓ-ઈચ્છાઓને શાબ્દિક રૂપે પ્રગટ કરી હતાશા, નિરાશાનું પ્રમાણ ઘટાડનારાં નૃત્યો.

લોકનૃત્યોની સાથે ગવાતાં લોકગીતો એ સમૂહગાન-સંઘગાન-નૃત્યગાન છે. એમાં એક જ ભાવ ઘુંટાયા કરતો હોય. સતત આવર્તન એ એની મહત્ત્વની લાક્ષણિક્તા. સ્ત્રીપુરુષો અથવા એકલી સ્ત્રીઓ દ્વારા ગામના ચોકમાં-મેળાઓમાં વર્તુળકારે નૃત્ય સાથે રાસ-રાસડા-ગરબા-ગરબી-હમચી-ટિટોડો જેવા નૃત્યગીત-પ્રકારો સાથે લોકગીતોની સામૂહિક રજૂઆત થતી હોય એની સાથે એકલો ઢોલ અથવા તો ઢોલ-શરણાઈ જેવાં વાંજિત્રોનો સંગાથ સાંપડ્યો હોય.

બહુ ઓછા સ્વરોની બાંધણી લોકગીતોના સંગીતમાં જોવા મળે, છતાં એ અલ્પ સ્વરોના આરોહ-અવરોહનાં આવર્તનોથી એક જાતનું સંગીતમાધુર્ય ખડું થાય. એના ઢાળ તમામ જન સમુદાય ઝીલી શકે એવા સર્વભોગ્ય, સરળ, સીધાસાદા હોય.

સંગીતના તાલ પણ તદ્દન સરળ. હીંચ, મણિયારો, ચલતી, ટિટોડો, હૂડો, ત્રિતાલ વગેરે છથી સોળ માત્રાના વિવિધ તાલો ઢોલ-ઢોલક કે તબલાં ઉપર સહેલાઈથી વગાડી શકાય. સંગીતની દ્દષ્ટિએ ઘણાંબધાં લોકગીતોમાં માત્ર સ્થાયી સૂર હોય, અંતરો હોય જ નહીં. કેટલાંક લોકગીતોમાં સ્થાયી અને અંતરો બંને હોય. સમૂહનૃત્યની સાથે ગવાતી રચનાઓમાં નરસિંહ, મીરાં, દયારામની રાસ કે ગરબી જેવી લોકપ્રિય સંગીતતત્ત્વ ધરાવતી સુગમ રચનાઓ ગવાતી હોય, પણ એનું સંગીત સમૂહભોગ્ય હોય.

## લોકનૃત્યો સાથે જોડાયેલું લોકસંગીત

લોકસાહિત્યમાં જેટલું મહત્ત્વ શબ્દને અપાયું છે તેટલું જ, ક્યારેક તો શબ્દથી પણ વધારે મહત્ત્વ સંગીતને અપાયું છે, સ્વર સાથેનો શબ્દ તે જ લોક્વાંઙ્મય. ઉચ્ચારાતો-લયબદ્ધ શબ્દ એ જ લોક્સાહિત્ય. જેમાં શબ્દ, સૂર અને તાલ મળે એટલે ભાવ ઉત્પન્ન થાય. લોકજીવનના દરેક ક્ષેત્રમાં માનવીએ સંગીતનો સહારો લીધો છે, લોકસંસ્કૃતિને-લોકજીવનને સુમધુર કરનારું તત્ત્વ હોય તો તે છે લોક સંગીત. એમાં તમામ માનવભાવો સ્વરબદ્ધ થયા હોય છે, લોકસંગીતનો ઉદ્‌ભવ જ માનવ સંવેદનાઓના ઉદ્‌ભવ સાથે થયો છે, જ્યારે આદિ માનવીએ પોતાના હૃદયના ભાવોને વ્યક્ત કરવા સૂરનો સહારો લીધો ત્યારે સ્વયંભૂ, સ્વર, લય, તાલ અને શબ્દાવલીનું સહજ રીતે જ અવતરણ થયું અને તેમાંથી પ્રગટ થયું લોકસંગીત.

મીઠી-મધુરી કર્ણપ્રિય લોકધૂનો જે યુગોથી લોકોના કંઠમાં-તન-મન-પ્રાણમાં વસી રહી છે અને તેના મોહક-માદક સ્વભાવને કારણે ક્યારેય ભૂલી શકાય નથી એનો પ્રારંભ ક્યારે થયો હશે, એનો ઉદ્‌ભવ કોણે કર્યો હશે તેનો કોઈ જ ઈતિહાસ આપણને મળતો નથી. પણ, ઝરણાંના કલકલ મધુર ધ્વનિ, પક્ષીઓના કલબલાટ, પશુઓની ત્રાડો, પવનના સૂસવાટા, મેઘગર્જના, દરિયાના હિલ્લોળનો સંબંધ જેમ નાદ સાથે છે તેમ લોકસંગીત પણ આ પ્રકારના જુદા જુદા ધ્વનિ સંકેતો દ્વારા જન્મ પામ્યું છે.

સંગીતના ઈતિહાસમાં લોકસંગીત આદિ સ્થાન ધરાવે છે. ભારતીય સંગીતનો ઈતિહાસ સામવેદ જેટલો જૂનો છે પણ એ સામવેદની રચના થઈ હશે એ પહેલાં પણ લોકજીવનમાં લોકસંગીતના સ્વરો વહેતા હશે એવું માનવામાં આવે છે. લોકસંગીતમાંથી જ શિષ્ટ-શાસ્ત્રીય સંગીતનો જન્મ થયો છે.

લોકસંગીતના મુખ્ય લક્ષણોમાં કૃત્રિમતાનો અભાવ, સહજ, સરળ તદન ઓછા સ્વરો દ્વારા પ્રગટ થતું માધુર્ય, નૈસર્ગિક, પ્રાકૃતિક સ્વર અને તાલનો સમન્વય પરંપરાગત રીતે ઊતરી આવેલો સંસ્કારવારસો, પ્રદેશે- પ્રદેશે વૈવિધ્ય, યુગોથી સચવાતા આવેલા સ્વરોનું સંયોજન અને પ્રસંગ કે ભાવને અનુકૂળ તાલ, રાગ, ઢાળ, જેવા તત્ત્વો ગણાવી શકાય. સાધારણતયા ત્રણથી માંડીને ચાર, પાંચ કે છ કે સાત સ્વરોમાં (લોકગીતોમાં તો બહુધા પાંચ કે તેથી ઓછા સ્વરોમાં ) લોકસંગીત સીમિત હોય છે. એની સાથે જોડાઈ હોય છે સંઘગાન રૂપે લોકનૃત્ય અને લોક્વાંઙ્મયની રચનાઓ.

કોમળ, સરળ, ઢાળ, સહજ તાલ અને લયનું રહસ્ય હોય એવા લોકસંગીતની અભિવ્યક્તિ આકર્ષક હોય છે. લોકસંગીતએ અભ્યાસ કે રિયાઝનો વિષય નથી, લોકોને જન્મથી જ મળ્યું હોય છે. એ સ્વરો ઉત્તેજક નહીં પણ ઉત્સાહપ્રેરક હોય છે અને એમાં કોઈ ચોકક્સ શાસ્ત્રીય બંધારણ હોતું નથી. એકનું એક ગીત પ્રદેશે -પ્રદેશે કે સમયે સમયે જુદા જુદા રાગ, તાલ, ઢાળમાં ગાઈ શકાય અને છતા એ તમામ રાગ પરંપરિત હોય. સર્વભોગ્ય એવું આ સ્વરસંયોજન વારસાગત રીતે જ તરી આવ્યું હોય છે તેથી તેને શીખવા કોઈ જ પ્રકારનો અભ્યાસ કરવો પડતો નથી.

ખાસ કરીને લોકનૃત્યો સાથે જોડાયેલા ગુજરાતના લોકસંગીતમાં અઘરા આરોહ-અવરોહ નથી જોવા મળતા. લોકસંગીતનું સંગીત આરોહનું નહીં અવરોહનું સંગીત છે. શાસ્ત્રીય રાગોમાં આરોહી સંગીત હોય છે જ્યારે ગુજરાતના લોકગીતોમાં બહુધા અવરોહી સંગીત મળે છે. એમાં પણ પ્રધાનતા સ્વરની નહીં પણ ઊર્મિ કે ભાવની હોય છે. લોકવાંઙ્મયનો પૂરેપૂરો અર્થ અને ભાવ લોકસંગીતના સથવારે જ સ્ફૂટ થાય છે. ■

---

# નિત્ય આધ્યાત્મિકતા

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ગત અંકમાં આચરણને આધ્યાત્મનો આધાર બતાવીને હવે ભગવાન કૃષ્ણ અધ્યાત્મના ઊંડાણને અભિવ્યક્ત કરે છે, તે સમજીએ.

આધ્યાત્મિકતા શું છે ? એ ક્યાંથી મળે ? શું આ કેવળ મંદિર સુધી કે જપમાળા સુધી સીમિત છે? આ કેવળ ભજન-ભક્તિ કરતાં ભક્તો માટે જ હોય છે ? વ્યવસાય-નોકરિયાત કે સાંસારિક વ્યક્તિ માટે શું આ ઉપયોગી ખરી?...



આવા અનેક પ્રશ્નો, જિજ્ઞાસા કે પછી આક્ષેપો જનમાનસમાં રમતા હોય છે. માત્ર ગૂગલ પર આંગળીઓ ફરે ને 'spiritual' ગ્રન્થોનાં નામો વર્ષા ઋતુનાં વાદળાઓની જેમ સ્ક્રિન પર ચોમેર છવાઈ જાય છે પણ ક્યાં કોઈનું હૃદય અધ્યાત્મથી ભીનું થયું? વળી, 'Top 100 Spirituality Books' જેવા શીર્ષકો ઇન્ટરનેટ પર વાચી વાચકની કોડી જેવડી આંખો પકોડી જેટલી થઈને કફોડી થઈ જાય છતાં શું વાંચવું? એ પ્રશ્ન સળવળતો રહે છે ને અંતે 'આધ્યાત્મિકતા'નો ચહેરો અછૂતો રહી જાય છે.

પરંતુ જીવનની ગહરાઈને જેઓએ માપી છે અને તેની સફળતા-અસફળતાની કડવાશ જેઓએ ચાખી છે, તેવા વિચારશીલ વિરલાઓ પણ આખરે અધ્યાત્મ પાસે જઈને શાંતિ મેળવે છે, ત્યારે સ્પષ્ટ થાય છે કે અધ્યાત્મ જીવન માટે આવશ્યક નહીં, પણ એ જ જીવન છે.

હું કેવળ એક ગ્રન્થનો સંદર્ભ ટાંકું છું જેનું નામ છે 'Spiritual intelligence the ultimate intelligence' જેના મુખ્ય લેખક 'Danah Zohar' અને સહાયક લેખક 'Dr Ian Marshall' છે. તેઓ દ્વારા આ પુસ્તકમાં 'અધ્યાત્મ એ સર્વ સમાજ માટે ઉપયોગી છે. એ વિના જીવન સાર્થક નથી.' એ ખૂબ જ સારી રીતે પુરવાર કરવામાં આવ્યું છે અને 'ખરેખરુ અધ્યાત્મ વ્યવહારમાં પણ અગ્રેસર બનાવે' એ વાત કહેવામાં આવી છે.

૨૧મી સદીમાં 'I-Phone' એ જાણે કોલર ઊંચી કરાવનારી એક ઓળખ થઈ ગઈ છે ને બુક કરતાં વધારે જ્યારે 'ફેસબુક' વાપરનારાઓ વધ્યા છે ત્યારે આપણને જિજ્ઞાસા થાય કે દુનિયાને ઊર્જા આપનારા આ બન્નેનો એટલે કે 'સ્ટીવ જોબ્સ' કે 'માર્ક ઝુકરબર્ગ' નો ઊર્જાસ્રોત કયો ?

એકવાર સહજ વાર્તાલાપમાં સ્ટીવ જોબ્સે માર્ક ઝુકરબર્ગને કહેલું કે 'એકવાર હું હતાશ હોવાથી પ્રેરણા ને ઊર્જા પ્રાપ્ત કરવા ભારતમાં 'નીમ કરોલી' બાબા પાસે ગયો હતો ને ખરેખર ઊર્જાન્વિત થઈ ગયો. માટે તું પણ ક્યારેક ત્યાં જજે' અને જ્યારે માર્ક ઝુકરબર્ગને ભારત આવવાનું થયું ત્યારે વિશેષતઃ તેઓ ઉત્તરાખંડમાં 'કૈંચી ધામ' નામે આધ્યાત્મિક આશ્રમે ગયા ને પછી જણાવ્યું કે અહીં જવાથી ખરેખર મને ઊર્જાનો અનુભવ થયો.'

મોટા મોટા સ્ટાર, ક્રિકેટર, નેતા કે હીરો પણ વાર-તહેવારે શા માટે અધ્યાત્મસ્થળની મુલાકાત લેતા હશે ? કારણ સ્પષ્ટ છે કે 'અધ્યાત્મ માનવને ઊર્જા આપે છે. અંદરથી ભરી દે છે.' એટલે જ ડો. અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિક ને રાષ્ટ્રપતિએ પણ 'My Ultimate Guru Pramukh Swami' કહી પોતાની ઊર્જા-સફળતાનો શ્રેય આધ્યાત્મિક ગુરુને આપ્યો છે.

ગીતાનો અધ્યાત્મ આપણને ઊંચી ભૂમિકા પર લઈ જાય છે. જીવનનો અંતિમ ધ્યેય સિદ્ધ કરવા મુમુક્ષુએ ''अध्यात्मनित्या'' (गीता १५/५) એટલે કે સાચા અધ્યાત્મથી યુક્ત થવું પડે. આ અધ્યાત્મ એટલે શું?' ભગવદ્‌ગીતાનાં ૮મા અધ્યાયમાં તૃતીય શ્લોકે સ્પષ્ટ લખ્યું છે કે 'અક્ષરબ્રહ્મનો ભાવ એટલે કે અધ્યાત્મ.' અક્ષરબ્રહ્મ એટલે અખંડ ભગવાનમાં જોડાયેલા સંત, જેનું નિષ્કલંક જીવન સૌને સહજ પ્રેરણાથી પરિપ્લાવિત કરી દે અને તેમનાં જેવું જીવન બનાવવું એટલે કે એવા ભાવને પામવું એ જ ખરા અર્થમાં સાચી આધ્યાત્મિકતા છે.'

એકવાર ૧૯૭૧મા વિશ્વવન્દનીય સંત પ્રમુખસ્વામી મહારાજના ગુરુ શ્રીયોગીજી મહારાજને ગોંડલમાં સવારે ૭ વાગ્યે હાર્ટ એટેક આવ્યો ને લગભગ ૧૦ વાગ્યે ડો. બક્ષી સાહેબે કાર્ડિયોગ્રામ લઈ રિપોર્ટમાં કહ્યું કે 'કમ્પલીટ હાર્ટ બ્લોક છે.' સૌ ચિંતિત હતા પરંતુ સતત ભગવન્મય રહેનાર યોગીજીમહારાજને નિદ્રામાંથી જ્યારે જગાડ્યા ત્યારે તેઓએ સૌપ્રથમ કહ્યું કે 'મારે ભગવાનનાં દર્શન કરવા જવું છે.'

જ્યારે તન, મન, અને આતમ ભગવાન સાથે ભળી જાય ત્યારે આવી નિત્ય આધ્યાત્મિકતા આવે. અખંડ ભજન-ભક્તિ તથા અક્ષરબ્રહ્મસ્વરૂપ આવા સત્પુરુષો સદા ભગવાનમાં તન્મય રહેતા હોય છે. આ જ તેમની નિત્ય આધ્યાત્મિકતા દર્શાવે છે. ગીતા કથિત- સ્થિતપ્રજ્ઞ, યોગી, જ્ઞાની, ભક્ત કે ગુણાતીત... 'આ બધાનો સરવાળો એટલે 'નિત્ય આધ્યાત્મિકતા'ને એનું જ નામ અક્ષરબ્રહ્મનો ભાવ.'


ધ્યાન, માળાજાપ, તીર્થયાત્રા એ સૌ 'અધ્યાત્મ' માટે સાધન છે પરંતુ અક્ષરબ્રહ્મનો ભાવ પામવો એ સાધનોનું અંતિમ પરિણામ ને ધ્યેય છે. તો ચાલો, સાચા આધ્યાત્મિક પુરુષના સંગે 'નિત્ય આધ્યાત્મિક' બનીએ. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુખ્ય પ્રધાન યોગીએ સંસ્કૃત શિષ્યવૃત્તિ યોજનાનો કરાવ્યો પ્રારંભ: રાજ્યમાં ફરીથી શરૂ થશે ગુરુકુળ પદ્ધતિના વિદ્યાલયો

વારાણસી: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રવિવારે કહ્યું હતું કે સંસ્કૃત એ માત્ર ભગવાનની ભાષા નથી પરંતુ તે વિજ્ઞાનની ભાષા પણ છે, જે કમ્પ્યુટર સાયન્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) જેવી આધુનિક ટેકનોલોજીમાં ઉપયોગી છે.

યોગીએ અહીંની સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી રાજ્યના સંસ્કૃત ભાષાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજના શરૂ કરી હતી. આ પ્રસંગે રાજ્યના ૬૯,૧૯૫ સંસ્કૃત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના વિતરણની શરૂઆત કરતી વખતે મુખ્ય પ્રધાને રાજ્યભરમાં ગુરુકુલ પદ્ધતિની નિવાસી સંસ્કૃત શાળાઓ ફરીથી શરૂ કરવાનો સંકલ્પ લીધો હતો.




**શિષ્યવૃત્તિ:** વારાણસીમાં સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય ખાતે સંસ્કૃતના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપતા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ. (પીટીઆઇ)

મુખ્ય પ્રધાને સંસ્કૃત ભાષાને વિજ્ઞાન અને ટેકનિકલ શિક્ષણની ભાષા તરીકે પ્રોત્સાહન આપવાની સંભાવના પર ભાર મૂક્યો હતો અને વિદ્યાર્થીઓને તેને ગંભીરતાથી અપનાવવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે જે માનવતાના પક્ષમાં છે તે સંસ્કૃતનો પણ હિમાયતી છે. યોગીએ અગાઉની સરકારોના શાસન દરમિયાન સંસ્કૃત શિક્ષણની ઉપેક્ષા કરવાનો આરોપ લગાવ્યો હતો.

યોગી આદિત્યનાથે કહ્યું, ''સંસ્કૃત એ માત્ર ભગવાનની ભાષા નથી પરંતુ તે વિજ્ઞાનની ભાષા પણ છે, જે કમ્પ્યુટર સાયન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી આધુનિક ટેક્નોલોજીમાં ઉપયોગી છે.'' તેમણે કહ્યું, સંસ્કૃતની વિશેષતાઓ તેને તક્નિકી દૃષ્ટિકોણથી સરળ અને સાહજિક બનાવે છે. તેથી જ અમે સંસ્કૃતના જતન અને સંવર્ધન માટે નવા પ્રયાસો તરફ કામ કરી રહ્યા છીએ.

કાર્યક્રમમાં શિષ્યવૃત્તિ યોજનાનું મહત્ત્વ સમજાવતા યોગીએ કહ્યું હતું કે, અગાઉ માત્ર ૩૦૦ સંસ્કૃત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળતી હતી તેમાં પણ વય મર્યાદા નક્કી કરવામાં આવી હતી, પરંતુ હવે અમારી સરકારે તેને તમામ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આ યોજના હેઠળ રાજ્યના ૬૯,૧૯૫ સંસ્કૃત વિદ્યાર્થીઓને લાભ મળશે.

તેમણે તમામ વિદ્યાર્થીઓને બેન્ક ખાતા ખોલવા માટે પણ નિર્દેશ આપ્યો હતો, જેથી તેઓ સીધા અને સુરક્ષિત રીતે શિષ્યવૃત્તિનો લાભ મેળવી શકે. સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિના મહત્ત્વને રેખાંકિત કરતાં યોગી આદિત્યનાથે કહ્યું કે સમગ્ર રાજ્યમાં ગુરુકુલ શિક્ષણ પ્રણાલીને ફરીથી અમલમાં મૂકવાની યોજના છે. તેમણે કહ્યું કે આ પરંપરા આપણી વાસ્તવિક તાકાત છે અને તેના દ્વારા જ ભારત વિશ્વ નેતા તરીકે ઊભરી શકે છે.

મુખ્ય પ્રધાને જાહેરાત કરી હતી કે ગુરુકુલ સંસ્થાઓને વધારાની સુવિધાઓ આપવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓ માટે મફત છાત્રાલય અને ભોજન પૂરું પાડતી સંસ્થાઓને સરકાર તરફથી વિશેષ સહાય મળશે. આવી સંસ્થાઓને વિદ્વાન શિક્ષકોની નિમણૂક કરવાની સ્વતંત્રતા પણ આપવામાં આવશે.

સંસ્કૃત ભાષાને વધુ પ્રોત્સાહન આપવાની અપીલ કરતાં યોગીએ કહ્યું કે રાજ્ય સરકાર કાશી હિંદુ યુનિવર્સિટીમાં સ્થાપિત વૈદિક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંસ્કૃત પર વિશિષ્ટ સંશોધનને પ્રોત્સાહન આપી રહી છે. આ કેન્દ્રમાં સંશોધન કરી રહેલા વિદ્યાર્થીઓને વિશેષ શિષ્યવૃત્તિ પણ આપવામાં આવશે જેથી કરીને તેઓ કોઈપણ આર્થિક ચિંતા વગર તેમનું સંશોધન કરી શકે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને ૧૨ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક આપીને યોજનાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. ■

# શ્રીલંકન નૌકાદળે ૧૨ ભારતીય માછીમારની ધરપકડ કરી

કોલંબો: શ્રીલંકાના નૌકાદળે રવિવારે તેની જળસીમામાં ગેરકાયદેસર માછીમારી કરવા બદલ ૧૨ ભારતીય માછીમારની ધરપકડ કરી હતી અને તેમનું ટ્રોલર જપ્ત કર્યું હતું. આ માહિતી એક સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી.

તાજેતરની ધરપકડ સાથે આ વર્ષે ટાપુ રાષ્ટ્ર દ્વારા આવી ઘટનાઓમાં પકડાયેલા ભારતીય નાગરિકોની સંખ્યા વધીને ૪૬૨ થઇ ગઇ છે. શ્રીલંકાના નૌકાદળે એક અખબારી યાદીમાં જણાવ્યું કે માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. તેમના ટ્રોલરને ઉત્તરી પ્રાંત જાફનાના પોઇન્ટ પેડ્રોના કિનારેથી જપ્ત કરવામાં આવ્યું હતું. પકડાયેલા ૧૨ માછીમારને કંકેસંથુરાઇ બંદર પર લઇ જવામાં આવ્યા હતા અને આગળની કાર્યવાહી માટે મલડી ફિશરીઝ ઇન્સ્પેક્ટરને સોંપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે માછીમારોનો મુદ્દો ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોમાં એક વિવાદાસ્પદ મુદ્દો છે, જેમાં શ્રીલંકાના નૌકાદળના કર્મચારીઓએ પાલ્ક સ્ટ્રેટમાં ભારતીય માછીમારો પર ગોળીબાર કર્યો અને શ્રીલંકાની જળસીમામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવાની અનેક કથિત ઘટનાઓમાં તેમની બોટ જપ્ત કરવાનો સમાવેશ થાય છે. ■



**ધરપકડ:** શ્રીલંકાની જળસીમામાં માછીમારી કરતા પકડાયેલા ભારતીય માછીમારો. શ્રીલંકાના નૌકાદળે ૧૨ માછીમારોને પકડીને તેઓની હોડી કબજે કરી હતી. (પીટીઆઇ)

# કાશ્મીરમાં છેલ્લાં એક વર્ષમાં ઘૂસણખોરીને નજરઅંદાજ કરવી સુરક્ષા માટે ખતરો

શ્રીનગર/નવી દિલ્હી: જમ્મુ અને કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના ગગનગીરમાં ઑક્ટોબર ૨૦ના રોજ થયેલા આતંકવાદી હુમલાની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ગુપ્ત જાણકારીમાં ઘટાડો થયો છે અને છેલ્લા એક વર્ષથી નિયંત્રણ રેખા (એલઓસી) પર ઘૂસણખોરીની જાણ થઇ શકી નહીં. આ હુમલામાં એક સ્થાનિક ડૉક્ટર અને બિહારના બે મજૂરો સહિત સાત વ્યક્તિઓનાં મોત થયાં હતાં.

આ હુમલાએ આ સમયગાળા દરમિયાન કાશ્મીરમાં સ્થાનિક યુવાઓના આતંકવાદી ગ્રૂપોમાં સામેલ થવાની અઘોષિત પ્રવૃતિઓને લઇને ચિંતા વ્યક્ત કરી છે. ઝેડ-મોરહ ટનલ બાંધકામ સાઇટ પરના હુમલામાં બે આતંકવાદીઓ સામેલ હતા જેમાં એકની ઓળખ દક્ષિણ કાશ્મીરના કુલગામના એક સ્થાનિક યુવક તરીકે ઓળખાય છે જે ૨૦૨૩માં એક આતંકવાદી જૂથમાં જોડાયો હતો, જ્યારે બીજા વિશે માનવામાં આવે છે કે તે પાકિસ્તાનથી આવ્યો હતો.

સુરક્ષા અધિકારીઓએ સ્થાનિક યુવાનોના ઝડપી કટ્ટરપંથીકરણ પર ચિંતા વ્યક્ત કરી હતી અને તેમને ઓળખવા માટે સુધારેલ હ્યુમન ઇન્ટેલિજન્સની ક્ષમતાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ભારતીય સૈન્યના એક્સવી કોર્પ્સના નેતૃત્વમાં તાજેતરમાં થયેલા ફેરફારોને ધ્યાનમાં રાખીને સ્થાનિક યુવાઓને આતંકવાદમાં જતા રોકવા માટે હ્યુમન ઇન્ટેલિજન્સને વધારવા પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે ૨૦ ઓક્ટોબરના રોજ આતંકવાદીઓ કન્સ્ટ્રક્શન સાઈટમાં ઘૂસ્યા હતા અને નજીકના જંગલોમાં ભાગતા પહેલા લગભગ ૧૦ મિનિટ સુધી ગોળીબાર કર્યો હતો. સ્થાનિક હુમલાખોર પાસે એક એકે-૪૭ રાઇફલ હતી જ્યારે તેના સાથી પાસે એક અમેરિકન એમ-૪ રાઇફલ હતી.

અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે સ્થાનિક આતંકવાદી તેના જૂથના અન્ય હુમલાખોરની ઘૂસણખોરીની સુવિધામાં સામેલ હોઈ શકે છે, જેણે આ વર્ષે માર્ચમાં તુલૈલ સેક્ટરમાંથી એલઓસી પાર કરી હતી.

ગયા વર્ષે ડિસેમ્બરથી ઉત્તર કાશ્મીરના તુલૈલ, ગુરેઝ, માછિલ અને ગુલમર્ગ સહિત વિવિધ વિસ્તારોમાંથી ઘૂસણખોરીના પ્રયાસોના ગુપ્તચર અહેવાલો છે, પરંતુ સેના પુષ્ટીના અભાવે તેને નકારી રહી છે.

સુરક્ષા દળોએ નોંધ્યું છે કે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સ્થાનિક યુવાનોની ઘૂસણખોરી અને ભરતીમાં વધારો થયો છે.

આતંકવાદીઓ હવે ગુપ્ત મેસેજ અને ઓપરેશનલ કોઓર્ડિનેશન માટે ટેલિગ્રામ અને માસ્ટોડોન જેવી એન્ક્રિપ્ટેડ મેસેજિંગ સર્વિસ પર આધાર રાખે છે, જે રાજૌરી અને પૂંછ જેવા અમુક જિલ્લાઓમાં પહેલાથી જ પ્રતિબંધિત છે.

સત્તાવાળાઓ સામે ગ્રાઉન્ડ લેવલ ઇન્ટેલિજન્સ એકત્ર કરવાનો પડકાર યથાવત્ છે. આ પ્રદેશમાં આતંકવાદનો સામનો કરવા માટે એક વ્યાપક અભિગમની નિર્ણાયક જરૂરિયાત પર ભાર મુક્યો હતો. ■

# પંજાબમાં સરહદ પારથી દાણચોરી કરતી ગૅંગનો પર્દાફાશ, ૧૦૫ કિલો હેરોઇન જપ્ત

ચંદીગઢ: પંજાબ પોલીસે રવિવારે સરહદ પારથી દાણચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ૧૦૫ કિલો હેરોઇન જપ્ત કર્યું હતું. આ મામલે એક વિદેશી ડ્રગ સ્મગલરના બે સાથીઓની ધરપકડ કરી છે. આ જાણકારી પોલીસે આપી હતી.

પંજાબ પોલીસના મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું કે પાકિસ્તાનથી ડ્રગ્સ લાવવા માટે જળમાર્ગનો ઉપયોગ કરવામાં આવતો હતો. ટાયરની મોટી રબર ટ્યૂબ પણ જપ્ત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે એક વિદેશી ડ્રગ સ્મગલરના બે સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે અને પાંચ વિદેશી અને એક દેશી બનાવટની પિસ્તોલ પણ જપ્ત કરવામાં આવી છે. યાદવે એક્સ પર જણાવ્યું હતું કે પંજાબમાં સૌથી મોટી હેરોઇનની જપ્ત: એક ગુપ્ત ઓપરેશનમાં પંજાબ પોલીસે સીમાપારથી દાણચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. વિદેશી ડ્રગ સ્મગલર નવપ્રીત સિંહ ઉર્ફે નવ ભુલ્લરના બે સહયોગીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૧૦૫ કિલો હેરોઇન, ૩૧.૯૩ કિલો કેફીન એનહાઇડ્રસ, ૧૭ કિલો ડીએમઆર, ૫ વિદેશી પિસ્તોલ અને ૧ દેશી બનાવટની પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાનથી ડ્રગ્સ લાવવા માટે જળમાર્ગનો ઉપયોગ કરવામાં આવતો હતો. ટાયરની મોટી રબર ટ્યૂબ પણ મળી આવી છે. જે દર્શાવે છે કે ડ્રગ્સની દાણચોરી જળમાર્ગ દ્વારા કરવામાં આવતી હતી. તેમણે કહ્યું કે નવજોત સિંહ અને લવપ્રીત કુમારની ધરપકડ કરવામાં આવી છે. ડીજીપીએ કહ્યું કે એફઆઇઆર નોંધવામાં આવી છે અને ડ્રગ કાર્ટેલમાં સામેલ અન્ય ગુનેગારોને ઝડપી લેવા માટે તપાસ ચાલી રહી છે. ■

# દેશમાં વધુ ૫૦ ફ્લાઇટ્સને મળી બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હી: ભારતીય એરલાઇન્સની ઓછામાં ઓછી ૫૦ ફ્લાઇટ્સને રવિવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. સૂત્રોએ આ જાણકારી આપી હતી. છેલ્લા ૧૪ દિવસમાં ભારતીય એરલાઇન્સની ૩૫૦થી વધુ ફ્લાઇટ્સને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. મોટાભાગની ધમકીઓ સોશિયલ મીડિયા દ્વારા આપવામાં આવી હતી.

અકાસા એરે રવિવારે જણાવ્યું હતું કે તેની ૧૫ ફ્લાઇટ્સને ધમકીઓ મળી છે અને સંપૂર્ણ તપાસ કર્યા પછી તમામ એરક્રાફ્ટને ઓપરેશન માટે રિલીઝ કરાયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ઇન્ડિગોની ૧૮ ફ્લાઇટ્સ અને વિસ્તારાની ૧૭ ફ્લાઇટ્સને ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી.

એરલાઇન્સને બૉમ્બથી ઉડાવી દેવાની ખોટી ધમકીઓ મામલે આઇટી મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને જવાબદારીઓનું પાલન કરવા અને આઇટી નિયમો હેઠળ નિર્ધારિત કડક સમયમર્યાદામાં ખોટી માહિતીના ઍક્સેસને તાત્કાલિક દૂર કરવા જણાવ્યું છે.

દરમિયાન, નાગરિક ઉડ્ડયન મંત્રાલય એરલાઇન્સને મળેલી ખોટી બોમ્બની ધમકીઓના જોખમ સામે કાર્યવાહી કરવા માટે કાયદાકીય પગલાં લેવાનું વિચારી રહ્યું છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| કુંભકોણમ મંદિર | પંજાબ |
| ત્ર્યંબકેશ્વર મંદિર | ત્રિપુરા |
| ૧૪ દેવ-દેવીનું મંદિર | તમિળનાડુ |
| જયંતિ દેવી મંદિર | ગુજરાત |
| સાંદિપની મંદિર | મહારાષ્ટ્ર |

### ઓળખાણ પડી?



ભગવાન બુદ્ધના દંતનાં અવશેષો ધરાવતું 'ટેમ્પલ ઑફ ધ સેક્રેડ ટુથ રેલિક' બૌદ્ધ મંદિર ભારતના કયા પાડોશી દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી?

અ) ભૂતાન બ) નેપાળ ક) શ્રીલંકા ડ) મ્યાનમાર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પા | રિ | ૨ વા | ૩ રિ | ક | ■ | ૪ મ | ણિ | ૫ યા | ૬ રો |
| ર્શ્વ | ■ | ૭ ગો | ટ | ■ | ૮ સ | ■ | ■ | ૯ ર | જ |
| ૧૦ ભૂ | ગો | ળ | ■ | ૧૧ સ | મૂ | ળ | ૧૨ ગું | ■ | બ |
| મિ | ■ | વું | ■ | ■ | હ | ■ | ૧૩ જ | ૧૪ બ | રો |
| ૧૫ કા | ૧૬ ખ | ■ | ૧૭ દ | ર | જી | ડો | ■ | ૧૮ હે | જ |
| ■ | ૧૯ ર | ૨૦ હી | શ | ■ | વ | ■ | ૨૧ ક | રા | ■ |
| ૨૨ યો | જ | ન | ■ | ૨૩ ઉ | ન | ■ | રો | ■ | ૨૪ ભ |
| ગ | ■ | ■ | ૨૫ બા | પ | ■ | ૨૬ મ | ■ | ૨૭ મ | લી |
| ૨૮ દા | ૨૯ દ | ૩૦ રો | ■ | ૩૧ વ | હ | ન | ■ | ૩૨ લા | વા |
| ૩૩ ન | વ | જી | વ | ન | ■ | ૩૪ સા | ર | વા | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ■ |
| ■ | | ■ | ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| ૧૮ | ■ | ૧૯ | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | |
| | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | ૨૪ | | |
| ૨૫ | ■ | | ■ | ૨૭ | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | ■ | ૩૦ | | | | ■ | ૩૧ | |
| | ■ | ૩૨ | | | ■ | | ■ | ૩૩ | |

**આડી ચાવી**

૧. ઉપવાસ કરો (૪)
૩. સરસ્વતી પૂજનનો દિવસ (૫)
૭. ધૂંસરી, ધૂરા, ધરપત (૨)
૮. અભણ, મૂઢ (૩)
૯. યોગ્ય (૩)
૧૧. કોપી, અનુકરણ (૩)
૧૨. એક ધાતુ (૨)
૧૩. --- ના જેવું (૨)
૧૪. સૂડા ૭૨ વાર્તાનો સંગ્રહ (૩)
૧૫. ડિઝાઇન (૨)
૧૬. આપ (૨)
૨૦. હંમેશાં (૨)
૨૧. --- નું અત્તર ખુશ્બેદાર હોય (૨)
૨૨. અંધારિયું (૨)
૨૩. શિયાળામાં પાણી --- જોઇએ (૪)
૨૮. સમયનું માપ (૨)
૨૯. ભાવ, કિંમત (૨)
૩૦. ઉમળકો (૪)
૩૧. હરેક (૨)
૩૨. દિવાળીમાં બારણે--- પૂરો (૩)
૩૩. ગંધ (૨)

**ઊભી ચાવી**

૧. સંપ, દોસ્તી (૪)
૨. ટકોરા (બારણે) (૩)
૩. મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય (૪)
૪. ઉદ્યાન (૨)
૫. રમા-લક્ષ્મીના પતિ (૪)
૬. --- રહેવું એટલે નજીક રહેવું (૩)
૭. ધનની પૂજા કરો (૫)
૧૦. એક રાગ (૩)
૧૫. કિંમત (૨)
૧૭. બધાને સાલમુબારક કરો (૬)
૧૮. હનુમાનજીને તેલ ચડાવો (૫)
૧૯. લાગણી (૩)
૨૧. શઠ, ધૂત (૨)
૨૩. વિરામ લેવો તે (૪)
૨૪. ચાવી, આરામ, રાહત (૨)
૨૭. દીવડા પ્રગટાવો (૩)
૩૦. નાસી જાવ (૨)
૩૧. --- વગર જીવાય નહીં (૨)

### ગુજરાત મોરી મોરી રે

દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ ગાંધીજીએ ૧૯૧૫માં આશ્રમની સ્થાપના કરી હતી. ગાંધી વિચારધારા વિકસી એ આશ્રમનું નામ જણાવો.

અ) વર્ધા આશ્રમ બ) સાબરમતી આશ્રમ
ક) કોચરબ આશ્રમ ડ) ફિનિક્સ આશ્રમ

### માતૃભાષાની મહેક

ખેતર એટલે અનાજ વાવવા ખેડીને સાફ કરેલી જમીન. ખેતર ભેળવવું એટલે ખેતરનો ઊભો મોલ ચારી દેવો અથવા પાક લઈ લીધા પછી ખેતરમાં ચરવા દેવાં. ખેતરાઈ એટલે એક શેઢે આવેલાં ખેતરોનો સમૂહ, ઘણાં ખેતર એકબીજાને અડીને હોય તે બધી જમીન. ખેતરપાળ એટલે ક્ષેત્રપાળ, ખેતરનું રક્ષણ કરનાર દેવ, ગ્રામ દેવતા.

### સુડોકુ-૭૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૪ | | ૭ | | ૬ | |
| ૪ | | | ૫ | | ૬ | | | ૧ |
| | ૬ | | | | | | ૭ | |
| | ૯ | ૫ | | ૧ | | ૭ | ૩ | |
| | | | ૩ | | ૯ | | | |
| | ૩ | ૧ | | ૮ | | ૬ | ૯ | |
| | ૧ | | | | | | ૨ | |
| ૨ | | | ૮ | | ૧ | | | ૩ |
| | ૮ | | ૯ | | ૨ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૩ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ | ૧ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૩ | ૪ |

### ઈર્શાદ

ઘણાં વર્ષો પછી તરફેણનો વરસાદ આવ્યો છે,
અમે પણ પાંગરી જઈશું, તમે થોડો સમય આપો.
- ભાવિન ગોપાણી

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'વહુએ વગોવ્યા મોટા ખોરડાં રે લોલ' પંક્તિમાં ખોરડાં શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) સંસ્કાર બ) સંબંધ ક) ઘર ડ) અરમાન

### માઈન્ડ ગેમ

વિશ્વમાં સૌથી વિશાળ અને ખ્રિસ્તીઓની અપાર શ્રદ્ધાનું પ્રતીક એવું સેન્ટ બેસિલિકા ચર્ચ કયા ઠેકાણે આવ્યું છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) પેરિસ બ) વેટિકન સિટી
ક) બર્લિન ડ) સ્લોવેનિયા

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કોણાર્ક સૂર્યમંદિર | ઓડિશા |
| મીનાક્ષી મંદિર | તમિલનાડુ |
| ગોમતેશ્વર મંદિર | કર્ણાટક |
| રુક્મિણી મંદિર | ગુજરાત |
| મદનમોહન મંદિર | પ. બંગાળ |

ઓળખાણ પડી?
તડકેશ્વર

માઈન્ડ ગેમ
બિહાર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સુખ

ગુજરાત મોરી મોરી રે
બોટાદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) ફાલ્ગુની શેઠ (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશ દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) હિના દલાલ (૪૪) મહેશ સંઘવી

# એકનાથ શિંદેની સેનાના વધુ ૨૦ ઉમેદવાર જાહેરઃ અત્યાર સુધી ૬૫ ઉમેદવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ખરાખરીનો જંગ લડવા માટે મહાયુતિ અને મહાવિકાસ આઘાડી બંને મેદાનમાં ઉતર્યા છે. ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં ૧૨૧ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જ્યારે શિંદેની શિવસેનાએ ૪૫ ઉમેદવારોની પ્રથમ યાદી રવિવારે વધુ એક ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આમાં જૂના શિવસૈનિકોને પણ તક આપવામાં આવી છે. શિવસેનાના અત્યાર સુધીમાં કુલ ૬૫ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. આ યાદીમાં મિલીંદ દેવરા, સંજય નિરૂપમ અને નિલેશ રાણેના નામ મુખ્ય છે. ભાજપના નેતા નારાયણ રાણેના પુત્રને શિંદે સેનાએ પોતાના ક્વોટામાંથી ઉમેદવારી આપી હોવાથી અનેક લોકોના ભવાં ઉંચકાયા છે.

શિંદેસેનાની બીજી યાદીમાં જેમને સ્થાન આપવામાં આવ્યું છે તેમાં અક્કલકુવા - આમાશ્યા પડવી, બાલાપુર- બલીરામ શિરસકર, રિસોડ - ભાવના ગવળી, હદગાંવ- બાબુરાવ કદમ-કોહલીકર, નાંદેડ- દક્ષિણ- આનંદ તિડકે-પાટીલ (બોંડારકર) પરભણી - આનંદ શેષરાવ ભરોસે, પાલઘર - રાજેન્દ્ર ગાવિત, બોઈસર (એસટી) - વિલાસ સુકુર તરે, ભિવંડી-ગ્રામીણ (એસટી) - શાંતારામ તુકારામ મોરે, ભિવંડી-પૂર્વ - સંતોષ મંજય્યા શેટ્ટી, કલ્યાણ-પશ્ચિમ - વિશ્વનાથ આત્મારામ ભોઈર, અંબરનાથ (એસસી)- ડો.બાલાજી પ્રહ્લાદ કિનીકર, વિક્રોલી - સુવર્ણા સહદેવ કરંજે, દિંડોશી - સંજય નિરુપમ, અંધેરી પૂર્વ - મુરજી કાનજી પટેલ, ચેમ્બુર - તુકારામ રામકૃષ્ણ કાતે, વરલી - મિલિંદ મુરલી દેવરા, પુરંદર - વિજય સોપાનરાવ શિવતારે, કુડાળ - નિલેશ નારાયણ રાણે, કોલ્હાપુર-ઉત્તર - રાજેશ વિનાયક ક્ષીરસાગરનો સમાવેશ થાય છે. ■

# બાન્દ્રા સ્ટેમ્પેડ એક ટ્રેન રદ થઈ ને...

## તહેવારો માટે આયોજન કરવામાં પશ્ચિમ રેલવે નિષ્ફળ

મુંબઈઃ મુંબઈના બાન્દ્રા ટર્મિનસ ખાતે રવિવારે વહેલી સવારે સ્ટેમ્પેડ (નાસભાગ)ની ઘટના બની હતી જેમાં નવ પ્રવાસી ઘાયલ થયા હતા. દિવાળી અને છઠ પૂજાને કારણે હાલમાં ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં વધુ ભીડ થતી હોય છે. રેલવે તરફથી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવે છે છતાં પ્રવાસીઓની ભીડને નિયંત્રણમાં રાખવામાં અને આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે યોગ્ય આયોજન કરવામાં પશ્ચિમ રેલવે નિષ્ફળ રહી છે.

અંત્યોદય એક્સપ્રેસ સાપ્તાહિક ટ્રેન છે. બાન્દ્રાથી ગોરખપુર વચ્ચે દર રવિવારે દોડાવવામાં આવે છે. આ ટ્રેનમાં બાવીસ કોચ અને તમામ કોચ જનરલ હોવાને કારણે તેમાં હંમેશાં જ ભીડ હોય છે. આ ટ્રેન માટે કોઇ પણ બુકિંગ અથવા રિઝર્વેશન હોતું નથી, એમ રેલવે પોલીસના ડેપ્યુટી કમિશનર મનોજ પાટીલે જણાવ્યું હતું. ■





### બે ટ્રેનની ભીડ એક ટ્રેનમાં થવા લાગેલી

રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજા માટે વધારાની સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવે છે, પરંતુ શનિવારની એક ટ્રેન ૧૬ કલાક મોડી હોવાને કારણે રદ કરવામાં આવી હતી. તે ટ્રેનની ભીડ અંત્યોદય એક્સપ્રેસમાં આવી હતી. બે ટ્રેનોની ભીડ એક ટ્રેનમાં થવા લાગી. પોલીસ દ્વારા પ્રવાસીઓને લાઇનમાં ઊભા રાખવાનું કામ પણ કરી રહ્યા હતા, પરંતુ જગ્યા મેળવવા માટે પ્રવાસીઓની નાસભાગ શરૂ થઇ હતી. ટ્રેન પહેલાથી ફૂલ હતી તેમાં પગ રાખવાની જગ્યા પણ નહોતી છતાં પ્રવાસીઓ તેમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા, એમ રેલવે પોલીસે જણાવ્યું હતું. ■

# અજિત પવારે બહાર પાડી ત્રીજી યાદીઃ ફલટણ બેઠક પર થયું સમાધાન

મુંબઈઃ અજિત પવારની એનસીપીએ રવિવારે પોતાની ત્રીજી યાદી જાહેર કરી છે. ચાર ઉમેદવારની યાદીમાં ફલટણની બેઠકનો પણ સમાવેશ થાય છે. આ બેઠક પર એનસીપી અને ભાજપ બન્નેએ દાવો કર્યો હતો, પરંતુ હવે સમાધાન થતા એનસીપીના ફાળે આ બેઠક ગઈ છે. ભારતીય જનતા પાર્ટીના દિગંબર અગવણેએ ફલટણ મતવિસ્તારમાં તૈયારીઓ શરૂ કરી દીધી હતી. સોશિયલ મીડિયા પર તેનું નામ ચર્ચામાં હતું. પરંતુ હવે એનસીપીએ આ જગ્યાએ પોતાનો ઉમેદવાર આપ્યો છે. એનસીપીના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ ચાર ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. સુનીલ તટકરેએ કહ્યું કે, અરજી ફોર્મ ભરવામાં હજુ ત્રણ દિવસ બાકી છે. મહાયુતિની દસ બેઠકનો નિર્ણય હવે બાકી છે. તે બપોર સુધીમાં આવી જશે. અમે ચાર ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી રહ્યા છીએ. ગેવરાઈ વિજયસિંહ પંડિત, ફલટણ મતવિસ્તારમાંથી સચિન પાટીલ, નિફાડમાંથી દિલીપકાકા બાંકર અને પારનેર મતવિસ્તારમાંથી કાશીનાથ દાતેને ઉમેદવારી આપવામાં આવી છે. ફલટણની બેઠક હાલમાં કોંગ્રેસ પાસે છે. ■

# મધ્ય અને પશ્ચિમ રેલવેનાં મહત્ત્વનાં સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ

મુંબઈઃ પ્રવાસીઓની ભીડને નિયંત્રણમાં રાખવા માટે મધ્ય અને પશ્ચિમ રેલવેના મહત્ત્વના સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે. રેલવે સ્ટેશનના પરિસરમાં બિનજરૂરી લોકોના ધસારાને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિવાળી અને છઠ્ઠ પૂજાને કારણે પ્લેટફોર્મની ટિકિટનું વેચાણ આઠમી નવેમ્બર સુધી હંગામી ધોરણે બંધ રહેશે. જોકે, ઈમર્જન્સીના કિસ્સાની સાથે સિનિયર સિટિઝનને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપી છે. તહેવારોના દિવસોમાં યોગ્ય પ્લાનિંગ પ્રમાણે પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવાનો રેલવે પ્રશાસન દ્વારા અપીલ કરવામાં આવી છે. ■

**મધ્ય રેલવે**

સીએસએમટી, દાદર, કુર્લા એલટીટી, થાણે, કલ્યાણ, પુણે અને નાગપુર

**પશ્ચિમ રેલવે**

મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાન્દ્રા ટર્મિનસ, બોરીવલી, વસઇ રોડ, વાપી, વલસાડ, ઉધના અને સુરત

## કોઇ હેલ્પલાઇન નંબર પણ જારી કરાયો નહીં

આટલી મોટી ઘટના બને ત્યારે રેલવે તરફથી હેલ્પલાઇન નંબર જારી કરવામાં આવે છે અથવા તો માહિતી પૂરી પાડવામાં આવે, પણ રવિવારે બનેલી ઘટનામાં રેલવે તરફથી કોઇ પણ માહિતી આપવામાં આવી નહોતી. દિવાળીની ભીડને ધ્યાનમાં રાખીને રેલવે તરફથી આરપીએફ, જીઆરપી તથા અન્ય કોઇ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. ■

## ઘાયલ કેટલા, હકીકત શું? પશ્ચિમ રેલવેનો લૂલો બચાવ

રેલવે સ્ટેશનના પરિસરમાં બનેલા બનાવમાં રેલવેએ ફક્ત બે જણ ઘાયલ થયા હોવાનું જણાવ્યું હતું જ્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટનો આંકડો કંઇ અલગ જ હતો.

### ૧૦ ઘાયલ થયાનો ડિઝાસ્ટર મેનેજમેન્ટનો દાવો

પશ્ચિમ રેલવેના અધિકારીએ દાવો કર્યો હતે કે શનિવારે મોડી રાતે આ ઘટના બની હતી જેમાં બે જણ ઘાયલ થયા હતા જ્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા આ ઘટનામાં ૧૦ જણ ઘાયલ થયા હોવાનું જણાવાયું હતું. ■

# કાશ! આપણા રીલ મિનિસ્ટર રેલવે પર પણ ધ્યાન આપતા હોતઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ મુંબઈના બાંદ્રા ટર્મિનસમાં રવિવારે સવારે ભારે ભીડને કારણે નાસભાગના સમાચાર જાણવા મળ્યા હતા. લોકોના ભારે ધસારાને કારણે નાસભાગ મચી ગઈ હતી, જેમાં નવ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી બેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ અંગે શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'કાશ! આપણી પાસે રીલ પ્રધાનના બદલે રેલવે પ્રધાન હોત.'

બાન્દ્રા ખાતે નાસભાગની ઘટના દર્શાવે છે કે આપણા રેલવે પ્રધાન કેટલા બધા અસમર્થ છે. ભાજપે તેમને વિધાનસભાની ચૂંટણી માટે મહારાષ્ટ્રના પ્રભારી બનાવ્યા છે. તેઓ રલવે પર કંઇ ધ્યાન જ નથી આપતા એવું લાગે છે. દર અઠવાડિયે રેલવેમાં અકસ્માતો થયા જ કરે છે એ કેટલી શરમજનક વાત છે અને આપણે પણ આવા

(જુઓ પાનું ૪) ▶▶

## શરદ પવારે જાહેર કરી ત્રીજી યાદી

# સ્વરા ભાસ્કરના પતિ નવાબ મલિકનાં પુત્રી સામે લડશે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી ભરવાના ત્રણ દિવસ બાકી છે ત્યારે હવે તમામ પક્ષ ઉમેદવારોની યાદી જાહેર કરવા માંડ્યા છે. શરદ પવારની એનસીપીએ રવિવારે એક યાદી જાહેર કરી છે, જે તેમની અંતિમ યાદી હોવાનું કહેવાય છે. જો આ સાચું હોય તો મહાવિકાસ આઘાડીમાં પવારના ભાગે ૨૮૮માંથી ૭૩ બેઠક આવી હોવાનું લાગી રહ્યું છે.

આ બેઠકોમાં મુંબઈની અણુશક્તિનગરની બેઠક પણ છે. અહીંથી ફવાદ અહેમદને ટિકિટ આપવામાં આવી છે. મૂળ ઉત્તર પ્રદેશનો ફવાદ અભિનેત્રી સ્વરા ભાસ્કરનો પતિ છે. અહીંથી અજિત પવારે નવાબ મલિકની પુત્રી સના મલિકને ટિકિટ આપી છે. યાદીમાં વાશિમ કરંજાથી જ્ઞાયક પાટણી, ચિંચવડથી રાહુલ કલાટે, માજલગાવથી મોહન જગતાપ, અણુશક્તિનગરથી ફહદ અહેમદ, પરલીથી રાજેસાહેબ દેશમુખ, હિંગાળાથી રમેશ બંગને ઉમેદવારી મળી છે. ■

# કોંગ્રેસે ૧૪ ઉમેદવાર જાહેર કર્યા

## અંધેરી અને ઔરંગાબાદના ઉમેદવાર બદલ્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે મહાવિકાસ આઘાડી (એમવીએ)એ જાહેર કરેલી ફોર્મ્યુલા પછી પણ બેઠકોની વહેંચણીમાં ખેંચતાણ વચ્ચે રવિવારે કોંગ્રેસે વધુ એક યાદી બહાર પાડીને ૧૪ ઉમેદવાર જાહેર કરીને અત્યાર સુધીના બધા જ ફોર્મ્યુલાનો છેદ ઉડાડતાં ૯૯ ઉમેદવારો જાહેર કરી નાખ્યા છે. બાકીના પક્ષોને અને નાના સાથી પક્ષોને હવે કેટલી બેઠકો લડવા માટે મળે છે તેના પર બધાનું ધ્યાન રહેશે. વધુમાં નારાજ સમાજવાદી અને અન્ય પક્ષો કેટલું નુકસાન પહોંચાડી શકે છે તે પણ જોવાનું રહેશે.

કોંગ્રેસ પાર્ટીમાં જ ઉમેદવારોમાં બેઠકોની ફાળવણી મુદ્દે નારાજ અંધેરીના ઉમેદવાર સચિન સાવંતને સ્થાને અશોક જાધવને ટિકિટ આપી છે. મુંબઈની સીટ સિવાય અમળનેરની સીટ પરથી ડો. અનિલ શિંદે, ઉમરેડ (એસસી)-સંજય નારાયણરાવ મેશ્રામ, અરમોરી (એસટી)-રામદાસ મસરામ, ચંદ્રપુર (એસસી)-પ્રવીણ નાનાજી પડવેકર, બલ્લારપુર-સંતોષસિંહ રાવત, વરોરા-પ્રવીણ સુરેશ કાકડે, નાંદેડ-પૂર્વ-અબ્દુલ સત્તાર અબ્દુલ ગફૂર, ઔરંગાબાદ-પૂર્વથી મધુકર દેશમુખના સ્થાને લહુ એચ. શેવાળે, નાલાસોપારાથી સંદીપ પાંડે, શિવાજીનગરથી દત્તાત્રેય બહિરાટ, પુણે કેન્ટોન્મેન્ટ (એસસી)થી રમેશ આનંદરાવ ભાગવે, સોલાપુર-દક્ષિણથી દિલીપ બ્રહ્મદેવ માને અને પંઢરપુરથી ભાગીરથ ભાલકેને ટિકિટ આપી છે. આમ કોંગ્રેસ કુલ મળીને ૯૯ ઉમેદવાર જાહેર કર્યા છે. ■

# મરાઠા સમાજ માટે વિવિધ યોજના અમલમાં મૂકવા મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સતત પ્રયત્નશીલ

મુંબઈઃ રાજ્યમાં મરાઠા સમાજની આરક્ષણની માગણી તેમ જ અન્ય સમાજની જેમ જ મરાઠા સમાજને માટે પણ વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. છેલ્લા એક વર્ષમાં અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓને કારણે મરાઠા સમાજને ઘણી રાહત મળી છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ વિવિધ યોજના માટે ભારે ભંડોળની ફાળવણી કરવામાં આવી છે. તેમાં સૌથી વધુ પ્રાધાન્ય શિક્ષણ સંબંધી યોજનાને આપવામાં આવ્યું હોવાથી મરાઠા સમાજની નવી પેઢીના ઘડતરમાં સહાય મળશે.



મરાઠા સમાજના કલ્યાણ માટેના મહત્ત્વના નિર્ણયો મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ લીધા છે. મુખ્યત્વે અણ્ણાસાહેબ પાટીલ આર્થિક વિકાસ મહામંડળ મારફતે વ્યક્તિગત અને જૂથ લોનની વ્યાજની પરતચુકવણીની યોજના હેઠળ ૭૪,૮૭૩ લાભાર્થીઓને રૂ. ૫,૬૫૯ કરોડની બેંક લોન મંજૂર કરીને તેના પરના રૂ. ૬૦૮.૧૨ કરોડના વ્યાજની પરતચુકવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

ડૉ. પંજાબરાવ દેશમુખ હોસ્ટેલ યોજના હેઠળ ૩,૭૯,૩૭૩ વિદ્યાર્થીને રૂ. ૧,૨૯૩ કરોડનું નિર્વાહ ભથ્થું આપવામાં આવ્યું છે. રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ શુલ્ક સ્કોલરશિપ યોજના હેઠળ ૧૭,૫૪,૪૯૪ વિદ્યાર્થીને વ્યાવસાયિક શિક્ષણ માટે રૂ. ૧,૨૬૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. છત્રપતિ રાજારામ મહારાજ સારથી ગુણવંત વિદ્યાર્થી સ્કોલરશિપ હેઠળ ૩૨,૬૩૯ વિદ્યાર્થીને રૂ. ૩૧ કરોડ વિતરીત કરવામાં આવ્યા હતા. આવી જ રીતે આ વર્ષે ૪૪,૧૦૨ વિદ્યાર્થીને રૂ. ૪૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. મરાઠા સમાજના ૭૫ વિદ્યાર્થીઓને વિદેશમાં ભણવા માટે સ્કોલરશિપનો લાભ આપવા માટે રૂ. ૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં આવા પ્રકારનો પ્રથમ લાભ મરાઠા સમાજના વિદ્યાર્થીને આપવામાં આવી રહ્યો છે.

### મરાઠા સમાજના ૧,૫૫૩ ઉમેદવારની અધિસંખ્ય પદે નિયુક્તિ

મરાઠા સમાજના ૧,૫૫૩ ઉમેદવારોની અધિસંખ્ય પદ પર નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ અદાલતી પ્રક્રિયામાં કોવિડ-૧૯માં ભરતી પ્રક્રિયામાં રખડી ગયેલા ઉમેદવારો માટે નીતિવિષયક નિર્ણય લઈને એમપીએસસી તેમ જ અન્ય સરકારી સેવામાં ૩,૨૦૦ ઉમેદવારોની નિયુક્તિ આપવામાં આવી હતી. એસઈબીસીમાંથી ઈડબ્લ્યુએસ તેમ જ ઓપન કેટેગરીનો વિકલ્પ આપીને ઉમેદવારોની ભરતી કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આવી રીતે કુલ ૪,૭૦૦ ઉમેદવારોને નિયુક્તિ આપવામાં આવી છે. સારથીના માધ્યમથી છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રશિક્ષણ લેનારા ૫૮ વિદ્યાર્થીને યુપીએસસી (૧૨ આઈએએસ, ૧૮ આઈપીએસ, ૮ આઈઆરએસ, ૧ આઈએફએસ, ૨ ફોરેસ્ટ સર્વિસ, પાંચ સીએપીએફ અને અન્ય સેવા ૧૨) તેમ જ ૩૦૪ વિદ્યાર્થીની એમપીએસસી દ્વારા પસંદગી કરવામાં આવી છે. ■

# થોરાત પરિવાર વિશે અપમાનજનક નિવેદન આપનાર વસંત દેશમુખ સામે એફઆરઆઈ

પુણેઃ ભાજપના ભૂતપૂર્વ સાંસદ સુજય વિખે-પાટીલે શુક્રવારે સંગમનેર તાલુકાના ધાંદરફળ ગામમાં યુવા સંકલ્પ મેળાવડાનું આયોજન કર્યું હતું. સુજય વિખે પાટીલના સમર્થક વસંત દેશમુખે તેમના ભાષણમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાતની પુત્રી જયશ્રી થોરાત વિશે વાંધાજનક નિવેદન કર્યું હતું. દેશમુખના નિવેદનને કારણે સંગમનેરમાં આગચંપીની ઘટનાઓ પણ બની હતી. તાલુકામાં તંગદિલી સર્જાઈ હતી. વિખે અને થોરાત વચ્ચેના આક્ષેપોને કારણે રાજકારણ ગરમાયું હતું, ત્યારે જયશ્રી થોરાત અને અન્ય નેતાઓએ વસંત દેશમુખની પોલીસ ધરપકડ કરે તે માટે આંદોલન કરવું પડ્યું હતું.

દરમિયાન પોલીસે વસંત દેશમુખની અટકાયત કરી છે. શનિવારે વસંત દેશમુખ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. પરંતુ ત્યારથી તે ફરાર હતો. જે બાદમાં જયશ્રી થોરાત સાથે કોંગ્રેસના કાર્યકરોએ પોલીસ સ્ટેશન સામે ધરણા કર્યા હતા. હવે લોકલ ક્રાઈમ બ્રાન્ચે પુણેથી વસંત દેશમુખની અટકાયત કરી છે. અગાઉ બાળાસાહેબ થોરાતે એવો આક્ષેપ કર્યો હતો કે વસંત દેશમુખને સંતાડી રાખવામાં આવ્યા છે.

દરમિયાન, દેશમુખની ધરપકડ માટે આંદોલન કરી રહેલાં જયશ્રી થોરાત અને અન્ય ૫૦ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. જયશ્રી થોરાતે પોલીસને કહ્યું કે, તમારે કોઈની ધરપકડ કરવી હોય તો મારી સાથે કરો, પરંતુ બાકીના સામાન્ય લોકોને પરેશાન કરવા નહીં. જયશ્રી થોરાતે જણાવ્યું હતું કે, વસંત દેશમુખે સુજય વિખે પાટીલની બેઠકની અધ્યક્ષતા કરી હતી. મૂળભૂત રીતે કાર્યક્રમના અધ્યક્ષનું સન્માન કરવામાં આવે છે, પરંતુ આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને કોને રાખવામાં આવ્યા હતા તે જોયું ને? ઉપરાંત, સુજય વિખેએ વસંત દેશમુખને તેમના વાંધાજનક નિવેદન આપતા રોક્યા ન હતા. ■

# દિવાળી વેકેશનમાં સાઈબર માફિયાઓ સક્રિય

## ફેક વેબસાઈટ બનાવી ડિસ્કાઉન્ટ સાથે નહિવત કિંમતમાં પેકેજ આપી લોભ-લાલચમાં ફસાવશે

મુંબઈઃ દિવાળી વેકેશન આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે ઘણા લોકો પરિવાર સાથે ફરવા જતા હોય છે. જે માટે એડવાન્સમાં હોટલ અને ધર્મશાળા સહિત બુકિંગ કરાવી દે છે. ત્યારે ફેક વેબસાઈટ બનાવી ડિસ્કાઉન્ટ સાથે નહિવત કિંમતમાં પેકેજ આપી લોભ-લાલચમાં ફસાવી છેતરપિંડી કરતા સાયબર માફિયાઓ પણ સક્રિય થઈ ગયા છે.

ઘણીવાર સસ્તાના ચક્કરમાં ઘણા લોકો પોતાના મોટી રકમ ગુમાવે છે, ત્યારે જાણો તમે કઈ રીતે આ ફેક વેબસાઈટને ઓળખી શકો છો અને છેતરપિંડીનો ભોગ બનતા કઈ રીતે બચી શકો છો. આ સાથે જ બુકિંગ કરતા પહેલાં કઈ બાબતોનું ધ્યાન રાખવું? શું કરવું? શું ન કરવું?

સાયબર એક્સપર્ટ મયૂરે જણાવ્યુ હતું કે, ગુજરાતની પ્રજા ફરવા માટે ટેવાયેલી છે. જ્યાં-જ્યાં વર્લ્ડ વિસ્તરેલું છે, ત્યાં ત્યાં ગુજરાતી પ્રજા આપણને જોવા મળતી હોય છે. દિવાળીનો સમય એવો હોય છે કે, ગુજરાતીઓ ફરવા માટે પહેલેથી જ બુકિંગ કરતા હોય છે અને સાયબર અપરાધીઓ એનો જ ફાયદો ઉઠાવવા માટે જાણીતાં સ્થળોની જાણીતી હોટલ કે ધર્મશાળાની ફેક વેબસાઈટ બનાવે છે અને ઇન્ટરનેટ પર તેનો ફ્લો કરે છે. ગુજરાતની પ્રજા સામાન્ય રીતે સર્ચ એન્જિન પર સર્ચ કરીને તે જગ્યાનું નામ અને હોટલનું નામ લખતા હોય છે. તેનો જ લાભ લઈને સાયબર માફિયાઓ તેની ફેક યુઆરએલ બનાવીને તેને સ્પોન્સર્ડ સ્વરૂપે દર્શાવીને સર્ચ એન્જિન ઓપ્ટી માઈઝેશન ટેક્નિકનો ઉપયોગ કરીને ટોપ પર બતાવવાનો પ્રયત્ન કરે છે. લોકોને ટેવ હોય છે કે પહેલા, બીજા અને ત્રીજા નંબર પર જે પણ વેબસાઈટ દેખાતી હોય છે, તેના ઉપર ક્લિક કરી બુકિંગ કરી દેતા હોય છે.

વધુમાં કહ્યું કે, સાયબર માફિયાઓ જાણીતી હોટલ અને ટ્રાવેલ એજન્ટોને વેબસાઈટ પર જે રકમ હોય છે, તેના કરતાં ઓછી રકમનું પેકેજ સાથે તેનાં પર પણ ડિસ્કાઉન્ટ પેકેજ આપતા હોય છે. જેના કારણે લોકોના માનસ પર લોભ લાલચ જાગે છે અને તેઓના ખિસ્સા ખાલી કરે છે. આવા સાયબર માફિયાઓ સો ટકા હોટલનું બુકિંગ માંગે છે અને તેઓ ક્યુઆર કોડના માધ્યમથી પેમેન્ટ કરાવે છે. આ ક્યુઆર કોડ કોઈ હોટલના નામનો હોતો નથી, તે વ્યક્તિગત નામનો હોય છે. આવી વેબસાઈટો સવારના સમયે ઉદય થાય છે અને સાંજના સમયે અસ્ત થઈ જાય છે. હાલમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવી રહ્યા છે, ગત વર્ષે આ એ.મો. પર કરોડો રુપિયા ઠગબાજોએ લોકોના ઠગી લીધા હતા. જ્યારે વ્યક્તિ પોતાના પરિવાર સાથે તે સ્થળ પર પહોંચે છે, ત્યારે કોઈપણ જાતનું ત્યાં બુકિંગ જોવા મળતું નથી અને ત્યારે જ ખ્યાલ આવે છે કે તેની જોડે છેતરપિંડી થઈ છે.

જે ટ્રસ્ટેડ વેબસાઈટ છે અને ટ્રસ્ટેડ ટ્રાવેલ પોર્ટલ છે, તેના પરથી જ બુકિંગની આશા રાખવી જોઈએ. કોઈપણ વેબસાઈટ ફેક છે કે નહીં? તે ચેક કરવા માટે વ્જ્ઞ શત મજ્ઞળશક્ષ સર્ચ કરી તેનો યુઆરએલ પેસ્ટ કરી ચેક કરી શકો છો. જેમાં તમને આ વેબસાઈટનો ઓનર અને વેબસાઈટ ક્યારે રજિસ્ટર થઈ છે તેની વિગતો બતાવશે. ■

# પુષ્પા ટૂ હવે પાંચમી ડિસેમ્બરે થશો રિલીઝ

મુંબઈઃ સાઉથના સુપર સ્ટાર (અલ્લુ અર્જુન)ના ફેન્સ માટે દિવાળી પહેલાં જ ધમાકેદાર સમાચાર સામે આવ્યા છે. જી હા, લાંબા સમયથી ફેન્સ જે ઘડીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ઘડી આવી પહોંચી છે. મળી રહેલી માહિતી પ્રમાણે હવે ફિલ્મ પુષ્પા-ટુ પાંચમી ડિસેમ્બરના રિલીઝ થવા જઈ રહી છે અને આ બાબતની માહિતી આપતું એક ટ્વીટ પણ કરવામાં આવ્યું છે.

ફિલ્મ પુષ્પા-ટુને લઈને દર્શકોમાં ખૂબ ઉત્સુકતા જોવા મળી રહી છે, પરંતુ તેને રિલીઝ ડેટને લઈને સતત કંઈકને કંઈક અપડેટ્સ આવી રહ્યા હતા. પહેલાં આ ફિલ્મ છઠ્ઠી ડિસેમ્બરના રિલીઝ થવાની હતી, પરંતુ આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માયથ્રિલઓફિસિયલ નામની આઈડી પરથી ટ્વીટ કરીને ફિલ્મની નવી રિલીઝ ડેટ અંગેની જાહેરાત કરવામાં આવી છે.

નવી રિલીઝ ડેટ પ્રમાણે હવે આ ફિલ્મ પાંચમી ડિસેમ્બરના રિલીઝ થશે. આ સમાચાર ચોક્કસ જ દિવાળી પહેલાં અલ્લુ અર્જુનના ફેન્સ માટે એક ધમાકેદાર ન્યૂઝ સાબિત થયા હશે. અલ્લુ અર્જુનના ફેન્સ ખૂબ જ લાંબા સમયથી આ ફિલ્મ રિલીઝ થાય એની રાહ જોઈ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે 'પુષ્પા ૨' એ રિલીઝ પહેલા જ ૧૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી હતી. અહીં ફિલ્મો રિલીઝ થયા પછી પણ ૧૦૦૦ કરોડ રૂપિયા કમાઈ શકતી નથી. 'પુષ્પા ૨'એ રિલીઝ પહેલા જ આ સિદ્ધિ મેળવી લીધી છે. કઈ રીતે આ શક્ય બન્યું એના વિશે વાત કરીએ તો એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ, 'પુષ્પા ૨' એ રિલીઝ પહેલાં જ ઈતિહાસ રચી દીધો છે. ભાગ્યે જ એવી કોઈ ભારતીય ફિલ્મ હશે જેણે રિલીઝ પહેલા જ ૧૦૦૦ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો હોય. તેનો કુલ પ્રી-રીલીઝ બિઝનેસ ૧૦૮૫ કરોડનો આંકડો વટાવી ચૂક્યો છે. ■

# રોહિતે ટી-૨૦વાળી માનસિકતા છોડવી જોઈએઃ માંજરેકર

## કૅપ્ટનની છેલ્લી આઠમાંથી એક ઈનિંગ્સમાં એક હાફ સેન્ચુરી, સાત દાવમાં પચીસ રન પણ નથી બનાવી શક્યો

પુણેઃ રોહિત શર્માના સુકાનમાં ભારતની ટી-૨૦ ટીમે હજી ચાર મહિના પહેલાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો ત્યારે રોહિતની ખૂબ વાહ-વાહ થઈ હતી. એ યાદગાર ચૅમ્પિયનપદ સાથે રોહિતે ટી-૨૦ ઇન્ટરનૅશનલ ફૉર્મેટને ગુડબાય પણ કરી હતી, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરનું માનવું છે કે રોહિતે ટેસ્ટમાં ટી-૨૦વાળી માનસિકતા છોડી દેવાની જરૂર છે.



રોહિત જે છેલ્લી ચાર ટેસ્ટ રમ્યો છે એમાં તેની ફક્ત એક હાફ સેન્ચુરી છે અને આઠમાંથી બાકીની સાત ઇનિંગ્સમાં તે ફ્લૉપ રહ્યો છે. બાંગ્લાદેશ સામેની ચાર ટેસ્ટ ઇનિંગ્સમાં તેના સ્કોર આ મુજબ હતાઃ ૫, ૬, ૮ અને ૨૩. હાલમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાતી ટેસ્ટ-શ્રેણીની પહેલી બે ટેસ્ટના ચાર દાવમાં તેના સ્કોર આ પ્રમાણે છેઃ ૫૨, ૨, ૮ અને ૦.

એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટને સંજય માંજરેકરે કહ્યું છે, 'સરફરાઝ ખાનને બૅટિંગમાં નીચલા ક્રમે મોકલવો અને વૉશિંગ્ટન સુંદરને તેનાથી ઉપરના નંબર પર મોકલવો એવી અજમાયશ સફળ નથી થતી. રોહિત શર્માએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે ટી-૨૦ની માનસિકતાથી તેણે બચવાની જરૂર છે. લેફ્ટ અને રાઇટ કૉમ્બિનેશને વચ્ચે સમતુલા રાખવાની જરૂર નથી. તેણે બસ, પોતાના ખેલાડીઓની ક્ષમતા સાથે આગળ વધવું જોઈએ.'

શનિવારે પુણેમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની બીજી ટેસ્ટના બીજા દાવમાં વૉશિંગ્ટનને છઠ્ઠા નંબરે અને સરફરાઝને સાતમા નંબરે મોકલવામાં આવ્યો હતો. વૉશિંગ્ટન ૨૧ રન બનાવીને અને સરફરાઝ નવ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

ન્યૂ ઝીલૅન્ડ બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટ આઠ વિકેટે જીત્યું અને બીજી ટેસ્ટમાં શનિવારે ત્રીજા દિવસે કિવીઓએ ભારતને ૧૧૩ રનથી હરાવીને શ્રેણીની ટ્રોફી પર કબજો કરી લીધો. છેલ્લી લાગલગાટ ૧૮ હોમ ટેસ્ટમાં ભારતનો વિજય થયો હતો, પરંતુ શનિવારે એ ઐતિહાસિક સિલસિલો અટકી ગયો હતો અને ૧૯મી ટેસ્ટમાં ભારતે પરાજય જોયો છે. ■

# રણજીમાં સરસાઈના બોજ બાદ સૌરાષ્ટ્રની વળતી લડતઃ બરોડાના બે બૅટર સદી ચૂક્યા

રાજકોટઃ અહીં ચાર દિવસની રણજી મૅચમાં બે દિવસ બાકી છે અને સૌરાષ્ટ્ર-રેલવે વચ્ચે ભારે રસાકસી જામી છે. રેલવેએ પ્રથમ દાવમાં ૩૮ રનની લીડ લીધી ત્યાર બાદ સૌરાષ્ટ્રએ બીજા દાવમાં ૧૨૨ રનમાં રેલવેની સાત વિકેટ લઈ લીધી હતી અને સરસાઈ સહિત રેલવેના ૧૬૦ રન હતા. સૌરાષ્ટ્રને સાધારણ લક્ષ્યાંક મળી શકે છે જેને ધ્યાનમાં લેતાં ચેતેશ્વર પુજારા, શેલ્ડન જૅક્સન, અર્પિત વસાવડા, હાર્વિક દેસાઈ, ચિરાગ જાની વગેરે બૅટર્સ સોમવારે અથવા મંગળવારે આસાન વિજય અપાવી શકશે. રેલવેને બીજા દાવમાં રમતના અંત સુધીમાં ૧૨૨/૭ સુધી સીમિત રખાવવામાં યુવરાજસિંહ ડોડિયા (૫૦ રનમાં ત્રણ), ધર્મેન્દ્રસિંહ જાડેજા (૪૦ રનમાં ત્રણ) અને પાર્થ ભુત (૨૬ રનમાં એક)નાં મુખ્ય યોગદાન હતાં.

અગરતલામાં મુંબઈએ સૂર્યાંશ શેડગેના ૯૯ રન, શમ્સ મુલાનીના ૭૧ રન, શાર્દુલ ઠાકુરના ૬૨ રન અને હિમાંશુ સિંહના ૫૯ રનની મદદથી પ્રથમ દાવમાં ૪૫૦ રન બનાવ્યા હતા. ત્રિપુરાની ટીમ ૬૦ રનમાં એક વિકેટ ગુમાવી ચૂકી હતી.

જયપુરમાં ગુજરાતે પ્રિયાંક પંચાલના ૧૧૦ રનની મદદથી કુલ ૩૩૫ રન બનાવ્યા ત્યાર બાદ રાજસ્થાને ૧૮૦ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી.

વડોદરામાં બરોડાના મહેશ પીઠિયાની પાંચ અને ભાર્ગવ ભટ્ટની બે વિકેટને કારણે ઓડિશાની ટીમનો દાવ ૧૯૩ રને સમેટાઈ ગયો હતો. બરોડાએ છ વિકેટે ૩૫૪ રન બનાવ્યા હતા. શિવાલિક (૯૬) ચાર રન માટે અને વિષ્ણુ સોલંકી (૯૮) બે રન માટે સદી ચૂક્યો હતો. કૃણાલ પંડ્યા ૮૮ રને રમી રહ્યો હતો. ■

# કોહલીએ ગુસ્સો ઉતાર્યો પાણીના બૉક્સ પર, બૅટ ફટકારી દીધું!



પુણેઃ શનિવારનો દિવસ ભારતીય ક્રિકેટ માટે સારો નહોતો. ન્યૂ ઝીલૅન્ડને એ દિવસે બંને દેશ વચ્ચેના ૭૦ વર્ષના ઇતિહાસમાં પહેલી વખત ભારતની ધરતી પર ટેસ્ટ સિરીઝ જીતવા મળી. ટીમ ઇન્ડિયાને હારથી બચાવવા વિરાટ કોહલી પર સૌથી વધુ મદાર હતો, પરંતુ તે ફરી એકવાર સસ્તામાં આઉટ થઈ ગયો. પોતાની સાથેની ગેરસમજમાં રિષભ પંતે ઝીરો પર રનઆઉટમાં વિકેટ ગુમાવી ત્યાર બાદ ખુદ કોહલી ૧૭ રન બનાવીને આઉટ થયો હતો અને પાછા આવતી વખતે પોતાના પર જ ગુસ્સામાં હતો.

કોહલી પ્રથમ દાવમાં ફક્ત એક રને સ્પિનર મિચલ સૅન્ટનરના ફુલ-ટૉસમાં ક્લીન બોલ્ડ થયો હતો. શનિવારે બીજા દાવમાં સૅન્ટનરનો જ બૉલ નીચો રહી જતાં તે એલબીડબ્લ્યૂ થયો હતો. તે એશિયાની પિચો પર છેલ્લી ૨૭માંથી ૨૨ ઇનિંગ્સમાં સ્પિનરનો શિકાર થયો છે. શનિવારે ફરી એકવાર મિચલ સૅન્ટનરનો શિકાર થઈ ગયા બાદ કોહલી ડ્રેસિંગ રૂમમાં પાછો આવી રહ્યો હતો ત્યારે પોતાના પર જ ખૂબ ગુસ્સે હતો. ડ્રેસિંગ રૂમમાં ઉપર આવતાં પહેલાં નીચે જમણી તરફ પડેલા પાણીના બૉક્સ પર તેણે ગુસ્સામાં બૅટ ફટકાર્યું હતું. આ ઘટનાનો વિડીયો વાયરલ થયો છે.

જૂન મહિનામાં કોહલીએ ટી-૨૦ વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં હાફ સેન્ચુરીથી ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો, પરંતુ ઘણા સમયથી ટેસ્ટ ક્રિકેટમાં તે સારું નથી રમી શક્યો.

ભારતે શનિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે જીતવા માટે ૩૫૯ રનનો લક્ષ્યાંક મેળવવાનો હતો અને એ માટે એકાદ-બે મોટી ભાગીદારીની જરૂર હતી. જોકે એ જ સમયે કોહલી વિકેટ ગુમાવી બેઠો હોવાથી પોતાના પર ક્રોધિત હતો.

કૅપ્ટન રોહિત શર્મા પણ આ સિરીઝમાં ફ્લોપ છે અને કોહલી તેમ જ રોહિતની ટેસ્ટ કરિયર સામે હવે પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે.

શનિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો ૧૧૩ રનથી પરાજય થયો હતો. આ સિરીઝમાં ભારતીય સ્પિનર્સે અફલાતૂન પર્ફોર્મ કર્યું છે, પરંતુ એકંદરે બૅટર્સ નિષ્ફળ રહ્યા હોવાથી ભારતે સિરીઝની ટ્રોફી ગુમાવવી પડી છે. ■

# રાધા યાદવનો જૉન્ટીની સ્ટાઇલમાં ડાઇવિંગ કૅચ





અમદાવાદઃ મુંબઈની ૨૪ વર્ષની લેફ્ટ-આર્મ સ્પિનર રાધા યાદવ ફીલ્ડિંગની બાબતમાં ભારતીય મહિલા ટીમની ટૉપ-પ્લેયર્સમાં ગણાય છે. અહીં અમદાવાદમાં ક્રિકેટજગતના સૌથી મોટા સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ચાલતી સિરીઝમાં તેણે ફરી એકવાર સાબિત કર્યું છે કે મુશ્કેલ કૅચ પકડવાનો સમય આવે તો તે ઍથ્લીટ જેવી સ્ટાઇલથી એ કૅચ પકડવામાં ક્યારેય પાછીપાની નથી કરતી. રવિવારે તો તેણે કમાલ કરી. ફીલ્ડિંગ-લેજન્ડ સાઉથ આફ્રિકાના જૉન્ટી રહોડ્સની સ્ટાઇલમાં તેણે ડાઇવિંગ કૅચ પકડ્યો હતો.

રવિવારે રાધાએ અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની બીજી વન-ડેમાં અફલાતૂન કૅચ પકડ્યો હતો. આ કૅચનો વીડિયો બીસીસીઆઇએ સોશિયલ મીડિયા પર શૅર કર્યો છે.

ન્યૂ ઝીલૅન્ડે ટૉસ જીતીને બૅટિંગ લીધી હતી અને ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા. રાધાએ સૌથી વધુ ચાર વિકેટ લેવા ઉપરાંત ત્રણ કૅચ પણ પકડ્યા હતા. એમાંનો એક કૅચ તેણે પોતાના જ બૉલમાં પકડ્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડની ૩૨મી ઓવર નવી બોલર પ્રિયા મિશ્રાએ કરી હતી જેના ત્રીજા બૉલમાં બ્રૂક હૉલિડેએ લૉફ્ટેડ શૉટ મારવાનો પ્રયાસ કર્યો હતો. બૉલ એક્સ્ટ્રા કવર તરફ ગયો હતો અને રાધાએ પાછળની તરફ દોડ્યા બાદ ફુલ લેન્ગ્થમાં ડાઇવ મારીને બન્ને હાથે કૅચ પકડી લીધો હતો તેમ જ પોતે નીચે પડે ત્યારે બૉલ ઘાસને અડી ન જાય એની તેણે ખાસ તકેદારી રાખી હતી. પ્રિયા મિશ્રાને પહેલી વન-ડે વિકેટ મળી, પણ એનો સંપૂર્ણ શ્રેય રાધાને જાય છે.

સોશિયલ મીડિયા પર રાધાની આ કૅચ બદલ ખૂબ પ્રશંસા થઈ છે. ફૅન્સે બીસીસીઆઇના વીડિયો પર પણ કમેન્ટ કરી છે. ■

## ભારતની મહિલાઓ પણ ન્યૂ ઝીલૅન્ડ સામે હારી

અમદાવાદઃ શનિવારે પુણેની ટેસ્ટમાં ભારતના પુરુષ ખેલાડીઓની ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝ હારી ગઈ ત્યાર બાદ રવિવારે અમદાવાદમાં ભારતની મહિલાઓએ પણ ન્યૂ ઝીલૅન્ડની વિમેન્સ ટીમ સામે હાર જોવી પડી હતી. બન્ને મહિલા ટીમ વચ્ચે અમદાવાદમાં ત્રણ મૅચની વન-ડે સિરીઝ ચાલે છે જેની બીજી મૅચમાં કિવીઓની ટીમે ૭૬ રનથી જીતીને શ્રેણીને ૧-૧થી બરાબરીમાં લાવી દીધી હતી. ન્યૂ ઝીલૅન્ડે કૅપ્ટન સૉફી ડિવાઇનના ૭૯ રનની મદદથી નવ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા. રાધા યાદવે ચાર વિકેટ લીધી હતી. હરમનપ્રીતના સુકાનમાં ભારતીય ટીમ રાધાના ૪૮ રનની વળતી લડત છતાં ૧૮૩ રને ઑલઆઉટ થઈ હતી. રાધા-સાઇમા વચ્ચે નવમી વિકેટ માટે ભારત વતી ૭૦ રનની વિક્રમજનક ભાગીદારી થઈ હતી. ભારતે ૨૪મીએ પ્રથમ મૅચ ૫૯ રનથી જીતી લીધી હતી.

હવે ત્રીજી તથા અંતિમ વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અમદાવાદમાં જ રમાશે.

## કોલકાતામાં હૈદરાબાદનો ડંકો વાગ્યો



શનિવારે કોલકાતામાં ઇન્ડિયન સુપર લીગ (આઇએસએલ)માં મોહમેડન ક્લબ સામેની મૅચમાં ગોલ કર્યા પછી હૈદરાબાદ ફૂટબૉલ ક્લબનો પરાગ શ્રીવસ. તેણે ૫૧મી મિનિટમાં ગોલ કર્યો હતો. હૈદરાબાદનો આ ચોથો ગોલ હતો અને આ ટીમે મોહમેડનની ટીમને ૪-૦થી હરાવી હતી. હૈદરાબાદ વતી ઍલન મિરાન્ડાએ બે ગોલ કર્યા હતા અને એક ગોલ સ્ટેફાન સાપિચે કર્યો હતો. (પીટીઆઇ)

# મૅચ શરૂ થયાને માંડ ત્રણ સેકન્ડ થઈ ત્યાં તો ફૂટબોલરને બતાવાયું રેડ કાર્ડ!



રફા સિલ્વાએ હરીફ ખેલાડી કેઇક રૉચાને ગરદનમાં કોણી મારી હતી

સાઓ પોઉલોઃ અહીં શનિવારે એક ફૂટબૉલ મૅચની શરૂઆતમાં જ ગજબનો ડ્રામા થયો હતો. કૉપા સુદામૅરિકેના નામની સ્પર્ધામાં બ્રાઝિલના એક ફૂટબોલરે હજી તો મૅચમાં રમવાનું શરૂ કર્યું ત્યાં તેણે હરીફ ખેલાડીને કોણી ફટકારી એટલે રેફરીએ તે રેડ કાર્ડ બતાવીને મૅચની બહાર કરી નાખ્યો હતો.

ક્રુઝેઇરોના રફા સિલ્વાએ મૅચની હજી માંડ શરૂઆત થઈ (કિક-ઑફ થઈ) અને ત્રીજી જ સેકન્ડમાં તેણે બૉલ પર કબજો કરવાના પ્રયાસમાં અટલેટિકો પારાનેન્સ ટીમના પ્લેયર કેઇક રૉચાને ગરદનમાં કોણી મારી હતી. આ ફાઉલ બદલ રેફરી રૉડ્રિગો પરેરા દ લિમાએ સિલ્વાને રેડ કાર્ડ બતાડી દીધું હતું.

ફૂટબૉલના ઇતિહાસમાં મૅચનો આરંભ થયો હોય અને શરૂઆતની ક્ષણોમાં જ કોઈ પ્લેયરને રેડ કાર્ડ બતાવાયું હોય એવા બનાવોમાં શનિવારની આ ઘટના જરૂર સામેલ થશે.

ઉલ્લેખનીય છે કે ૨૦૦૭માં શેફીલ્ડ યુનાઇટેડ ટીમની રીડિંગ ક્લબ સામેની મૅચ શરૂ થઈ ત્યાં તરત જ (ઝીરો સેકન્ડમાં જ) શેફીલ્ડના કીથ ગિલેસ્પીના ખેલાડીએ પહેલી જ ક્ષણમાં હરીફ ટીમના સ્ટીફન હન્ટને કોણી મારી હતી જેને પગલે રેફરીએ રમત રોકીને કીથને રેડ કાર્ડ બતાવી દીધું હતું.

દરમ્યાન, શનિવારની બ્રાઝિલની મૅચમાં ક્રુઝેઇરોની ટીમનો અટલેટિકો પારાનેન્સ સામે ૦-૩થી પરાજય થયો હતો. ■

# લેવાન્ડૉવ્સ્કી અને યમાલે ઍમ્બપ્પેની યાદગાર મૅચ બગાડી, જાણો કેવી રીતે...

બાર્સેલોનાઃ ફ્રાન્સનો વર્લ્ડ કપ રનર-અપ ફૂટબોલર કીલિયાન ઍમ્બપ્પે તાજેતરમાં જ સ્પેનની રિયલ મૅડ્રિડ ટીમમાં જોડાયો અને શનિવારે તે પહેલી જ વાર 'ક્લાસિકો' મુકાબલામાં રમ્યો હતો જેમાં તેણે પરાજય જોવો પડ્યો હતો. રોબર્ટ લેવાન્ડૉવ્સ્કી અને ૧૭ વર્ષના ખેલાડી લેમિન યમાલના ગોલની મદદથી બાર્સેલોનાએ રિયલ મૅડ્રિડને ૪-૦થી હરાવી દીધું હતું.

'ક્લાસિકો' મૅચ એટલે સ્પેનની ટોચની બે ફૂટબૉલ ક્લબ બાર્સેલોના તથા રિયલ મૅડ્રિડની ટીમ વચ્ચેની ટક્કર. ઍમ્બપ્પેની આ પહેલી જ 'ક્લાસિકો' મૅચ હતી જેમાં બાર્સેલોનાના સર્વોત્તમ ખેલાડી લેવાન્ડૉવ્સ્કીએ બે ગોલ કર્યા હતા તથા યમાલે એક ગોલ કરીને અનોખો વિક્રમ રચ્યો હતો.

'ક્લાસિકો' મુકાબલામાં યમાલ ગોલ કરનાર સૌથી યુવાન ખેલાડી બન્યો હતો. યમાલે શનિવારે ૧૭ વર્ષ અને ૧૦૫ દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. તેની જ ટીમના અન્સુ ફૅટીએ ઑક્ટોબર ૨૦૨૦માં 'ક્લાસિકો'માં ગોલ કર્યો ત્યારે તેની ઉંમર ૧૭ વર્ષ અને ૩૫૫ દિવસ હતી.

લેવાન્ડૉવ્સ્કીએ ઉપરાઉપરી બે ગોલ (૫૪ તથા ૫૬મી મિનિટમાં) કર્યા હતા. ત્યાર બાદ ત્રીજો ગોલ યમાલે ૭૭મી મિનિટમાં અને ચોથો ગોલ રાફિન્યાએ ૮૪મી મિનિટમાં કર્યો હતો.

બાર્સેલોનાની આ જીત ત્રણ જ દિવસ પહેલાંની તેની ચૅમ્પિયન્સ લીગમાંની શાનદાર જીતના ત્રણ જ દિવસ બાદ નોંધાઈ છે. ચૅમ્પિયન્સ લીગમાં બાર્સેલોનાએ બાયર્ન મ્યુનિકને ૪-૧થી હરાવ્યું હતું. બાર્સેલોનાએ છેલ્લી પાંચ મૅચમાં ૨૧ ગોલ કર્યા છે, જ્યારે એની સામે ફક્ત બે ગોલ થયા છે.

## પ્રીમિયર લીગમાં હાલૅન્ડે મૅન્ચેસ્ટર સિટીને ટોચ પર મોકલી

મૅન્ચેસ્ટરઃ અહીં શનિવારે ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં મૅન્ચેસ્ટર સિટીએ સાઉધમ્પ્ટનને ૧-૦થી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. ટેબલમાં સિટી હવે લિવરપુલથી બે પૉઇન્ટ આગળ છે. અર્લિંગ હાલૅન્ડે પાંચમી જ મિનિટમાં ગોલ કરીને સિટીને બાયર્ન સામે ૧-૦થી સરસાઈ અપાવી હતી અને ત્યાર બાદ બાયર્નની ટીમે ડિફેન્સમાં સુધારો કરીને પોતાની સામે વધુ ગોલ નહોતો થવા દીધો, પણ પોતાના ખેલાડીઓ એકેય ગોલ પણ નહોતા કરી શક્યા જેને પગલે છેવટે સિટીને ૧-૦થી વિજેતા ઘોષિત કરાઈ હતી. ■

# બાબરે કૅપ્ટન્સી છોડી એટલે પાકિસ્તાને રિઝવાનને સોંપ્યું સુકાન

## બાબર, આફ્રિદી, નસીમની ઝિમ્બાબ્વેની ટૂર માટેની ટીમમાંથી બાદબાકીઃ ઇન્ઝમામના ભત્રીજા અને ફખરને જાકારો

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ રવિવારે વિકેટકીપર-બૅટર મોહમ્મદ રિઝવાનને મર્યાદિત ઓવર્સ માટેની ટીમોના નવા કૅપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે. તે ઑસ્ટ્રેલિયા ખાતેના આગામી વન-ડે તથા ટી-૨૦ પ્રવાસ માટેની ટીમનું નેતૃત્વ સંભાળશે.

બાબર આઝમે તાજેતરમાં કૅપ્ટન્સી છોડી ત્યાર બાદ પીસીબીએ રિઝવાન પર કળશ ઢોળ્યો છે. ઑસ્ટ્રેલિયામાં પાકિસ્તાનની ટીમ ૪-૧૮ નવેમ્બર દરમ્યાન વન-ડે સિરીઝ અને ત્યાર પછી ટી-૨૦ સિરીઝ રમશે. ઑસ્ટ્રેલિયાના આ પ્રવાસ સાથે રિઝવાન કૅપ્ટન તરીકેની જવાબદારી સંભાળશે. જોકે આ ટૂર બાદ ઝિમ્બાબ્વેમાં રમાનારી વનઅને ટી-૨૦ સિરીઝમાંથી રિઝવાનને આરામ આપવામાં આવ્યો છે.

૩૨ વર્ષનો રિઝવાન પાકિસ્તાન વતી ૨૦૧૫ની સાલથી અત્યાર સુધીમાં ૩૫ ટેસ્ટ, ૭૪ વન-ડે અને ૧૦૨ ટી-૨૦ રમ્યો છે. તેણે કુલ ૭,૪૦૦થી પણ વધુ રન બનાવ્યા છે તેમ જ સ્ટમ્પ્સની પાછળથી કુલ ૨૩૫ શિકાર કર્યા છે.



૩૦ વર્ષના સ્પિન-ઑલરાઉન્ડર સલમાન અલી આગાને ચારેય ટીમમાં સામેલ કરાયો છે અને તે વાઇસ-કૅપ્ટન તરીકે નિયુક્ત થયો છે.

ઑસ્ટ્રેલિયાના પ્રવાસ બાદ ઝિમ્બાબ્વેમાં મર્યાદિત ઓવર્સની જે બે શ્રેણી રમાશે એ માટેની ટીમ પણ ઘોષિત કરાઈ છે. નવાઈની વાત એ છે કે પીસીબીએ કૅપ્ટનની પસંદ વિના સાંજે આ ચારેય શ્રેણી માટેની ટીમ જાહેર કરી દીધી હતી.

ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે અને ટી-૨૦ સિરીઝથી બાબર આઝમ, શાહીન શાહ આફ્રિદી અને નસીમ શાહ રાષ્ટ્રીય ટીમમાં કમબૅક કરી રહ્યા છે. તેમને ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી બે ટેસ્ટમાં નહોતા રમાડવામાં આવ્યા. જોકે ઑસ્ટ્રેલિયાના પ્રવાસ પછી ઝિમ્બાબ્વેની જે ટૂર યોજાશે એ માટેની ટીમમાં આ ત્રણેય અનુભવી ખેલાડીઓને સામેલ નથી કરવામાં આવ્યા.

ઇન્ઝમામ-ઉલ-હકના ભત્રીજા ઇમામ-ઉલ-હક તથા ફખર ઝમાનને પીસીબીએ સેન્ટ્રલ કૉન્ટ્રૅક્ટમાં સામેલ નથી કર્યા. આ બન્નેને ચારેયમાંથી એક પણ ટીમમાં નથી સમાવવામાં આવ્યા.

તાજેતરમાં એસીસી ઇમર્જિંગ એશિયા કપની સેમિ ફાઇનલમાં હારી જનાર પાકિસ્તાન શાહીન્સ ટીમના વિકેટકીપરને પસંદ નથી કરવામાં આવ્યો, પણ જાન્યુઆરીમાં ન્યૂ ઝીલૅન્ડમાં એક ટી-૨૦ રમનાર વિકેટકીપર હસીબુલ્લા ખાનને ચારેય ટીમમાં સ્થાન અપાયું છે.

ચોથી નવેમ્બરે મેલબર્નમાં ઑસ્ટ્રેલિયા સામે પાકિસ્તાન જે વન-ડે રમશે એ ગયા વર્ષે ભારતમાં રમાયેલા વન-ડે વર્લ્ડ કપ પછીની પાકિસ્તાનની પ્રથમ વન-ડે કહેવાશે. ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં જ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી રમાવાની છે એ જોતાં પાકિસ્તાન હવે એ સ્પર્ધાની પૂર્વતૈયારી ઑસ્ટ્રેલિયા સામેની આગામી વન-ડે શ્રેણીથી શરૂ કરશે.

પાકિસ્તાનના ક્રિકેટરો ઝિમ્બાબ્વેમાં રમ્યા બાદ સાઉથ આફ્રિકામાં ત્રણેય ફૉર્મેટની સિરીઝ રમશે. ■

# ઈશાન કિશનના બિલ્ડર-પિતા પ્રણવ પાંડે જોડાયા જેડીયુમાં



પટનાઃ એક તરફ વિકેટકીપર-બૅટર ઇશાન કિશન ડોમેસ્ટિક ક્રિકેટમાં છેલ્લી પાંચ મૅચમાં ફટકારેલી બે સેન્ચુરીના પર્ફોર્મન્સના જોશ સાથે ઇન્ડિયા 'એ' ટીમની જોડે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયો છે ત્યાં અહીં ભારતમાં તેના પિતા પ્રણવ પાંડેના રાજકીય ફલક પર નવો વળાંક આવ્યો છે. તેઓ નીતિશકુમારની પાર્ટી જનતા દળ (યુનાઇટેડ)માં સક્રિયપણે જોડાયા છે.

જેડીયુના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા તેમ જ પ્રદેશ અધ્યક્ષ ઉમેશ કુશવાહાએ તેમને પાર્ટીનું સભ્યપદ આપ્યું છે. પટનામાં જેડીયુના કાર્યાલયમાં આયોજિત મિલન સમારોહમાં પ્રણવ પાંડેએ પોતાના કાર્યકરો સાથે મળીને પક્ષનું સભ્યપદ સ્વીકાર્યું હતું. પ્રણવ પાંડે પરિવાર સાથે પટનામાં રહે છે. પ્રણવ પાંડે બિલ્ડર છે અને પટનામાં એક મેડિકલ સ્ટોર પણ ચલાવે છે. એવું મનાય છે કે મુખ્ય પ્રધાન નીતિશકુમાર કદાચ પ્રણવ પાંડેને આગામી વિધાનસભા ચૂંટણીમાં નવાદા અથવા ઓબ્રા વિધાનસભા બેઠકની ટિકિટ આપશે.

જેડીયુ સાથે જોડાયા બાદ પ્રણવ પાંડેએ કહ્યું, 'નીતિશકુમારે બિહારને વિકાસના કાર્યોમાં વેગ આપ્યો છે. બિહારના લોકોનો જે વિકાસ થયો છે એ નીતિશકુમારને કારણે થયો છે. અમે આ પાર્ટીના સૈનિક છીએ અને અમે પાર્ટી માટે પૂરી નિષ્ઠાથી કામ કરીશું.' ■

# શૅરબજારમાં એક જ સપ્તાહમાં રોકાણકારોના ૨૧.૪૭ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર માટે ઓક્ટોબર મહિનો વાસ્તવમાં અશુભ રહ્યો છે. એક મહિના જેટલા સમયમાં મોટાપાયે વોલેટિલિટી વચ્ચે મંદીનું જોર વધ્યું છે. સમીક્ષા હેઠળના પાછલા એક જ સપ્તાહમાં રોકાણકારોના ૨૧.૪૭ લાખ કરોડ સ્વાહા થઇ ગયા છે.

શેરબજારમાં આટલા મોટા કડાકા પાછળ આ પાંચ કારણો જવાબદાર હોવાનું તારણ માર્કેટ નિષ્ણાતો આપી રહ્યા છે. જેમાં પ્રથમ ક્રમ એફઆઈઆઈની વેચવાલી છે. વૈશ્વિક અનિશ્ચિતતા અને ચીનમાં નીચા ભાવે રોકાણની નીતિ અપનાવી રહેલા વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી મોટાપાયે વેચવાલી નોંધાવી છે. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં વિદેશી રોકાણકારોએ રૂ. એક લાખ કરોડથી વધુની વેચવાલી નોંધાવી છે.

બીજુ મહત્ત્વનું કારણ એ છે કે, ચીને રાહત પેકેજ જારી કરતાં વિદેશી રોકાણકારો ભારતના બદલે ચીનના બજારોમાં રોકાણ કરવા આકર્ષિત થયા છે. ભારતીય શેરબજારમાં વોલ્યૂમ ખૂબ ઊંચા છે, જ્યારે ચીનમાં નીચા ભાવે ખરીદી કરવાની તક છે.

નવા પરિબળમાં કોર્પોરેટ ક્ષેત્રમા નબળા ત્રિમાસિક પરિણામા આવે છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં આઈટી, રિયાલ્ટી અને ઓટો કંપનીઓના પરિણામો એકંદરે અપેક્ષા કરતાં નબળા રહ્યા છે. આ સિવાય અન્ય ઘણી કંપનીઓએ નિરૂત્સાહી પરિણામો જાહેર કરતાં તેની અસર શેરબજાર પર જોવા મળી છે.

અમેરિકાની પ્રેસિડેન્શિયલ ચૂંટણી પણ બજાર પર અસર કરશે. અમેરિકામાં નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાવાની છે. જેમાં કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આકરી ટક્કર જોવા મળી છે. ઘણા ઓપિનિયન પોલમાં કમલા હેરિસ તો અમુક ઓપિનિયન પોલમાં ટ્રમ્પની જીત જોવા મળી છે. આ ઉપરાંત ફેડરલ દ્વારા પણ વ્યાજના દરમાં ઘટાડો થવાની અટકળોના પગલે રોકાણકારો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. આ વખતે કદાચ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ બજારને સૌથી વધુ નુકસાન પહોંચાડી શકે છે. ઈરાન અને ઈઝરાયલ, ઈઝરાયલ અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલની સેના ટૂંકસમયમાં ગાઝા સીઝ ફાયર ડીલ મુદ્દે ચર્ચા કરે તેવા અહેવાલો મળ્યા છે. જોકે, ઇરાન સાથે ફરી ઘમાસાણ યુદ્ધની સંભાવના પણ ચર્ચામાં છે.

વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસની નકારાત્મક અસર શેરબજાર પર થઈ છે.

ઊંચા વોલ્યૂમમાં પ્રોફિટ બુકિંગ પમ થઇ રહ્યું છે. સ્થાનિક સ્તરે ભારતીય શેરબજાર પાછલા નવ મહિનાથી સતત વધી રહ્યા છે. વોલ્યૂમ ખૂબ ઊંચા થયા છે. જેના પગલે રોકાણકારો વેચવાલી નોંધાવી પ્રોફિટ બુક કરી રહ્યા છે. દિવાળી ટાણે કેટલાક રોકાણકારો પોતાનો જૂનો માલ ખાલી કરી નવો માલ ખરીદવાની તૈયારીઓ કરતાં પણ જોવા મળ્યા છે. માર્કેટના નિયમ મુજબ, ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી જારી તેજી વચ્ચે મોટુ કરેક્શન જરૂરી છે. ■

# શૅરબજારે સંવત ૨૦૮૧માં અનેક પડકારો પાર કરવા પડશે, વિશ્વયુદ્ધના ભણકારા વચ્ચે સેન્ટિમેન્ટમાં સાવચેતી રહેશે

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઈઃ શેરબજારમાં બરાબર દિવાળીને ટાંકણે રોકાણકારો માટે મોકાણના સમાચારો આવી રહ્યાં છે, એક તરફ ચાઇનીઝ ફેક્ટરને કારણે વિદેશી ફંડો એકધારી વેચવાલી કરીને બજારને તોડી રહ્યાં છે તો બીજીતરફ ઇઝરાયલ અને ઇરાન વચ્ચે ફરી ઘમાસાણ યુદ્ધના વાવડ બજારના સેન્ટિમેન્ટને તોડી રહ્યાં છે. આ યુદ્ધમાં અમેરિકા અને રશિયા જેવા સુપર પાવર જોડાતા વિશ્વ યુદ્ધની પરિસ્થિતિ સર્જાવાના પણ ભણકારા સંભળાઇ રહ્યાં છે. ટૂંકમાં શેરબજારે સંવત ૨૦૮૧માં અનેક પડકારો પાર કરવા પડશે, વિશ્વયુદ્ધના ભણકારા વચ્ચે સેન્ટિમેન્ટમાં સાવચેતી રહેશે.

શેરબજારને હાલ અને તાત્કાલિક ધોરણે અસર કરનારા પરિબળો જોઇએ તો તેમાં અમેરિકામાં ચૂંટણી, ચીનમાં આર્થિક સુધારા, તહેવાર દરમિયાન વ્યવસાયિક પ્રવૃતિ, યુએસ બોન્ડ યીલ્ડની કામગીરી, ક્રૂડ ઓઈલના ભાવની વધઘટ અને એફઆઇઆઇના વલણનો સમાવેશ કરી શકાય.

આ પરિબળો ભારતીય ઇક્વિટી બજારોમાં અસ્થિરતા પેદા કરે તેવી સંભાવના છે, જે આ ઘટનાઓના આધારે બંને દિશામાં પ્રતિક્રિયા આપી શકે છે. નજીકના ગાળામાં નવી ઘટનાક્રમોને ધ્યાનમાં લેતા, અમૂક મૂડી ફાળવણી ચીન તરફ વળી શકે છે. જો કે, બજારના સાધનો એવો વિશ્વાસ વ્યકત કરી રહ્યાં છે કે તેમને ભારતીય ઇક્વિટી માર્કેટની લાંબા ગાળાની વૃદ્ધિમાં વિશ્વાસ છે. અલબત્ત, વર્તમાન ઊંચા વેલ્યુએશન પર વધુ વૃદ્ધિ માટે મર્યાદિત અવકાશ છે. કોર્પોરેટ ક્ષેત્રની કંગાળ કામગીરી બજારના માનસને વધુ ખરડી રહી છે.

દિવાળી પર મુહૂર્ત ટ્રેડિંગ સાથે નવું વિક્રમ સંવત ૨૦૮૧ની પહેલી નવેમ્બરથી શરૂઆત થશે. વૈશ્વિક ધોરણે રેટ કટ સાયકલ વચ્ચે આ નવી સીઝનની શરૂઆત થશે. યુએસ ફેડ રિઝર્વે તેની ૨૪ સપ્ટેમ્બરની મીટિંગ દરમિયાન વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે અને ૨૦૨૪માં જ વધુ બે રેટ કટના સંકેત આપ્યા છે. આ ઉપરાંત ૨૦૨૫માં ચાર વખત રેટ કટની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આરબીઆઈ એ પણ તેની તાજેતરની મીટિંગમાં તમામ વ્યાજદર સ્થિર રાખ્યા છે, જે દર્શાવે છે કે આગામી છથી નવ મહિનામાં રેટ કટની અપેક્ષા રાખવામાં આવી શકે છે.

સંવત ૨૦૮૧ માટે, અમે ફુગાવાના વલણ અને વ્યાપક વૃદ્ધિ ગતિશીલતાને આધારે આરબીઆઈ દ્વારા એકાદ બે વખત રેટ કટની અપેક્ષા રાખી શકાય. કૃષિ પ્રવૃત્તિઓમાં સુધારા અને ગ્રામીણ વપરાશ માટેના સકારાત્મક દૃષ્ટિકોણને કારણે રિઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકા જાળવી રાખ્યો છે.

વધુમાં જૂનથી સપ્ટેમ્બર સુધીની ચોમાસાની મોસમ દરમિયાન વરસાદ લાંબા ગાળાની સરેરાશ કરતાં ચાર ટકા વધારે હતો અને સમગ્ર દેશમાં જળાશયમાં પાણીનું સ્તર ગયા વર્ષ કરતાં વધુ છે. આ સાનુકૂળ પરિસ્થિતિથી ગ્રામીણ અર્થતંત્રને ફાયદો થવાની અપેક્ષા છે. આ વર્ષે મજબૂત રવિ પાકની શક્યતાઓ વધશે.

જોકે, વિદેશી ફંડોની વેચવાલીને બ્રેક લાગવી આવશ્યક છે. પાછલા સપ્તાહે એફઆઇઆઇની સતત વેચવાલી સાથે કોર્પોરેટ જાયન્ટ કંપનીઓના નફાના ધબડકા વચ્ચે સેન્સેક્સ ૮૦,૦૦૦ની નીચે ઘુસી ગયો છે. સપ્તાહના અંતિમ સત્રમાંએક તબક્કે બીએસઈના માર્કેટ કેપિટલમાં અંદાજે રૂ. ૧૦ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું અને નિફ્ટી પણ ૨૪,૧૦૦ની નીચે સરકી ગયો હતો.

બજારના સાધનો અનુસાર શેરબજારને ગબડવા માટે અનેક કારણ એકત્રિત અને મોજૂદ છે. આ કારણોમાં કોર્પોરેટ ક્ષેત્રની બીજા ક્વાર્ટરની નબળી કમાણી અને એફઆઈઆઈની વેચવાલી ઉપરાંત યુએસ બોન્ડની ઊંચી ઉપજ અને મજબૂત ડોલર, યુએસ ચૂંટણી પહેલાની સાવચેતીનું માનસ અને આક્રમક રેટ કટની સંભાવનાઓ ધૂંધળી થઈ જવાની સંભાવનાનો સમાવેશ છે. હવે તેમાં ઇરાન અને ઇઝરાયલના યુદ્ધમાં વધુ તીવ્રતાની સંભાવના ઉનેરી શકાય.

બજારના સાધનો અનુસાર સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)ની લેવાલીને કારણે બજારમાં મોટો કડાકો ટળી રહ્યો છે, પરંતુ વિદેશી ફંડોની વેચવાલીને કારણે સેન્ટિમેન્ટ પર ખરાબ અસર જોવા મળી છે. એનએસડીએલના ડેટા અનુસાર એફઆઇઆઇએ ઓક્ટોબર અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડથી વધુ શેરો ભારતીય બજારમાં ઠાલવ્યા છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં અંદાજે ૨૫ અબજ ડોલર એટવે કે લગભગ રૂ. ૨.૨૩ લાખ કરોડના શેર એફઆઇઆઇએ વેચી નાંખ્યા છે. બજારના અપટ્રેન્ડનો કોર્પોરેટ કમાણીની વૃદ્ધિના ડાઉનટ્રેન્ડ સાથે મેળ ના બેસતો હોવાથી બજારમાં દરેક ઉછાળે વેચવાલી જોવા મળી રહી છે, જે નજીકના ગાળાના બજાર માળખાને, સેલ ઓન રેલીમાં ફેરવે છે. ટેકનિકલ નિષ્ણાતે ચાર્ટને આધારે એવી આગાહી કરી છે, કે નિફ્ટી બેન્ચમાર્ક ટૂંકાથી મધ્યમ ગાળામાં વર્તમાન સ્તરોથી વધુ ૧,૦૦૦ પોઈન્ટ નીચી સપાટીએ ગબડીને ૨૩,૩૦૦ પોઇન્ટના સ્તરે જઈ શકે છે, કારણ કે બેન્ચમાર્કમાં તાજેતરના ઊંચા સ્તરથી બોલાયેલા ધબડકાને કારણે હાલતુરત સેન્ટિમેન્ટ મંદીવાળાની તરફેણમાં ફેરવાઈ ગયું છે. ■

# કોર્પોરેટ ક્ષેત્રની સપ્ટેમ્બર ત્રિમાસિક કામગીરી નબળી, કંપનીઓની આવક વૃદ્ધિ ચાર વર્ષમાં સૌથી ધીમી

મુંબઈઃ વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતીય કંપનીઓની આવક વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૫-૭ ટકા સાથે ચાર વર્ષમાં સૌથી મંદ જોવા મળવાની ધારણાં છે. ભારતીય કંપનીઓની કુલ રેવેન્યુમાં અંદાજે વીસ ટકા હિસ્સો ધરાવતી બાંધકામ ક્ષેત્રની કંપનીઓની સ્થિર કામગીરીને કારણે એકંદર આવક વૃદ્ધિ પર અસર જોવા મળી રહ્યાનું ક્રિસિલના એક રિપોર્ટમાં જણાવાયું છે.

ઔદ્યોગિક કોમોડિટીસ ક્ષેત્રમાં ઘટાડા અને ઈન્વેસ્ટમેન્ટ સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં નરમ વૃદ્ધિની પણ કંપનીઓની એકંદર આવક પર અસર જોવા મળી છે. એજન્સીના નિરીક્ષણ હેઠળના ક્ષેત્રોમાં સંયુકત રીતે ૩૮ ટકા હિસ્સો ધરાવતી ઔદ્યોગિક કોમોડિટીસ, ઈન્વેસ્ટમેન્ટ અને બાંધકામ સાથે સંકળાયેલા ક્ષેત્રની કંપનીઓની આવક વૃદ્ધિ માત્ર એક ટકો રહી છે, જેને કારણે એકંદર કામગીરી પર અસર જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

લિસ્ટેડ માર્કેટ કેપનો લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવતી ૪૩૫ કંપનીઓની એનાલિસિસને આધારે આ રિપોર્ટ તૈયાર કરાયો છે. જૂન ત્રિમાસિકમાં આ કંપનીઓની સંયુકત આવક વૃદ્ધિ ૮.૩૦ ટકા રહી હતી. આવક તથા નેટ પ્રોફિટમાં વૃદ્ધિમાં ધીમી પડવાનું કારણ મંદ માગ હોવાનું બીજા ત્રિમાસિક ગાળાના આવી રહેલા પરિણામો પરથી સંકેત મળી રહ્યા છે.

કંપનીઓના નેટ વેચાણમાં સાધારણ વધારો જોવા મળી રહ્યો છે. ક્રિસિલના નિરીક્ષણ હેઠળની જે કંપનીઓની આવક વૃદ્ધિ ધીમી જોવાઈ રહી છે, તેમાં મુખ્યત્વે વીજ ક્ષેત્ર, બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલ સ્ટીલ, સિમેન્ટનો સમાવેશ થાય છે.

નિકાસ સેગમેન્ટસ સાથે સંકળાયેલી કંપનીઓની રેવેન્યુમાં પાંચ ટકા વૃદ્ધિ જણાઈ રહી છે. નિકાસ સેગમેન્ટમાં ફાર્મા કંપનીઓની કામગીરી સારી રહી છે, પરંતુ આઈટી સેવા ક્ષેત્રની કંપનીઓની રેવેન્યુમાં ૩-૪ ટકા સાધારણ વૃદ્ધિ દર્શાવી છે.■

# ભારતના ૯૩ ટકા ઉત્પાદકો એઆઇ અને રોબોટિક્સ તરફ વળ્યા

નવી દિલ્હીઃ દેશમાં અનેક ઉત્પાદકો હવે તેની ટકાઉ બિઝનેસ પ્રેક્ટિસ તેમજ આવકને વધારવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને રોબોટિક્સનો ઉપયોગ કરી રહ્યા છે તેવું કંઈના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર ૯૩% ભારતીય ઉત્પાદકો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહ્યા છે. મે અને જુલાઇ ૨૦૨૪ વચ્ચે પીડબલ્યુસી ઇન્ડિયા દ્વારા રિસર્ચ હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં ઓટોમોટિવ, સીમેન્ટ, કેમિકલ્સ, ઇન્ડસ્ટ્રીયલ ગુડ્સ, મેટલ્સ અને ટેક્સટાઇલ્સ સેક્ટરના ૧૮૦ સીનિયર એક્ઝિક્યુટિવ્સ પણ સામેલ છે. રિસર્ચ અનુસાર પચાસ ટકા ભારતીય ઉત્પાદકો આ વર્ષે ટકાઉ પ્રેક્ટિસમાં રોકાણને પ્રાથમિકતા આપી રહ્યા છે.

પીડબલ્યુસી ઇન્ડિયા અનુસાર ઇન્ડસ્ટ્રી ૫.૦ મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે મહત્વપૂર્ણ ક્ષણ દર્શાવે છે, જે માણસો અને એઆઇ, રોબોટિક્સ અને ઇન્ટરનેટ ઑફ થિંગ્સ વચ્ચે મહત્વપૂર્ણ સંબંધ દર્શાવે છે. રિપોર્ટ અનુસાર કેટલાક સેક્ટર્સ અન્ય સેક્ટર્સની તુલનાએ રોકાણના મામલે વધુ સક્રિય છે. જેમ કે સીમેન્ટ અને ઇન્ડસ્ટ્રીયલ ગુડ્સ સેક્ટર્સમાં, ૯૫ ટકા ઉત્પાદકો આ વર્ષે-આગામી વર્ષે રિયલ ટાઇમ ઇન્વેન્ટરી ટ્રેકિંગમાં રોકાણને પ્રાથમિકતા આપી રહ્યા છે. ઇન્ડસ્ટ્રી ૫.૦ની ક્ષમતાને વધારવા માટેની કંપનીઓની તૈયારી તેમજ તેમના ગ્રાહકો, વર્કફોર્સ, સપ્લાય ચેઇન, બિઝનેસ મોડલ્સ તેમજ ઇએસજી પ્રતિબદ્ધતાથી ૧ થી ૨ વર્ષોમાં તેમની આવકમાં સરેરાશ ૬.૪૨%નો વધારો જોવા મળી શકે છે. ઓટોમોટિવ અને મેટલ્સ એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું હતું કે ગ્રાહકો ઇવોનેટિવ પ્રોડક્ટ્સ તેમજ સેવા માટે પ્રીમિયમ ચૂકવવા માટે તૈયાર છે. જ્યારે ટેક્સટાઇલ અને ક્લોધિંગ સેક્ટરમાં એક્ઝિક્યુટિવ્સે નોંધ્યું હતું કે ગ્રાહકોએ ટકાઉ પ્રોડક્ટ્સ માટે પણ વધુ પ્રીમિયમ ચૂકવવાની તૈયારી દર્શાવી હતી. તે ઉપરાંત મોટા ભાગના ઉત્પાદકોએ ઇન્વેન્ટરીના સ્તરને લગતા મોનિટરિંગ માટે રોકાણને પ્રાથમિકતા આપી હતી.■

## સિટી ન્યૂઝ

# છેલ્લાં ૧૦ વર્ષમાં પ્રોજેકટો ફકત ભાજપ શાસિત રાજયોમાં જ આવ્યા નથીઃ જયશંકર

મુંબઈઃ વિદેશ પ્રધાન એસ જયશંકરે રવિવારે મહારાષ્ટ્રમાંથી ગુજરાત તરફ રોકાણ વાળવાના આરોપોને નકારી કાઢતા કહ્યું કે રોકાણકારોની તેમની ગણતરીઓ છે અને તેઓ સક્ષમ અને કાર્યક્ષમ કામગીરી કરનારી રાજ્ય સરકાર જોશે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં તમામ પ્રોજેક્ટ આવ્યા નથી, એમ જયશંકરે ૨૦ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા મુંબઈમાં ભાજપ કાર્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું.

કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સહિતના વિરોધ પક્ષોના નેતાઓએ વારંવાર આક્ષેપ કર્યો છે કે વિવિધ મોટા રોકાણ પ્રોજેક્ટ મહારાષ્ટ્રમાંથી પડોશી ભાજપ શાસિત ગુજરાતમાં ખસેડવામાં આવ્યા છે. તે અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જયશંકરે કહ્યું કે રોકાણકારોની પણ પોતાની ગણતરીઓ અને આકારણીઓ હોય છે. તેઓ કાર્યક્ષમ અને અસરકારક રાજ્ય સરકાર જોશે. કેન્દ્રને દોષ આપતા પહેલા તમારી પોતાની યોગ્યતા પણ તપાસવી પડશે.

છેલ્લા ૧૦ વર્ષમાં તમામ પ્રોજેક્ટ ભાજપ શાસિત રાજ્યોમાં આવ્યા નથી, તેમણે કહ્યું. ભારત સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી અને બ્રાંડિંગ પર કામ કરે છે, પરંતુ તે રાજ્ય સરકારો છે જે આવનારા રોજગાર અને રોકાણ માટે નિર્ણય લેશે, સ્પર્ધાત્મક સંઘવાદ દેશ માટે સારો છે એમ તેમણે ઉમેર્યું હતું. ■

### ૨૬/૧૧ના હુમલાનો ભારત તરફથી જવાબ અપાયો નહીં

જયશંકરે મુંબઈમાં પત્રકારોને જણાવ્યું હતું કે, આપણે મુંબઈમાં જે બન્યું તેનું પુનરાવર્તન ન કરવું જોઈએ. ત્યાં આતંકવાદી હુમલો થયો હતો અને કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નહોતી. મંત્રીએ કહ્યું કે, મુંબઈ ભારત અને વિશ્વ માટે આતંકવાદ વિરોધનું પ્રતીક છે. જ્યારે ભારત યુએન સુરક્ષા પરિષદનું સભ્ય હતું, ત્યારે તે આતંકવાદ વિરોધી સમિતિની અધ્યક્ષતા કરી રહ્યું હતું. અમે આતંકવાદ વિરોધી પેનલની બેઠક એ જ હૉટેલમાં યોજી હતી જે આતંકવાદી હુમલાનો ભોગ બની હતી, તેમણે ઉમેર્યું. જયશંકરે કહ્યું, લોકો જાણે છે કે ભારત આતંકવાદ સામે મજબૂત રીતે ઊભું છે. આજે અમે આતંકવાદ સામે લડવામાં અગ્રણી છીએ.

# મહારાષ્ટ્રમાં સીટ વહેંચણી પર અખિલેશ યાદવ નારાજ

### મહાવિકાસ આઘાડીને આપી ચેતવણી

મુંબઇઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટે દરેક પક્ષ તેમના ઉમેદવારોની જાહેરાત કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ઈન્ડિ ગઠબંધન ભાગીદારો દ્વારા અખિલેશની પાર્ટી પર કોઈ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, શિવસેના-ઉદ્ધવ ઠાકરે અને એનસીપી-શરદ પવાર મહાવિકાસ આઘાડી (એમવીએ) ગઠબંધનનો ભાગ છે.

આ ત્રણેય પક્ષો ઈન્ડિ ગઠબંધન જોડાણમાં પણ ભાગીદાર છે, જેમાં સમાજવાદી પાર્ટી પણ એક ભાગ છે. તેમ છતાં, મહારાષ્ટ્ર ચૂંટણીમાં એમવીએ પક્ષો સીટ વિતરણમાં સમાજવાદી પાર્ટીની અવગણના કરી રહ્યા છે. હવે આ કારણે અખિલેશ યાદવની ધીરજ તૂટવા લાગી છે. અખિલેશ યાદવ મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણીથી ખુશ નથી.

અખિલેશ યાદવે સ્પષ્ટપણે કહ્યું છે કે એસપીની પ્રાથમિકતા એમવીએ સાથે ગઠબંધન કરવાની છે. તેમની પાર્ટીના મહારાષ્ટ્ર રાજ્ય અધ્યક્ષ સીટોની વહેંચણી નક્કી કરશે, તેઓ તે બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરવા તૈયાર છે જ્યાં તેમનું સંગઠન સક્રિય છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે રાજનીતિમાં બલિદાન માટે કોઈ સ્થાન નથી. જો અમને ગઠબંધનમાં બેઠકો નહીં મળે તો સમાજવાદી પાર્ટી તે બેઠકો પર એકલા હાથે લડશે જ્યાં અમારું સંગઠન અને સમર્થન છે.

આ પહેલા સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબુ આઝમીએ જણાવ્યું હતું કે અમે પણ ઇન્ડિ ગઠબંધન અને એમવીએનો ભાગ છીએ. અમે ઇચ્છતા નથી કે વોટોનું વિભાજન થાય. અમે ઇચ્છીએ છીએ કે એમવીએ જીતે. અમે એ પાંચ સીટ પર ઉમેદવારી કરવા માગીએ છીએ જ્યાં અમને વિશ્વાસ છે કે અમે ચૂંટણી જીતી શકીએ છીએ. જો અમને એ પાંચ સીટ પર ઉમેદવારી કરવા નહીં મળે તો અમે ૨૫ બેઠકો પર અમારા ઉમેદવારો ઊભા કરીશું. ■

# મહિલા સાથે ક્રૂરતાઃ થાણે કોર્ટે પાંચ જણને નિર્દોષ છોડ્યા

થાણેઃ મહિલા સાથે ક્રૂરતા અને ગર્ભપાતના પ્રયાસના આરોપનો સામનો કરી રહેલા પાંચ જણને થાણે જિલ્લાની કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે આરોપનામામાં પાંચેય જણ વિરુદ્ધ પુરાવાનો અભાવ છે.

એડિશનલ સેશન્સ જજ વસુધા એલ. ભોસલેએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે પુરાવા વિના આરોપનામું દાખલ કરવાથી કોર્ટમાં કેસ પડતર રહે છે અને કોર્ટનો સમય વેડફાય છે. પુરાવા વિના આરોપનામું દાખલ કરવાથી અદાલતો પર દબાણ વધે છે. આવા વ્યવહારો બંધ કરી દેવાની જરૂર છે. આથી સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ આવી ઢીલી નીતિની તપાસ શરૂ કરવાની જરૂર છે. ચુકાદાની નકલ વધુ તપાસ માટે પોલીસ કમિશનરને મોકલવામાં આવે, એવું કોર્ટે આદેશમાં જણાવ્યું હતું.

કોર્ટે શાહરુમ ફકરે આલમ શેખ, ફકરે આલમ જૈતુલ આબદીન શેખ, નફિસા ફકરે આલમ શેખ, મરીમ ફકરે અને અલિયા ફકરે આલમ શેખને નિર્દોષ જાહેર કર્યા હતા. તપાસકર્તા પક્ષે કોર્ટને જણાવ્યું હતું કે પીડિત નજરાની મુલાકાત આરોપી શાહરુમ સાથે ૨૦૧૨માં થઇ હતી અને બાદમાં બંને રિલેશનશિપમાં રહેવા લાગ્યાં હતાં, જેને કારણે પીડિતા ગર્ભવતી બની હતી. આરોપીએ ગર્ભપાત કરવાનું સૂચવ્યું હતું અને તે પીડિતાને હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં મેડિકલ સ્ટાફે તેમને જણાવ્યું હતું કે ગર્ભાવસ્થા એડવાન્સ સ્ટેજ પર હોવાથી તેઓ ગર્ભપાત નહીં કરી શકે. દરમિયાન પીડિતાના ભાઇએ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ બંનેને પોતાના ઘરે બોલાવ્યા હતા અને લગ્ન કરી લેવાનું કહ્યું હતું. એ જ દિવસે બંનેએ લગ્ન કરી લીધાં હતાં. પીડિતાએ આરોપ કર્યો હતો કે સાસરિયાં તેને શારીરિક અને માનસિક ત્રાસ આપવા લાગ્યા હતા. જાન્યુઆરી, ૨૦૧૪માં પીડિતાએ બાળકીને જન્મ આપ્યો હતો. જોકે તેને ત્રાસ આપવાનું ચાલુ જ રહ્યું હતું. (પીટીઆઇ)■

# દક્ષિણ મુંબઈમાં ૧.૩૨ કરોડની રોકડ જપ્તઃ પાંચને તાબામાં લેવાયા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને પગલે લાગુ કરવામાં આવેલી આચારસંહિતા દરમિયાન શનિવારે દક્ષિણ મુંબઈમાં ૧.૩૨ કરોડની રોકડ પકડી પાડવામાં આવી હતી અને પાંચ વ્યક્તિને તાબામાં લેવાઇ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર દક્ષિણ મુંબઈમાં ભૂલેશ્વર બજારના ભોઇવાડા ખાતે પાંચ જણ શનિવારે રોકડ ભરેલી બેગ લઇને જઇ રહ્યા હોવાની માહિતી પોલીસને મળી હતી, જેને પગલે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવવામાં આવ્યું હતું.

દરમિયાન ચૂંટણી પંચ દ્વારા ફ્લાઇંગ સ્કવોડને ત્યાં મોકલવામાં આવી હતી અને રોકડ જપ્ત કરીને પાંચ જણને તાબામાં લેવાયા હતા. રોકડની જપ્તિનું શૂટિંગ કર્યા બાદ પાંચે જણને પૂછપરછ માટે વી. પી. રોડ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા.

આ અંગે આવકવેરા વિભાગને જાણ કરવામાં આવી હતી અને રોકડ ભરેલી બેગો તેમને હવાલે કરી દેવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# અપહૃત પત્નીને છોડી દેવાની વિનંતી કરનારા પતિ પર હુમલો

થાણેઃ થાણે જિલ્લામાં અપહરણ કરાયેલી પત્નીને છોડી દેવાની વિનંતી કરનારા પતિ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો.

ડોંબિવલી વિસ્તારમાં રહેનારા ફરિયાદીની પત્નીનું કેટલાક દિવસ અગાઉ આરોપીએ અપહરણ કર્યું હતું. આની જાણ થતાં ફરિયાદી શુક્રવારે આરોપીને મળ્યો હતો અને પત્નીને છોડી દેવાની વિનંતી કરી હતી.

દરમિયાન આરોપી રોષે ભરાયો હતો અને તેણે ફરિયાદી પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો.

ઘાયલ ફરિયાદીને સારવાર માટે હસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેણે આ પ્રકરણે માનપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ શનિવારે ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ભિવંડીમાં દીવાલ તૂટી પડતાં યુવકનું મોત

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં રાઇસ મિલની દીવાલ તૂટી પડતાં ૨૪ વર્ષના યુવકનું મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભિવંડીના અમનેપાડા વિસ્તારમાં યુવક રાઇસ મિલની દીવાલ પર ચડ્યો હતો અને ઇંટ હટાવી રહ્યો હતો ત્યારે અચાનક દીવાલ તેના પર તૂટી પડી હતી.

૨૪ ઑક્ટોબરે આ ઘટના બની હતી, જેમાં ઘાયલ થયેલા યુવકની ઓળખ અજય રાજુ મોરે તરીકે થઇ હતી.

મોરેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં બીજે દિવસે તેને ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆ દાખલ કરી તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# વરલીમાં વૃદ્ધ માતાની હત્યા કર્યા બાદ પુત્રનો આત્મહત્યાનો પ્રયાસ

મુંબઈઃ વરલી વિસ્તારમાં ૭૭ વર્ષની વૃદ્ધ માતાનું ગળું દબાવીને હત્યા કર્યા બાદ પુત્રે પોતાના ગળા પર શસ્ત્રના ઘા ઝીંકીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના બની હતી. માથે દેવું થવાથી પુત્રએ આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હોઇ વરલી પોલીસે પુત્ર સામે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર વરલીમાં એલ.આર. પાપન માર્ગ સ્થિત એસઆરએ સોસાયટીમાં શનિવારે રાતે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ લલિતા તિરુગન સંબનધહન તરીકે થઇ હોઇ તેના પુત્ર બાલશનમુઘમ કુપ્પુસ્વામી (૫૨)ની હાલ સારવાર ચાલી રહી છે.

વરલીમાં એસએઆરએ સોસાયટીમાં લલિતા સંબનધનહન રહેતી હતી, જ્યારે તેનો પુત્ર પેડર રોડ ખાતે હોસ્પિટલની નજીક પરિવાર સાથે રહે છે.

બાલશનમુઘમ છેલ્લા પાંચ-છ મહિનાથી બેરોજગાર હતો અને તેના માથે દેવું પણ વધી ગયું હતું, જેને કારણે માતા લલિતા સાથે પૈસાને લઇ વિવાદ થયો હતો.

બાલશનમુઘમ શનિવારે રાતે માતાને મળવા માટે વરલીમાં આવ્યો હતો, જ્યાં ફરી આ બાબતને લઇ તેમની વચ્ચે વિવાદ થતાં પુત્રએ ગળું દબાવીને માતાની હત્યા કરી હતી. બાદમાં પોતાના ગળા પર તેણે શસ્ત્રના ઘા ઝીંકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેને પગલે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. માતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ પોલીસે પુત્ર વિરુદ્ધ હત્યાના પ્રયાસો ગુનો દાખલ કર્યો હતો. ■

# ચોરીના ૪૦ મોબાઇલ, ડ્રગ્સ સાથે ચાર જણ પકડાયા

થાણેઃ પોલીસે ત્રણ મહિલા સહિત ચાર જણની ધરપકડ કરીને ચોરીના ૪૦ મોબાઇલ અને ડ્રગ્સ સહિત રૂ. ૨૦.૨૦ લાખની મતા જપ્ત કરી હતી. પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે શુક્રવારે સાંજે નવી મુંબઈના કોપરા ગામમાં રેઇડ પાડી હતી અને ચાર જણને તાબામાં લીધા હતા. પોલીસે તેમની પાસેથી ૩૨ ગ્રામ હેરોઇન અને ૪૦ મોબાઇલ જપ્ત કર્યા હતા. એપીએમસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ત્રણ આરોપી નવી મુંબઈના છે, જ્યારે ચોથી આરોપી મહિલા માનખુર્દ વિસ્તારમાં રહે છે અને ડ્રગ્સ સપ્લાય કરે છે. એક મહિલાનો પતિ ફરાર હોવાથી તેની શોધ ચલાવાઇ રહી છે. આરોપીઓ બસસ્ટોપ, રેલવે સ્ટેશનો સહિત જાહેર સ્થળોથી મોબાઇલ ચોરતા હતા. (પીટીઆઇ)■

# સૌરાષ્ટ્ર-કચ્છ કૉંગ્રેસનાં પ્રભારી રાજકોટના પ્રવાસેઃ ચૂંટણી અંગે કાર્યકરો સાથે ચર્ચા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી દિવસોમાં નગરપાલિકા અને પંચાયતની ચૂંટણી યોજાવાની છે. જેને પગલે કૉંગ્રેસ દ્વારા અત્યારથી તૈયારી શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ કૉંગ્રેસનાં પ્રભારી ભુપેન્દ્ર મારાવી કાર્યકરો સાથે ચર્ચા કરવા રાજકોટના પ્રવાસે આવી પહોંચ્યા હતા. જેમાં મીડિયા સાથે કરેલી વાતચીતમાં તેમણે આવનારી ચૂંટણીઓ પૂર્વે કૉંગ્રેસ સંગઠનમાં ધરખમ ફેરફારનાં સંકેતો આપ્યા હતા.

રાજકોટ આવેલા ભૂપેન્દ્ર મારાવીએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં આવનાર નગરપાલિકા ઉપરાંત પંચાયતની ચૂંટણીને પગલે તેઓ સૌરાષ્ટ્રનો પ્રવાસ કરી રહ્યા છે. જેમાં કૉંગ્રેસના અલગ-અલગ કાર્યકર્તાઓ અને નેતાઓ સાથે બેઠકો યોજવામાં આવી રહી છે. કૉંગ્રેસને વધુમાં વધુ મજબૂત બનાવવા માટે આ બેઠકમાં વિવિધ સમીકરણો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં ચૂંટણી પહેલા કૉંગ્રેસ સંગઠનમાં મોટા ફેરફાર થવાની શક્યતા છે અને ટૂંક સમયમાં નવા સંગઠન અંગે જાહેરાત કરવામાં આવી શકે છે.

સૌરાષ્ટ્ર કચ્છના કૉંગ્રેસના નેતાઓ તેમજ કાર્યકર્તાઓ સાથે બેઠકોનો દૌર ચાલી રહ્યો હોવાનું જણાવ્યું હતું તેમ જ બૂથ લેવલના કાર્યકરો સાથે મુલાકાત કરતા તેમાં ઘણા ઊર્જાવાન કાર્યકરો જોવા મળ્યા હોવાથી આગામી સમયમાં આવા કાર્યકરોને મહત્ત્વની જવાબદારી અપાય એવા સંકેતો આપ્યા હતા. ■



રાજકોટમાં દિવાળીના તહેવારની રંગેચંગે ઉજવણી શરૂ થઈ ગઈ છે. શહેરના બજારોમાં ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી રહી છે. રવિવારે સાંજે ધર્મેન્દ્ર રોડ પર મોટી સંખ્યામાં લોકો દિવાળીની ખરીદી કરવા માટે ઉમટ્યા હતા. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)

# પોરબંદરમાં ઋતુજન્ય રોગચાળો વકર્યોઃ સિવિલ હૉસ્પિટલની લોબીમાં સારવાર આપવાની નોબત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદર સહિત સમગ્ર રાજ્યમાં મિશ્ર ઋતુ ચાલી રહી છે, સવારે અને બપોરે ગરમી પડે છે અને રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે જેથી શરદી, તાવ, કળતર, ઉધરસ, ગળામાં ઇન્ફેક્શન, અશક્તિ લાગવી જેવો ઋતુજન્ય રોગચાળો વકર્યો છે.

પોરબંદરની ભાવસિંહજી સિવિલ હૉસ્પિટલ ખાતે દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. રોગચાળાના કારણે હૉસ્પિટલ ઊભરાઇ રહી છે અને વોર્ડ તેમ જ લોબીમાં બેડ પાથરી દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. ખાસ કરીને બાળકોમાં પણ રોગચાળો વકર્યો છે.

સિવિલ હૉસ્પિટલમાં અગાઉ ૮૦ થી ૧૦૦ બાળકોની ઓપીડી નોંધાતી હતી, જેમાં હાલ રોજના ૧૫૦ બાળકો સારવાર માટે આવી રહ્યા છે. સિવિલ હૉસ્પિટલમાં બાળકોના વોર્ડમાં ૩૦ બેડની સામે ૨૫ બાળક સારવાર લઈ રહ્યા છે. ■

# ગુજરાતના કૃષિપ્રધાને જામનગરના જોડિયા તાલુકામાં વરસાદથી થયેલા પાક નુકસાનીની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદને કારણે ખેડૂતોને પાક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. રાજ્ય સરકારે સહાય જાહેર કરી હોવા છતાં ખેડૂતો નિરાશ જોવા મળી રહ્યાં છે. ત્યારે રાજ્યના કૃષિપ્રધાન રાઘવજી પટેલે જામનગર જિલ્લામાં માવઠાના કારણે અસરગ્રસ્ત થયેલ જોડિયા તાલુકાના લખતર, ભાદરા, બાલંભા, રણજીતપર, હીરાપર વગેરે ગામોની મુલાકાત લઈ નુકસાનીની સમીક્ષા કરી સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

તેમણે રાજ્ય સરકાર દ્વારા સર્વેની કામગીરી વહેલી તકે પૂર્ણ કરી ખેડૂતોને નુકસાની અંગેની સહાય ચૂકવવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમણે જામનગરના જોડિયા તાલુકામાં વિવિધ સ્થળોએ ખેડૂતો તથા ગ્રામજનો સાથે બેઠક યોજી હતી. તેઓના સિંચાઈ, પાક ધોવાણ, પીવાના પાણીની સમસ્યા વગેરે બાબતોને લગતા પ્રશ્નો સાંભળ્યા હતા તેમ જ સત્વરે આ પ્રશ્નો અંગે કાર્યવાહી કરી તેનું નિરાકરણ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમણે ખેતીવાડી વિભાગના ઉપસ્થિત અધિકારીઓને ગામોનો સંપૂર્ણ સર્વે તાકીદે પૂર્ણ કરી ખેડૂતોને યોગ્ય સહાય મળી રહે તે મુજબ કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્ય સરકારે જાહેર કરેલી સહાયનો ખેડૂતોએ વિરોધ કર્યો હતો અને હેક્ટર દીઠ મળતી સહાયને વિઘા દીઠ આપવા માટે રજૂઆત કરી હતી. ■

# મોરબીના માળિયા મિયાણામાં જુથ અથડામણઃ ૨૪ લોકો સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લાના માળિયા મિયાણા શહેરમાં આવેલ વાગડિયા ઝાપા પાસે છોકરાઓની માથાકૂટ થઇ હતી અને તે માથાકૂટમાં બે પરિવાર સામ સામે આવી ગયા હતા. અને ત્યારબાદ બંને પક્ષેથી એક બીજા પર ફાયરિંગ કરવામાં આવ્યા હતા. જે બનાવમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે બંને પક્ષના દસ જેટલા લોકોને ઇજા પહોંચી હતી, જેથી તેમને માળિયા અને મોરબી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં, જે બનાવમાં બંને પક્ષેથી સામસામે ફરિયાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેના આધારે પોલીસે બે ગુના દાખલ કરી આરોપીઓને પકડવા માટે ચક્રોગતિમાન કર્યા છે. મળતી માહિતી અનુસાર, માળિયા મિયાણા શહેરમાં આવેલ વાગડિયા ઝાપા પાસે રાત્રે ફાયરિંગની ઘટના બની હતી. જે ઘટનામાં એક સગીર સહિત, અલી ઉમર જેડા, સલીમ સુભાન કટિયા, ફારુક હબીબ જામ, ગુલામ અલીઉમર જેડા, કાસમ હબીબ જામ, યુસુફ સબીર સંઘવાણી, મયુદિન ફારૂક જામ, હુસેન કાસમ જામ, હૈદર અલીમામદ જેડા, ખમીશા ઓસમાણ જેડા અને સિકંદર જાનમહમદ જેડાને ગંભીર ઇજા થતાં તેમને માળિયા અને મોરબી સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે સારવાર મળે તે પહેલા હૈદર અલીમામદ જેડાનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ સિકંદર જેડાને ગંભીર ઇજા પહોંચતા વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતાં. માળિયાના વાગડિયા ઝાપા પાસે જેડા અને જામ પરિવારના છોકરાઓ વચ્ચે બોલાચાલી અને માથાકૂટ ચાલતી હતી ત્યારબાદ બંને પક્ષેથી લાકડાના ધોકા વડે મારામારી કરવામાં આવી હતી અને બાદમાં બંને પક્ષેથી ફાયરિંગ કરવામાં આવ્યા હતા. જેમાં ઈજા પામેલા યુવાનો સહિતનાઓને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા જે બનાવ સંદર્ભે હાલમાં માળિયા મિયાણા પોલીસ સ્ટેશનમાં બન્ને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ■



રાજકોટમાં દિવાળી કાર્નિવલની ઉજવણીનો ૨૭ ઓક્ટોબરથી આરંભ થયો હતો. શહેરમાં ૩૧ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. રવિવારે કિસાનપરા ચોકમાં મનમોહક રોશનીનો શણગાર કરવામાં આવ્યો હતો. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)

# કચ્છમાં દિવાળીના તહેવાર પહેલા ભુજ, મુંદરા અને નખત્રાણામાં રાત્રિ કોમ્બિંગ હાથ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના પર્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે.

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જિલ્લાના તાલુકા મથકો પર નાઈટ કોમ્બિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પોલીસે રાત્રે બહાર નીકળતા લોકોની પૂછપરછ કરી હતી. તે ઉપરાંત કાયદાનું ઉલ્લંઘન કરતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પશ્ચિમ કચ્છના પોલીસ વડા વિકાસ સુડાએ જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ કામગીરી કરી રહી છે.

પોલીસ કર્મચારીઓ રાત્રે પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતા કે કાયદાનું ઉલ્લંઘન કરતાં લોકો સામે કાર્યવાહી કરવા ફરજ પર અડગ છે. પોલીસ દ્વારા રાત્રે પણ કોમ્બિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે તહેવારોના દિવસોમાં સતત ચાલુ રાખવામાં આવશે.

પોલીસ દ્વારા ભુજ શહેરમાં વીજ કચેરી નજીક જાહેર માર્ગ પર રાત્રિ કોમ્બિંગની કાર્યવાહી કરાઈ હતી, જેમાં પોલીસ દ્વારા એક વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તેવી જ રીતે મુન્દ્રા શહેરના પોર્ટ રોડ, ઝીરો પોઇન્ટ, શક્તિ નગર સહિતના વિસ્તારમાં પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમોની તપાસ કરી હતી. જિલ્લામાં ડ્રિન્ક એન્ડ ડ્રાઇવનો એક કેસ, પ્રોહિબિશનના બે કેસ, ધારદાર હથિયાર ધરાવતા ઈસમો સામે પાંચ કેસ સહિતના વિવિધ ૧૦ જેટલી ગુનાહિત પ્રવૃત્તિ સામે કાર્યવાહી કરાઈ હતી. ■

# રાજકોટમાં સદર પોલીસ ચોકીના બોર્ડમાં આગ લાગતાં દોડધામ, મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં રવિવારે બપોરે સદર પોલીસ ચોકીના બોર્ડમાં કોઇક કારણોસર આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયરવિભાગના જવાનોએ પાણીનો મારો ચલાવીને આગ બાજુમાં આવેલી ફટાકડાની દુકાન સુધી પહોંચે તે પહેલાં જ કાબૂ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રવિવારે બપોરે રાજકોટ શહેરમાં સદર પોલીસ ચોકીના બોર્ડમાં અચાનક આગ લાગતાં અફરાતફરી મચી જવા પામી હતી. જ્યાં આગ લાગી હતી તેની બાજુમાં જ ફટાકડાની દુકાન હોવાથી લોકોમાં ભય ફેલાયો હતો. આ ઘટનાની જાણ ફાયરવિભાગને થતાં જ એક ટીમ તાત્કાલિક રવાના થઈ હતી અને આગ ફટાકડાની દુકાનમાં ફેલાય તે પહેલાં જ પાણીનો મારો ચલાવીને કાબૂમાં લેવાઈ હતી.

આગ કાબૂમાં આવતાં જ આસપાસની ફટાકડાની દુકાનોના વેપારીઓએ રાહત અનુભવી હતી.

ફાયરવિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સદર પોલીસ ચોકીના બોર્ડમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. આ આગ લાગી ત્યારે લોકોમાં ફટાકડાની દુકાનમાં આગ લાગી હોવાની અફવા વહેતી થઈ હતી, જેથી ફાયરવિભાગની ટીમે બે ફાયર ફાયટરો સાથે રવાના થઈ હતી અને આગ વિકરાળ બને તે પહેલાં જ તેના પર કાબૂ મેળવી લેવાયો હતો. ■

# પાક નુકસાની માટેની સહાયમાં તળાજા પંથકનો સમાવેશ નહીં થતાં ખેડૂતોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેતરમાં ખેડૂતોના ઊભા પાકને નુકસાન થયું છે. રાજ્ય સરકારે ખેડૂતોને પાક નુકસાની માટે સહાય પણ જાહેર કરી છે. ત્યારે ભાવનગરના તળાજા પંથકમાં સરકારી ચોપડે વરસાદ ઓછો હોવાથી ખેડૂતોને સરકારની સહાય મળી નથી. રાજ્ય સરકારે જાહેર કરેલી સહાયમાં તળાજાનો સમાવેશ કરાયો નથી.

તળાજા પંથકમા સામાન્ય કરતા ઘણો જ વધુ વરસાદ વરસ્યો તેના પુરાવા સ્વયં કુદરત આપે છે.

તળાજા પંથકના અનેક વિસ્તારમાં વાવ અને કૂવા કાંઠે ઉભા રહીને સીંચણીયા વગર જ ખોબો ભરીને પાણી પી શકાય તેટલા એક મહિનાથી ઊંચા આવી ગયા છે. જે હજુ યથાવત્ છે.

પાક નુકસાની માટેની સહાયમાં તળાજા પંથકનો સમાવેશ નહીં થતાં ખેડૂતોમાં નારાજગી વ્યાપી ગઈ છે. ખેડૂતોનું કહેવું છે કે, અમારા પંથકમાં સામાન્ય કરતાં વધુ વરસાદ વરસ્યો છે. જળાશયોમાં પાણીની પુષ્કળ આવક થઈ છે તે છતાંય સરકારી ચોપડે ઓછા વરસાદની નોંધ કરાઈ છે. ખેડૂતો માટે તળાજા તાલુકા પંચાયતના ભાજપ અને કૉંગ્રેસના સભ્યો એક થઈને પાક નુકસાન થયાનું જણાવે છે પણ સરકાર તરફથી ખેડૂતોને સહાય ચૂકવાય તેવું કોઈ આયોજન કરાયું નથી. ■

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડમાં મિની વેકેશન જાહેરઃ સાત દિવસ સુધી તમામ કામો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોરાષ્ટ્રના માર્કેટ યાર્ડમાં જણસીની આવકો પણ વધી રહી છે, ત્યારે દિવાળીના સાત દિવસ સુધી તમામ માર્કેટયાર્ડમાં સાત દિવસનું વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ખાસ કરીને રાજકોટ, ગોંડલ, મહુવા-ભાવનગર, હાપા-જામનગર, પોરબંદર, નવાગંજ-પાટણ સહિતના માર્કેટિંગ યાર્ડમાં સાત દિવસ સુધી તમામ કામો બંધ રહેશે.

મળતી વિગતો મુજબ, રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરીને મિની વેકેશન જાહેરાત કરાઈ હતી. માર્કેટિંગ યાર્ડ આગામી ૩૦ ઑક્ટોબરથી ૫ નવેમ્બર સુધી બંધ રહેશે. લાભ પાંચમે યાર્ડ ખોલવામાં આવશે. શાકભાજી વિભાગ નવેમ્બર મહિનાની શરૂઆત એટલે કે ૧ થી ૫ નવેમ્બર સુધી બંધ રહેશે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૩૦ ઑક્ટોબરથી ૫ નવેમ્બર સુધી રજાઓ જાહેર કરાઈ છે. જ્યારે ૬ નવેમ્બરથી કામકાજ રાબેતા મુજબ શરૂ થશે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ૩૦ ઑક્ટોબરથી ૫ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. માર્કેટિંગ યાર્ડમાં તમામ કામો બંધ રહેશ અને આગામી લાભ પાંચમ બાદ યાર્ડ રાબેતા મુજબ શરૂ કરાશે. પોરબંદરના માર્કેટિંગ યાર્ડમાં અનાજ વિભાગ અઠવાડિયા સુધી અને શાકભાજી સહિત ફ્રૂટ વિભાગ બે દિવસ સુધી બંધ રહેશે તેવી જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૩૦ ઑક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન અનાજ વિભાગમાં હરાજીનું કામકાજ બંધ રહેશે. જે આગામી ૬ નવેમ્બરના લાભ પાંચમે શરૂ કરાશે, જ્યારે ફ્રૂટ વિભાગ સહિત શાકભાજી વિભાગમાં ૨-૩ નવેમ્બરે યાર્ડ બંધ રહેશે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૩૦ ઑક્ટોબરથી ૫ નવેમ્બર સુધી માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. ■

# દિવાળી શોપિંગના નામે ગાંધીધામ બોલાવેલા ખાસ મિત્રનું માસિયાઈ ભાઈ સહિત ચાર જણે ધોકા વડે ઢોરમાર મારી ઢીમ ઢાળી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના દેશલપર ગામના વતની અને માધાપર નજીક આવેલા રિસોર્ટના વેઈટર એવા ૨૬ વર્ષના યુવકને તેના ચાર મિત્રોએ છળકપટથી ગાંધીધામમાં બોલાવ્યા બાદ નિર્દયતાપૂર્વક ધોકા વડે માર મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે.

ચકચારી ઘટના ગત શનિવારના બપોરના અરસામાં બની હતી જેમાં ગાંધીધામના રમતગમત સંકુલના મેદાનમાં ગંભીર ઈજાથી કણસી રહેલો એક યુવક લોકોને નજરે ચઢ્યો હતો.

તેને શંકર અને નરેશે ધોકાથી માર્યો છે તેમ આ યુવક લોકોને કહી રહ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને સારવાર માટે લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે રસ્તામાં જ છેલ્લા શ્વાસ લીધા હતા.

હતભાગી ભુજના દેશલપર ગામનો હોવાનું અને પોતાનું નામ પાર્થ ચંદુલાલ મહેશ્વરી હોવાનું જણાવ્યું હતું.

પાર્થના શરીર પર દેખીતી ઈજા કે ઉઝરડાં યા લોહી નીકળ્યું હોવાના કોઈ નિશાન નહોતાં. તેના મૃત્યુ અંગે જાણ થતાં જ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ ઈન્સપેક્ટર એમ.ડી. ચૌધરી અને તેમની ટીમ તુરંત એક્શનમાં આવી ગઈ હતી અને તુરંત બે શકમંદને દબોચી લીધાં હતાં.

મરણ પામનાર પાર્થ અપરિણીત હતો. તે ગાંધીધામ મહેશ્વરીનગરમાં રહેતાં માસિયાઇ ભાઈઓ શંકર રામજી મહેશ્વરી અને મુંદરાના મોટી ભુજપુર ગામના નરેશ દેવરાજ ધુવાનો ખાસ મિત્ર હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, શંકર અને નરેશની ત્રીજી માસીની દીકરી જોડે પાર્થને પ્રેમ સંબંધ હતો.

આ સંબંધ મુદ્દે પાર્થને ઠપકો આપ્યો હતો. પરંતુ, પાર્થે એક આરોપીની ફોઈની દીકરી જોડે પણ સોશિયલ મીડિયા પર ચેટીંગ કરવાનું શરૂ કરી દીધું હતું.

પાર્થને સબક આપ્યા વગર તે નહીં જ સુધરે તેમ માનીને નરેશ અને શંકરે તેને ગાંધીધામમાં બોલાવીને માર મારવાની યોજના બનાવી હતી જેમાં તેમણે ગાંધીધામના મહેશ્વરીનગરમાં રહેતાં પ્રેમ જીંજીયા અને નિખિલ ઊર્ફે નિક ભર્યા નામના અન્ય બે મિત્રોને સામેલ કર્યાં હતાં.

પાર્થને દિવાળીના કપડાંની ખરીદીની બહાને ગાંધીધામ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના મેદાનમાં બોલાવી ચારે જણે તેને મુઢ માર તથા ધોકાથી ઢીબી નાખ્યો હતો.

આ હુમલામાં ફેફસાં સહિતના અંગોમાં પાર્થને ગંભીર ઈજા થઈ હતી. પોલીસે ગુનાહિત ષડયંત્ર ઘડીને હત્યા કરવા સબબ ચાર સામે ફરિયાદ દાખલ કરી છે. ■

# ભાવનગરમાં ૨૯ ઓક્ટોબરે ભગવાન ધન્વંતરીનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ૨૯ ઓક્ટોબર મંગળવારે સવારે ૮થી ૧૨ દરમિયાન આયુર્વેદ અધિષ્ઠાતા દેવ વૈદ્ય ધન્વંતરી ભગવાનનો પ્રાગટ્ય ઉત્સવ ત્રયોદશી જયંતી અંતર્ગત ધન્વંતરી ભગવાનની મહાપૂજા, અભિષેક, મહાઆરતી, અમૃત કળશકુંભ સ્થાપના, પાટોત્સવ વિષ્ણુયજ્ઞ તથા મહાનુભાવોનું સન્માન સહિતના ધન્વંતરી વંદનાના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેનું આયોજન ધનવંતરીપાર્ક આયુર્વેદ ઉદ્યાન સહકારી હાટ, વાઘાવાડી રોડ, ભાવનગર જિલ્લા વૈદ્યસભા તથા આઈ. એસ.એમ પી. પી. ડોકટર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, રાજકીય આગેવાનો, આયુ.ચિકિત્સકો, તજજ્ઞવૈદ્યો, ડોકટરો, સહિતના વિશેષ ઉપસ્થિત રહેશે.

ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન ડૉક્ટર્સ એસોસિએશન આઈ. એસ. એમ. તથા સહયોગી સંસ્થા ભાજપા ડોક્ટર સેલ ભાવનગર શહેરના ઉપક્રમે આગામી ૨૯મી ઓક્ટોબરને મંગળવારે ધનતેરસના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ કલાકે શિવ શક્તિ હોલ ખાતે ભગવાન ધનવંતરીનું શાસ્ત્રોત વિધિ મુજબ પૂજન અર્ચન કરવામાં આવશે. તેમજ ડૉક્ટર સભ્યોના પ્રતિભાવંત સંતાનોનો સરસ્વતી સન્માન સમારંભ સાથોસાથ નેશનલ આયુર્વેદ ડેની ઉજવણી કરવામાં આવશે.

તદુપરાંત એસોસિએશનના શુદ્ધ આયુર્વેદ પ્રાઇવેટ પ્રેક્ટિસ કરતા આયુર્વેદ નિષ્ણાતોનો વૈદ્ય વંદના સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ■